RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue : 10, Year: 68, January, 2022, Pages: 52, Price Rs. 7.00




આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

# સશક્ત, સમૃધ્ધ ઝાલાવાડી સ્થા. જૈન સભાની વિકાસગાથા

## શ્રીમતી હંસાબેન આશકરણભાઈ શાહ સેનેટોરિયમ - માથેરાન




વિશાળ જગ્યા પર આકાશ અને ધરતીને, વૃક્ષોને તથા પર્ણોને,
વહેતી હવા અને પંખીઓના કલરવને...
પ્રકૃતિના તમામ રમ્ય રૂપોને માણવાનું મજાનું સ્થળ એટલે **માથેરાન...**
લાલ, ગોરાડુ પાંચ એકરની જમીન પર ફેલાયેલું આપણું
**માથેરાન સેનેટોરિયમ** અનેક વૃક્ષોથી આચ્છાદિત છે.
તમામ વાહનો પર પ્રતિબંધ હોવાથી પ્રદૂષણ મુક્ત સ્વચ્છ હવા ને
નિતાંત શાંતિની સુખદ્ અનુભૂતિ અહીં થાય છે.
બાળક્રિડાંગણ, અદ્યતન સુવિધાથી સજ્જ દસ રૂમો તથા ભોજનાલયમાં
ચા-નાસ્તો તથા બન્ને સમયનું સ્વાદિષ્ટ ભોજન ઉપલબ્ધ છે.







### માસિક પ્રત્રિકાના તંત્રીઓ

| | | |
|---|---|---|
| ૧ | શ્રી ખીમચંદ મગનલાલ વોરા | ૧૯૫૫ થી ૧૯૭૬ |
| ૨ | શ્રી કેશવલાલ મગનલાલ શાહ | ૧૯૫૫ થી ૧૯૮૦ |
| ૩ | શ્રી રમણલાલ વીરચંદ શેઠ | ૧૯૭૬ થી ૧૯૯૯ |
| ૪ | શ્રી કાંતિલાલ હરિલાલ વકીલ | ૧૯૭૭ થી ૧૯૯૯ |
| ૫ | સુશ્રી સંધ્યાબેન બિપિનભાઈ શાહ | ૧૯૯૭ થી..... |

BIO-DATA

# HILORI AMIT SHAH



| | | |
|---|---|---|
| DATE OF BIRTH | : | 01/12/1996 |
| PLACE OF BIRTH | : | MUMBAI |
| HEIGHT | : | 5'2" |
| NATIVE PLACE | : | SURENDRANAGAR |
| CASTE | : | ZALAWADI DASHA SHRIMALI STHANAKWASI JAIN |
| QUALIFICATION | : | DIPLOMA IN FASHION DESIGNING (NIRMALA NIKETAN POLYTECHNIC) |
| PROFESSION | : | FASHION INFLUENCER & STYLIST |
| HOBBIES | : | TRAVELLING, DANCING, COOKING & BAKING |
| Email | : | hilori129@gmail.com |

## FAMILY DETAILS

| | | |
|---|---|---|
| FATHER | : | AMIT PRAVINCHANDRA SHAH M : 9869036173 |
| FATHER'S BUSINESS | : | OWNS A FOOD COMPANY, "VARDHAMAN FOOD THERAPY" |
| MOTHER | : | MALLIKA AMIT SHAH |
| MOTHER'S BUSINESS | : | PARTNER IN VARDHAMAN FOOD THERAPY |
| SIBLING | : | MEET AMIT SHAH (younger brother) |
| RESIDENTIAL ADDRESS | : | 38, 2nd FLOOR, GYAN NAGAR, L. T. ROAD, BORIVALI (WEST), MUMBAI – 400 092. |

## PATERNAL DETAILS

| | | |
|---|---|---|
| GRAND FATHER | : | SHRI PRAVINCHANDRA BHIKHALAL SHAH M : 98692 47941 |
| GRAND MOTHER | : | LATE SMT. JAYABEN PRAVINCHANDRA SHAH |
| FIYA | : | DEEPABEN BIPINKUMAR SHETH (GHATKOPAR) |
| UNCLE | : | KAMAL PRAVINCHANDRA SHAH |

## MATERNAL DETAILS

| | | |
|---|---|---|
| GRAND FATHER | : | CHHABILDAS KASTURCHAND SHETH (NAGNESH) M : 98193 33832 |
| GRAND MOTHER | : | JAYABEN CHHABILDAS SHETH |
| MAMA | : | BHAVESH CHHABILDAS SHETH (GHATKOPAR) RUPESH CHHABILDAS SHETH (GHATKOPAR) |

Advt.

## BIO-DATA

# MIRAJ DEEPAK SHAH

**Date of Birth**
**April 5th, 1993**



**Time**
9.40 am

**Place**
Vile Parle (West)
Mumbai

**Height**
5' 8"

**Complexion**
Fair

**Religion**
Deravasi Jain

**Preference**
H1-B Visa
Green Card, Jain

**Residential Address**
A 302, Atharv Shagun,
South Pond Road,
Vile Parle West,
Mumbai (India)

**Education :**
Master in Computer Science
University of California Los Angeles (U.C.L.A)

Bachelor in Computer Engineering :
D J Sanghvi College of Engineering

**Profession :**

| | | |
|---|---|---|
| Working at | : | Goldman Sachs, San Francisco (C.A.) |
| Position | : | Tech Lead |
| Visa Status | : | H1B (Applied for Green Card) |
| Interests | : | Travelling, Hiking, Outdoor Activities, Foodie, Fitness |
| Email | : | mirajshah05@gmail.com |
| Phone | : | 949-294-4401 |

**Family Details**

| | | |
|---|---|---|
| Father | : | Deepak Kantilal Shah (B.E. Civil) |
| Business | : | Bhoomi Associates (Builder) |
| Contact | : | +919820065439 |
| Mother | : | Rupal Deepak Shah (B.Com) |
| Occupation | : | House Wife Contact :+919819365438 |
| Email | : | shahrupal30@gmail.com |
| Brother | : | Priyank Deepak Shah (M.S. in E.E) |
| Sister in law | : | Riddhi Priyank Shah (M.S) |
| Settled | : | San Francisco USA |
| Grand Father | : | Kantilal M. Shah |
| Uncle | : | Ameet K. Shah (Vile Parle) |
| Maternal Uncle | : | Paresh R. Vora (Andheri), Mehul R. Vora (Kansas - USA) |

Advt.

**VISITING INDIA IN JANUARY 2022 - TILL 31ST JANUARY 2022**

## BIO-DATA

### Personal Details



**Name** : CA Kushal Ajmera

**Age** : 26 years **D.O.B** : 27th September, 1994

**Weight** : 71kgs **Height** : 5.9''

**Birth Time / Place :** 3:03pm, Mumbai (Borivali)

**Caste** : Zalawadi Dasha Shrimali Sthanakwasi Jain **Native :** Rangpur

**Contact** : +61 403 235 809

**Current Residential Address :** 2902/45 Clarke Street, Southbank, Victoria (Melbourne, Australia)

**Hobbies / Passion :** Working out at the gym, travel, read books, try different cuisines & hiking.

### Educational Details

- **Master Of Business** (Monash University, Melbourne, Australia)
- **Chartered Accountant** (India)
- **CPA Australia**
- **Chartered Financial Analyst** (USA) (Level II cleared)
- **Bachelors Of Commerce** (Mumbai, India)

**Occupation Fund Manager** at The Coaching Institute (Melbourne, Australia)

### Family Background

**Paternal**

**Father** : Vijay Punamchand Ajmera (Businessman) (+91 9821164350)

**Occupation** : Broker in Petrochemicals & Solvents (Ajmera Chemsol Services)

**Office Location** : 202/D Bhattad Tower, Opp. Kora Kendra ground, Borivali (W), Mumbai.

**Mother** : Manisha Vijay Ajmera (Home Maker) (+91 9773481728)

**Elder Sister** : Dr. Sneha Sagar Soni (Dentist) (+91 9619537117)

**Grandfather** : Punamchand Vadilal Ajmera

**Grandmother** : Sarojben Punamchand Ajmera

**Uncle** : Hitesh Ajmera (+91 92233 27999) Nimesh Ajmera (+91 80972 35948)
Himanshu Ajmera (+91 92234 33445)

**Maternal**

**Grandfather** : Jitendra Bhikhalal Mehta

**Uncle** : Kirti Ajmera (+91 98211 18041) Hitesh Shah (+91 93240 89855)
Yogesh Shah (+91 98200 48494)

**Aunty** : Alka Kirti Ajmera ( +91 96198 57011)

**Permanent Residential Address :** 303, Madhuban CHSL, 51st road T.P.S III, Borivali (W), Mumbai.

Advt.

## BIO-DATA

ૐ શ્રી મહાવીરાય નમઃ

# Kavish Milan Shah



**D.O.B : 27TH APRIL 1993**
**CURRENTLY IN AUSTIN, TEXAS - USA**

| | | |
|---|---|---|
| Date of Birth | : | 27 April 1993 |
| Birth Time & Place | : | 10:30 am, Vashi, Navi Mumbai |
| Height | : | 6.2' |
| Religion | : | Zalawadi Visha Shrimali Digambar Jain (Shree Kanjiswami) |
| Native Place | : | Limbdi, Gujarat. |
| Qualifications | : | Master of Science (MS), Electrical Engineering San Jose State University, California. Bachelor of Engineering (B.E.), Electronics and Telecommunication - K. J. Somaiya, Ghatkopar |
| Occupation | : | Hardware Verification Engineer, Arteris IP |
| Visa Status | : | H1B - USA |
| Interests | : | Soccer, Exploring new places, Movies. |
| Contact | : | +1 669-252-6927, Austin, Texas, USA |

## FAMILY DETAILS

**Father** : Milan H. Shah, +91 9820039489
milanshah_59@yahoo.co.in
Past President - JJC Navi Mumbai
Past President - Lions Club of Nerul

**Business** : Milan Prime Properties
Vashi, Navi Mumbai.

**Mother** : Rita M. Shah, (Homemaker)

**Elder Sister** : Mirali M. Sheth (Married)
(Graphic Designer - Freelancer)

**Brother-in-Law** : Mihir Piyush Sheth - Mihir Estate Consultancy, 9920828510

**Grand Father** : Late Shri Himatlal Vrajlal Shah

**Residence** : 501/502, Ratna Sagar CHS, Plot no.58, Sector-29, Opp. Goldcrest School, Vashi, Navi Mumbai - 400703

## PATERNAL DETAILS

1. Late Vinaychandra H. Shah
Ahmedabad - 9825252202
2. Nitin H. Shah,
Chinchpokli - 9833088012
3. Nalin H. Shah,
Andheri - 9820020719
4.Mahendra H. Shah,
Vashi, Navi Mumbai.

**Faiba** : 1. Rasila Kanakkumar Shah
Kandivali - 9322284837
2. Late Ila Tarunkumar Vasani
Malad - 9820386323

## MATERNAL DETAILS

Nana : Late Shri Rasiklal Chunilal Shah
(Chunilal Laxmichand Shah Family) Wadhwan, Gujarat

Nani : Late Smt. Savitaben Rasiklal Shah

Mama : Jasmin R. Shah,
Raj Optics, Navi
Mumbai -
9833698540

**VISITING INDIA FROM 6TH FEB 2022 - 5TH MARCH 2022**

Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩


**માસિક પત્રિકા**

જાન્યુઆરી ૨૦૨૨
વર્ષ : ૬૮ : : અંક : ૧૦
: તંત્રી :
સંધ્યાબેન બિપિનભાઈ શાહ
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણચંદ્ર જી. શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો.: ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન :૦૨૨–૩૫૭૪૦૮૧૧
: ફક્ત પત્રિકાનું લવાજમ :
એક વર્ષના રૂપિયા ૪૦૦/– + 5%
ત્રણ વર્ષના રૂપિયા ૧૦૦૦/– + 5%
છૂટક નકલ રૂા. ૭/–

**મુખપૃષ્ઠ આવરણ**
જૈન મંદિર ખજુરાહો, મધ્ય પ્રદેશ

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*



સાહેબ, સાચી સંગત દેજો.
પડછાયાની જેમ અમારી પડખે પળપળ રહેજો.
ક્યાં ક્યારે ને કેમ ઊગીએ એ પીડા છે મોટી,
સાચો ઘાટ ઘડે સૌ એવી આપો સ્હેજ હથોટી;
હાથ અને હૈયું લંબાવી એમ ગોદમાં લેજો.
ડગલે પગલે પગમાં આખા રસ્તાઓ અટવાતા,
વરસાદી વાદળના અમને અર્થ નથી સમજાતા;
ભીનપવરણું ઝરણું થઈને રગરગમાં જઈ વહેજો.
સાહેબ, સાચી સંગત દેજો.

નીતિન વડગામા

# આપણું અમૃતમય અસ્તિત્વ

**ચંદ્રકાન્ત શેઠ**

જેવી પંચધાતુની પ્રતિમા એવો પંચતત્ત્વનો બનેલો આપણો આ પિંડ. પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશથી એ ઘડાયેલો ને વિકસેલો. આપણો તેથી જ નાળસંબંધ – સહજસંબંધ આ પંચતત્ત્વો સાથે.

માટી આપણા મૂળમાં. આપણને માટી ખપે ચોખ્ખીચણક. પ્રદૂષિત ધરતીની માટી ન ચાલે. આપણને તો જોઈએ ગોપિકાની ગોરસીના માખણ જેવી માટી. એમાં આપણાં મૂળિયાંને જેટલું ઊંડે ઊતરવું હોય એટલું ઊતરે અને માટીમાં જ્યાં જ્યાં એમને વિસ્તરવું હોય ત્યાં વિસ્તરે. ન કોઈ બાધા, ન કોઈ બંધન. આપણી અંદરના રસેશ્વર – રાસેશ્વર માટે તો ધરતી જ રાધા!

આ ધરતીની રાધા તો જળજમુનાના જાદુનીયે જાણતલ. એની જમના પ્રદૂષિત જરાયે નહીં. એનું જળ એવું સ્વચ્છ, એવું પારદર્શક કે એને જોતાં ચશ્મેશાહીનું સ્મરણ થાય. આપણો છોડ કંઈ કૂવાનાં બંધિયાર પાણીથી ન ફાલેફૂલે. એને જોઈએ વહાલભરી વર્ષાનાં વહેતાં ને વિસ્તરતાં જળ. આપણે કંઈ તળાવમાં બંધિયાર પાણીથી આપણો ઘટ ન ભરીએ. આપણે તો આ ધરતીની રાધાને જ એવી આરાધીએ કે એ જ આપણા આ ઘટને જલજમુનાથી ઉભરાવીને આપણને ઠારે – તૃપ્ત અને પ્રસન્ન કરે.

આપણે તો યજ્ઞસ્વરૂપ ને અગ્નિસ્વરૂપ પણ ખરા! આપણા આ પિંડની વેદીમાં સતત પ્રજ્વલિત હોય છે બ્રહ્માગ્નિ. એ બ્રહ્માગ્નિથી જ ઝળહળતાં રહે છે આપણી આ આંખોનાં રતન! આપણે ધુમ્મસ કે ધુમાડામાં અટવાઈએ નહીં; છતી આંખે ગાંધારીપણું દાખવીએ નહીં; ધૃતરાષ્ટ્રને મોકળું મેદાન મળે એવું કશુંયે ન કરીએ. આપણે આપણી દૃષ્ટિને પારદર્શી ને શુભદર્શી કરીએ. આપણે તો તડકામાંથી પરમાત્માનાં 'પીતાંબર-પગલાં'ને પારખીએ ને એની ગતિવિધિને પામીએ.



આપણને આપણી અંદર જ ભૂમંડળના અજવાળાનું – દેવના ભર્ગનું દર્શન થાય, જો આપણે આપણું બંધિયારપણું - આપણી કુંઠિતતા નિવારીએ તો – જો આપણે આપણા ઉઘાડ બરોબર નો કરીએ તો. આપણી તો તમસમાંથી જ્યોતિ તરફ પહોંચાય એવી જ દિશા હોય. આપણે ખુલ્લા તો આપણું આખું જગત પણ ખુલ્લું! આપણાં વિચાર, વાણી તેમ જ વર્તનમાં પારદર્શકતા હશે તો સૌને આપણા અસલી ઉઘાડનો ખ્યાલ આવશે જ. સચ્ચાઈના પ્રકાશને કોઈ ધુમાડો કે ધુમ્મસ લોપી શકતાં નથી.

આપણને તો વાયુની લહેરે લહેરે બાહુને બંધ ન સમાય એવી પરમાત્માની વિરાટ હસ્તીનો સ્પર્શ થવો જોઈએ; આપણામાં અંતર્હિત પંખાળાપણાનીયે પ્રતીતિ આપણને થવી જોઈએ. આપણને જે કંઈ ફૂલની જેમ સાંપડ્યું છે તે એવું છે કે બંધિયારપણામાં ન વિલાય, બલકે ખુલ્લાપણામાં ખીલે. આપણી ફોરમને ફરવા ને ફેલાવા માટે મસ્ત ને મુક્ત હવા જોઈએ. આપણે આપણા જીવતરને હવા વિનાના શઢવાળી હોડી જેવું ન બનાવીએ. આપણું જીવતર પતંગ જેવું હોય; હવા મળે કે ઊડે. આપણો કોષેકોષ હર પળે પ્રાણવાયુથી સિંચાતો રહેવો જોઈએ. જેમ ઘરની દીવાલોને બારીઓ તેમ આપણને આપણી કાયાના કોટડામાં પણ એવી બારીઓ મળી છે, જેમાંથી તાજી હવા અને નિર્મળ ઉજાશ આવી શકે અને સ્વચ્છ આકાશનેય પામી આપણે મન ભરીને માણી શકીએ.

આપણે ધરતીના બાળ ખરાં, પરંતુ જેના માથે આકાશ છે એવી ધરતીનાં બાળ. જેમ સૂર અને શબ્દ સાથે મૌનનો તેમ ધરતી સાથે આકાશનો – અવકાશનોયે મહિમા છે. આકાશ આપણી ચેતનાના અબાધિત કે નિર્બંધ ગતિવિકાસનું દ્યોતક બની રહે છે. આ આકાશમાં જ વિરાટનો હિંડોળો ઝાકમઝોળ ઝૂલતો જોવાનો છે. આ આકાશમાં જ સોનાના પારણામાં ઝૂલતા સચ્ચિદાનંદની આનંદક્રીડાને નીરખવાનો અવસર લેવાનો છે.

આપણી મુક્તિ એટલે પૃથ્વી, જળ, અગ્નિ (તેજ), વાયુ તથા આકાશ સાથેની આપણી સગાઈની ઉજવણીનો ઉત્સવ. આપણે વિશ્વના છીએ ને વિશ્વ આપણામાં છે એની પ્રગાઢ અનુભૂતિમાં જ આપણો આત્મસાક્ષાત્કાર. એ પામીને આપણે આપણા અસ્તિત્વની અમૃતમયતાનો આસ્વાદ લઈએ અને જીવનની સાર્થકતાને સર્વથા પ્રતીત કરીએ.

❖❖❖




# જૈન પ્રતીક ચિહ્ન

જૈન ધર્મમાં વિવિધ પ્રતીકો છે, દરેક પ્રતીક એક ઊંડો અર્થ ધરાવે છે. ભગવાન મહાવીરના નિર્વાણની ૨૫૦૦મી વર્ષગાંઠ નિમિત્તે આ પ્રતીક જૈન ધર્મ તમામ સંપ્રદાયો દ્વારા અપનાવવામાં આવ્યું હતું.

પ્રતીકની રૂપરેખા બ્રહ્માંડની (લોક) વ્યાખ્યા કરવામાં આવે છે. પ્રતીકની નીચે ભાગ સાત નરનુ (નરકનું) પ્રતિનિધિત્વ કરે છે. બ્રહ્માંડની મધ્ય ભાગમાં પૃથ્વી અને ગ્રહોનો ઉલ્લેખ છે. પ્રતીકનો ઉપલો ભાગ દેવલોક છે. જૈન માને છે કે બ્રહ્માંડના તો કોઇ સર્જન કરી શકે છે ના તો તેનો નાશ કરી શકે છે, પણ તે તેના સ્વરૂપ બદલી શકે છે, તેના સિવાય તે હંમેશાં હતું અને હંમેશાં રહેશે.

પ્રતીકમાં ઊંચો હાથ (હિંસા) બંધ કરવાનો સંકેત આપે છે, ચક્રની મધ્યમાં શબ્દ ''અહિંસા'' છે. અહિંસા એટલે જેમાં હિંસા નથી. આ બે નિશાની વચ્ચે આપણે એક મિનિટ રોકાઈને કોઈ પણ કાર્ય કરતાં પહેલાં બે વખત વિચારવાનું કહે છે. આ પ્રતીક આપણી પ્રવૃત્તિની ચકાસણી કરવાનો સંકેત આપે છે અને ભૂલથી પણ શબ્દો, વિચારો અથવા ક્રિયાઓ દ્વારા કોઈને નુકસાન ન થાય તેની ખાતરી કરવા માટે કહે છે. હાથમાં આ ચક્ર દર્શાવે છે કે આપણે અગર કાળજી નથી લેતા અને આ ચેતવણીની અવગણના કરીને હિંસક પ્રવૃત્તિ ચાલુ રાખીએ તો પછી જેમ વ્હીલ ગોળ ગોળ જાય છે, એમ આપણે પણ જન્મ અને મરણના ચક્રમાં ગોળ ગોળ જવું પડે છે.

સ્વસ્તિકના ચાર હાથ જન્મ અને મરણના ચક્ર દરમ્યાન આપણે કોઈ પણ ચાર ભાવીમાં જન્મ થઈ શકે છે જેમ કે, દેવ, મનુષ્ય, પ્રાણી (પક્ષીઓ એ છોડ સહિત) અને રાક્ષસ. આપણો હેતુ જન્મ અને મરણના ચક્રમોથી મુક્તિ મેળવી મોક્ષ પામવાનો હોવો જોઈએ.

સ્વસ્તિક ઉપર ત્રણ બિંદુઓ જૈન ધર્મના ત્રણ ઝવેરાત રજૂ કરે છે, સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન, સમ્યક્ ચારિત્ર. આપણી પાસે આ ત્રણે હોવા જોઈએ, જેમ કે સાચું જ્ઞાન, સાચો વિશ્વાસ અને સાચું વર્તન તો જ આપણે મોક્ષ મેળવી શકીએ છે.


સાચું જ્ઞાન - શરીર અને આત્મા બેઉ અલગ છે, અને શરીર નહીં પણ આત્મા મોક્ષ મેળવી શકે છે.

સાચો વિશ્વાસ - સર્વ જ્ઞાની જિનેશ્વરની વાણીમાં સાચો વિશ્વાસ હોવો જોઈએ.

સાચું વર્તન - આપણાં કાર્યો દુન્યવી જોડાણ અને તિરસ્કારથી દૂર હોવા જોઈએ.

ટોચ ભાગ પણ જૈન બ્રહ્માંડના પ્રતીકની ઉપર અર્ધ ગોળ આકાર છે, આ અર્ધ ગોળ આકાર સિદ્ધ (મુક્ત આત્મા)નું રહેઠાણ રજૂ કરે છે. તે સિદ્ધશીલા તરીકે પણ ઓળખાય છે. તે મુક્ત આત્માઓનું અંતિમ વિશ્રામી સ્થળ છે. અર્ધ ગોળ આકાર ઉપર બિંદુ સિદ્ધ રજૂ કરે છે. આ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે એક આત્માએ બધા જોડાયેલ કર્મોનો નાશ કરવો પડે છે. દરેક જીવે મુક્તિ કે મોક્ષ પ્રાપ્ત કરવા માટે ભારે પ્રયત્ન કરવા જોઈએ.

❖❖❖



## ભગવાન મહાવીરનો સંદેશ

એક શિષ્યએ ભગવાન મહાવીર સ્વામીને પૂછ્યું.

'પ્રભુ ! મનુષ્યના અધ:પતનનું કારણ શું છે ? આત્માના ઉદ્ધાર માટે, મુક્તિ માટે શું કરવું ઘટે ?'

ભગવાને સામો પ્રશ્ન કર્યો. 'જો કોઈ કમંડળ ભારે હોય, તેમાં જળ ન ભર્યું હોય તો ખાલી કમંડળ નદીમાં ડૂબી જાય કે તરે ?'

શિષ્યએ કહ્યું : 'તરે.'

ભગવાને કહ્યું : 'તેમાં જમણી તરફ છિદ્ર થાય તો... ?'

શિષ્ય કહે, 'જમણી તરફ થાય કે ડાબી તરફ... તે અવશ્ય ડૂબી જાય.'

ભગવાને કહ્યું : 'બસ... તો જાણી લ્યો કે માનવ-જીવન પણ કમંડળની જેવું જ છે. જો તેમાં દુર્ગુણરૂપી છિદ્ર થાય એટલે તે ડૂબી જાય. ક્રોધ, લોભ, મોહ, અહંકાર, આ બધાં છિદ્રો છે. તે મનુષ્યને ડુબાડીને રહે છે. આમાંથી કોઈ એક પણ પ્રવેશ્યું તો ભવનો ફેરો ફોગટ થાય છે. એટલે આપણે સતત જાગ્રત રહીને, સાધના કરીને... જીવનરૂપી કમંડળમાં કોઈ છિદ્ર ન થાય તેનું ધ્યાન રાખવાનું છે... આકરું છે પણ અશક્ય નથી. આટલું થયું એટલે મુક્તિ નક્કી જ છે.'

# આપણી ઓળખ

➲ રાઘવજી માધડ ➲

દરેકને પોતાની આગવી ઓળખ હોય છે. આ ઓળખના આધારે તે ઓળખાતા હોય છે. દા.ત. મોર-કોયલ તેનાં કામણગારા કંઠથી, સિંહ તેની સાર્દુળી ડણકથી, લીમડો તેની કડવાશથી, ફૂલ તેની સુગંધથી, વીજળી તેના તેજલિસોટાથી... આમ દરેક પોતાની સ્વતંત્ર ઓળખ ધરાવતાં હોય છે અને આ ઓળખને ટકાવી રાખવી તે તેનું પરમ કર્તવ્ય બને છે અથવા તો ઓળખની સભાનતા તેને સતત માંજ્યા કરવી પડતી હોય છે.



આ સઘળી ઈશ્વરદત્ત ઓળખ છે. જન્મની સાથે જ આવિર્ભાવ પામતી હોય છે. તે તેને મૃત્યુપર્યન્ત વફાદાર રહે છે. આમ છતાં અપવાદ સર્જાય તો તે તેના અસ્તિત્વનું મોટું જોખમ કહી શકાય.

આ બાબતે માણસ માટે ઈશ્વરે પક્ષપાતી વલણ રાખીને થોડી છૂટછાટ આપી છે. માણસને વારસાગત ઓળખની સાથે આગવી ઓળખ ઊભી કરવાની વિશાળ તકો આપી છે. તેમાં સાવ સ્વતંત્ર રીતે પણ પોતાની ઓળખને ઊભી કરી શકે તેવી ભારોભાર શક્યતાઓ છે જેને ઈશ્વરની મહામૂલી દેન લેખી શકાય પણ બહુ ઓછાં લોકો આ બાબતથી જ્ઞાત હોય છે અને એટલે જ હોવાપણાના સુખને વીસરી, ન હોવાના દુ:ખે દુ:ખી થયા કરતાં હોય છે. પોતે જ ખુદ એક તેજપુંજ...ને છતાંય અડાબીડ અંધકારમાં અટવાયા કરતા હોય છે. પોતાને ઓળખ્યા-પિછાણ્યા વગર.

-ભૂખ્યો સિંહ શિકારની શોધમાં હતો. ત્યાં તેને ઘેટાંનું ટોળું નજરે ચઢ્યું. મોંમાં પાણી આવી ગયું અને એકસાથે બે-ત્રણ ઘેટાંનો શિકાર કરવાની ઈચ્છા સાથે લપાતો-છુપાતો આગળ વધવા લાગ્યો. થોડે દૂર ઝાડની આડશ લઈને ઊભો રહ્યો. દૂબળાં-પાતળાં ઘેટાં કરતાં, રાભડું ઘેટું નજરે ચઢે તો તરાપ મારવી... ત્યાં ટોળાંમાં સાવ જુદું જ પ્રાણી જોયું. સિંહ આંખનું મટકું મારવાનું પણ ભૂલી ગયો.

'અરે... આ તો સિંહનું બચ્ચું!?'

– બનેલું એવું કે, સિંહનું બચ્ચું જન્મતાની સાથે જ ખીણમાં ગબડી પડેલું અને ઘેટાંના ટોળામાં ભળી ગયેલું. તેની સાથે જ ઊછર્યું, તે ઘેટાં જેવી જ ક્રિયાઓ આચરે!

સિંહે શિકાર કરવાનું માંડી વાળ્યું. તેણે સિંહના બચ્ચાને ટોળામાંથી તારવી પોતાની સાથે લીધું : 'ચાલ મારી સાથે....'

બંને એક ઝરણાના કાંઠે આવ્યા.

સિંહે બચ્ચાને કહ્યું : 'પાણીમાં જો!'

સિંહના બચ્ચાએ પાણીમાં જોયું.

'હવે મારી સામે જો...'

બચ્ચાએ સિંહ સામે જોયું.

'હું વનનો રાજા સિંહ...'

'હેં...! તો તો હું પણ વનનો રાજા...!?'

અને તુરંત જ તેણે ડુંગરા ધણધણી ઊઠે તેવી ડણક દીધી.

આપણા માટે પણ આવું બનતું હોય છે. કદાચ આપણને આપણી સાચી ઓળખ ન હોય!

ચાલો, આપણે આપણને ઓળખીએ અથવા તો આગવી ઓળખ ઊભી કરીએ અને તેનો ગૌરવ અનુભવીએ.

❖❖❖

## જિંદગીનું શિક્ષણ

- કમાવા જઈએ ત્યારે...
  ૧ કરતાં ૨ મોટો ગણાય;
  સ્પર્ધામાં હોઈએ ત્યારે...
  ૨ કરતાં ૧ મોટો!
- દુ:ખ ઘણું છે એમ ના કહો,
  સહનશક્તિ ઓછી છે એમ કહો..
- સહેતા આવડી જાય, તો...
  રહેતા પણ આવડી જાય...
- આવક પૂરતી
  ન હોય ત્યારે ખર્ચમાં
  અને જાણકારી પૂરતી
  ન હોય ત્યારે ચર્ચામાં
  મર્યાદા રાખવી...
- મફતમાં તો કુદરતે પણ,
  કાંઈ જ નથી આપ્યું
  એક શ્વાસ લેવા માટે પણ,
  એક શ્વાસ છોડવો પડે છે.
- એક જ ભવમાં અનેક
  અનુભવ કરાવતી જિંદગી...
- કિનારે પહોંચવું
  એટલું સહેલું નથી,
  અહીં, સાગરના મોઢે પણ
  ફીણ આવી જાય છે.
- મજબૂત થવાની મજા
  ત્યારે જ આવે જ્યારે
  દુનિયા કમજોર કરવા
  જોર કરતી હોય.
- ભણતી વખતે જેટલી
  પરીક્ષા નહોતી આવતી એટલી
  ભણી લીધા પછી આવે છે,
  એ પરીક્ષાનું નામ છે, 'સંસાર'
- પોઝિટિવ વિચાર કરનારને
  કોઈ ઝેર મારી ન શકે
  અને
  નેગેટિવ વિચાર કરનારને
  કોઈ દવા બચાવી ન શકે.

### લાયન તારાચંદ બાપા હોસ્પિટલ – સાયનને અપાયેલું નવું નામ

# સી. યુ. શાહ મેડિકલ કોમ્પ્લેક્સ










૫૦ વર્ષથી સાયન - માટુંગા - ધારાવી વિસ્તારના લોકો માટે આશીર્વાદરૂપ બનેલી લાયન તારાચંદ બાપા હોસ્પિટલને દિવંગત પ્રમુખશ્રી સી.યુ. શાહે ૨૫,૦૦૦/- નું પહેલું દાન આપ્યું હતુ. વર્ષો વીતતા ગયા, કાર્યક્ષેત્રની સીમા વિસ્તરતી ગઈ. જરૂરિયાતો વધતી ગઈ તેમ આર્થિક સહાયની આવશ્યકતા ઊભી થઈ. લાયન અશોકભાઈએ મીનળબેનને હોસ્પિટલની મુલાકાત કરાવી. દર્દીઓની સુવિધા માટે મીનળબેને સી.યુ. શાહના નામથી પાંચ કરોડ રૂા. નું અનુદાન આપ્યું. સંપૂર્ણ ક્ષમતા સાથે સમાજની સેવા અને ગરીબ દર્દીઓને સહાય મળી રહે તેની કરુણાનું સાયુજ્ય થયું. હોસ્પિટલના પ્રમુખશ્રી, ટ્રસ્ટીઓ તેમ જ કારોબારી સમિતિએ આ પરિસરને સી.યુ.શાહ મેડિકલ કોમ્પ્લેક્સ નામ આપવાનું નક્કી કર્યું

૫ ડિસેમ્બર ૨૦૨૧ની સવારે વિખ્યાત કાર્ડિયાક સર્જન ડૉ કૌશલ પાંડે તથા સાયન હોસ્પિટલના ડીન ડૉ. મોહન જોષીના અતિથિ વિશેષપદે, પૂ. ભાઈશ્રી નલિનભાઈ કોઠારી (રાજ સોભાગ સત્સંગ મંડળ - સાયલા)ની નિશ્રામાં શ્રીમતી મીનળબેન રોહિતભાઈ પરિવાર તથા આમંત્રિતોની ઉપસ્થિતિમાં અત્યંત ગરિમાપૂર્ણ કાર્યક્રમ યોજાયો હતો. મહેમાનો, પૂ. ભાઈશ્રી તથા મીનળબેનના હસ્તે દીપ પ્રાગટ્ય થયા પછી ચેરમેન લાયન ડૉ. ભરતભાઈએ હોસ્પિટલના કાર્યોની વિગતવાર રજૂઆત કરી હતી. જનહિતના વિશાળ કાર્ય માટે આટલું મોટું અનુદાન આપનાર સી.યુ.શાહની તથા મીનળબેનની સરાહના કરી હતી. ડૉ. કૌશલ પાંડે તથા ડૉ. મોહનભાઈ જોષીના વક્તવ્ય ખૂબ પ્રભાવક રહ્યા. પોતાના સુખ સગવડની પરવા કર્યા વગર રાત-દિવસ દર્દીઓની સુખાકારી માટે અવિરત કાર્યરત બન્ને ડૉક્ટરોએ હોસ્પિટલના પ્રત્યેક કાર્યો માટેની જે તત્પરતા દર્શાવી તેના થકી આ અનુદાન ઊગી નીકળશે તેવી શ્રદ્ધા પ્રગટી.

પૂજ્ય ભાઈશ્રી મીનળબેન રોહિતભાઈ તથા અતિથિવિશેષશ્રીએ તક્તીનું અનાવરણ કર્યુ.

આ પ્રસંગે શ્રી સી.યુ. શાહની સેવાનો દીપ પ્રજ્વલિત રાખનાર મીનળબેને સંકલિત કરેલ. 'Bestowing Bountfulness' પુસ્તકનું પૂ. ભાઈશ્રીના વરદ્હસ્તે વિમોચન કરવામાં આવ્યું. પિતાના પંથે સમાજકલ્યાણનું ઉત્તમ કાર્ય કરતી વહાલયોયી પુત્રી પર




પિતાના આશીર્વાદ તો ઉતરે જ ને ! 'કોફી બુક' જેવા ક્લેવરમાં અત્યંત સુઘડ મુદ્રણમાં પ્રગટ થયેલા આ પુસ્તકમાં મીનળબેને દિલેર દાતા, દૂરદર્શી અને દીર્ઘદ્રષ્ટા શિક્ષણ અને તબીબી ક્ષેત્રે સંપત્તિનો પ્રવાહ વહાવનારા સી.યુ.શાહના જીવન અને કાર્યની જીવંત તસવીરો તથા તેમની સાથે સંકળાયેલા લોકોના સંદેશાઓ સંકલિત કર્યા છે. પિતાની પુણ્યસ્મૃતિને ઉજાગર કરવાના મીનળબેનનાં આ યશસ્વી કાર્યને સહુએ તાળીઓથી વધાવી લીધું.

મીનળબેને પોતાના વક્તવ્યમાં પૂજ્ય પિતા, ગુરુમા સદ્ગુણાબહેન તથા પૂજ્ય ભાઈશ્રી પ્રત્યે અહોભાવને આદર પ્રગટ કર્યો હતો. સમાજકલ્યાણનાં કાર્યોમાં પિતાના પંથે સતત ચાલવાની આકાંક્ષા પ્રગટ કરી હતી. લાયન તારાચંદ બાપા હોસ્પિટલના પ્રમુખશ્રી, ડૉક્ટરો તથા ટ્રસ્ટીઓ સાથેની સુસંવાદિતા વ્યક્ત કરીને દર્દીઓના નિરામય આરોગ્ય માટેની ભાવના ભાવી હતી.

પૂજ્ય ભાઈશ્રીએ આર્શીવચન આપતા જણાવ્યું હતું કે સદ્ગત સી.યુ શાહનો સમાજકલ્યાણનો તથા માતા ગુરુમૈયા - સદ્ગુણાબહેનનો આત્મકલ્યાણનો વારસો મીનળબેનને મળ્યો છે. તેમણે વધુમાં કહ્યું હતું કે આટલાં વર્ષોના અનુભવે સમજાયું છે કે સી.યુ. શાહની સંપત્તિ જ્યાં વપરાઈ હોય તે સંસ્થા અચૂક પ્રગતિ કરે. તેઓએ મનની શાંતિ, સત્ય, પ્રામાણિકતા અને મૂલ્યનિષ્ઠા જાળવવાની સહુને શીખ આપી હતી. સ્નેહભોજનને અંતે કાર્યક્રમનું સમાપન થયું હતું.

❖❖❖






''**સ**ત્યમેવ જયતે'' તે આપણું રાજસૂત્ર છે. સત્યનો મહિમા ઘણો ગવાયો છે. જે કંઈ છે તે બધું સત્યના આધારે ટકી રહ્યું છે (સત્યે સર્વ પ્રતિષ્ઠિત) તેવું પ્રાચીન દ્રષ્ટાઓએ કહ્યું છે. ઈશ્વર સત્ય છે તેવા પ્રચલિત સૂત્રને પલટાવીને મહાત્મા ગાંધીએ કહ્યું કે સત્ય જ ઈશ્વર છે. સત્યનો હંમેશાં વિજય થાય છે અને સાચું બોલનાર અથવા કરનારનો હંમેશાં જયજયકાર ગવાય છે. અસત્ય અથવા દુષ્ટ તત્ત્વોનો વિજય થતો દેખાય અથવા સાચક માણસ ત્રાસ વેઠી રહ્યાનું જણાય તે કેવળ કામચલાઉ અથવા ક્ષણિક હોય છે અને ગમે તેવી કસોટીમાં પણ સાચને આંચ આવતી નથી. આખરી વિજય તો સત્યનો જ થાય છે તેવું સૂત્ર આપણા ગણતંત્રના ધ્યાનમંત્ર તરીકે પસંદ કરવામાં આવ્યું છે.

વ્યવહારુ અનુભવ આ મત અથવા માન્યતાને ટેકો આપતો નથી. સત્યનો આખરે વિજય થાય છે તેમ કહેવાનો કશો અર્થ નથી. કારણ કે આખરે તો બધું માટીમાં મળી જવાનું છે અને સત્યનો જય થાય કે પરાજય થાય તેનું મહત્ત્વ નથી. વ્યવહારમાં અને ઈતિહાસમાં એટલાં બધાં અસત્યો અને ઢોંગધતુરા ચાલ્યાં છે અને ફાલ્યાંફૂલ્યાં છે કે આ ધ્યાનમંત્રની સચ્ચાઈ સહેલાઈથી નકારી શકાય. સત્યનો વિજય થશે જ તેની ખાતરી આપી શકાય તેમ નથી.

છતાં પણ આ ધ્યાનમંત્રનું મહત્ત્વ ઘટતું નથી. વાસ્તવિક જગતમાં સત્યનો વિજય થતો હોય કે ન હોય તે હકીકત ગૌણ છે. સત્યનો વિજય થશે જ તેવી શ્રદ્ધા રાખીને ચાલીએ તો આપણા વ્યક્તિત્વનું ઘડતર કરવામાં ઘણી મદદ મળે છે. સત્યનો જય થશે જ તે કેવળ આદર્શ હોય, કેવળ સ્વપ્ન હોય તો પણ અત્યંત ઉપયોગી તત્ત્વ છે. આદર્શો અથવા સ્વપ્નો વગરનાં માણસો અને પશુઓ વચ્ચે કશો તફાવત નથી. ઈશ્વરે માણસને પશુથી આગવો વેગળો ઘડવાની મહેનત ઉઠાવી છે. તે મહેનત નકામી જવા દેવી ન હોય તો 'સત્યમેવ જયતે'નો ધ્યાનમંત્ર સ્વીકારી લેવો આપણા વિકાસ માટે અનિવાર્ય બની જાય છે.

**- નગીનદાસ સંઘવી**



''સત્યથી ભિન્ન કોઈ પરમેશ્વર નથી
સત્યરૂપી સૂરજનું સંપૂર્ણ દર્શન
સંપૂર્ણ અહિંસા વિના શક્ય નથી
વ્યાપક સત્યનારાયણના પ્રત્યક્ષ દર્શનને સારુ
જીવમાત્રની પ્રત્યે
આત્મવત્ પ્રેમની પરમ આવશ્યકતા છે
આત્મશુદ્ધિ વિના
અહિંસાધર્મનું પાલન સર્વથા અસંભવિત છે
સત્યમય થવાને સારું અહિંસા
એ જ એક માર્ગ છે
પણ આ શુદ્ધિનો માર્ગ વિકટ છે.''

## એનું જીવન કાર્ય અખંડ તપો

એનું જીવન કાર્ય અખંડ તપો,
અમ વચ્ચે બાપુ અમર રહો;
એના જીવન મંત્ર સમો ચરખો,
પ્રભુ, ભારતમાં ફરતો જ રહો. ...૧
અમ જીવનમાં અમ અંતરમાં,
એની ઉજ્જ્વળ જ્યોત જ્વલંત રહો;
અમ દેશનાં દૈન્ય ને દુર્બળતા,
એની પાવક આતમ-જ્વાલ દહો. ...૨
એનો સત્યનો સૂર્ય સદાય તપો,
અમ પાપ નિરાશાના મેલ દહો;
એનાં પ્રેમ અહિંસાના પૂર પ્રભો,
અમ ભારતના સહુ ક્લેશ વહો. ...૩
એણે જીવતાં રામ સદાય રટ્યા,
એ તો રામ વદીને વિદાય થયા;
લઘુ માનવમાં મહિમા ભરવા,
નિજ લોહી અશેષ વહાવી ગયા.
એનું જીવન કાર્ય અખંડ તપો. ...૪

# ઉત્સવ ઉત્તરાયણનો

પ્રવીણ દરજી

ઉત્તરાયણ આવી, મહાપર્વો આમ આવે છે અને જાય છે. આ પર્વો વચ્ચે આપણો માણસ ક્યાં? આપણે ઉજવણી તો પર્વની જરૂર કરીએ છીએ પણ એની ડિઝાઈન બદલાઈ ગઈ છે. લાગે છે અંદરના ઉમળકાએ હવે વિધિવિધાનનું સ્થાન લીધું છે. પર્વને આનંદપર્વને બદલે વૈભવનું પ્રદર્શન બનાવી દઈએ છીએ. પર્વ સાથે સંકળાયેલી કથાઓથી, તેની સાથે જોડાયેલાં માહાત્મ્યોથી આપણે અને આપણી પેઢી ઘણી દૂર નીકળી ગયેલી જણાય છે. સમય બદલાય, સંજોગોમાં પરિવર્તન આવે, જીવનનો વિભાવ બદલાય એટલે કેટલુંક નવું આવે જ, એનો સ્વીકાર પણ કરવાનો હોય પણ એ બદલાવ એવો ન હોવો જોઈએ જે માણસને એના મૂળથી દૂર લઈ જાય. પર્વ સાથેના આપણા મજ્જાગત સંબંધો તૂટતા જાય છે. પર્વો જાણે હવે એક નિમિત્ત બની રહ્યાં છે. પર્વ ઉત્સવ જરૂર છે, પણ એ ઉત્સવો ભાવનાઓથી હર્યાભર્યા છે. એની પાછળ રહેલી ભાવનાઓથી એનું મૂલ્ય અંકાતું રહ્યું છે. ભાવના ગઈ તો પર્વો પછી નિષ્પ્રાણ ખોખાં જ બની રહે. ભલે પછી આપણે પર્વના નામે ધમાચકડી કેમ મચાવી મૂકતા નથી!

આજથી ત્રીસ-ચાલીસ વર્ષના સમયની પગલીઓ ખોળો. ઘરનાં સૌ વહેલી પરોઢે ઊઠી જાય, સ્નાનાદિ ક્રિયામાંથી પરવારી ઘરના છાપરા ઉપર, ટૅરેસ ઉપર, નદીકાંઠે, ટેકરીઆએ પર કે ખુલ્લામાં નીકળી પડે. ત્યારે પતંગો, દોર, કાપાકાપી, દોડાદોડી બધું જ હતું. પણ ત્યારે ઘેરેઘેરે બાજરીની ઘૂઘરી બનતી. ગોળ-ઘી નાખી વહેલી પરોઢે બહેનો ગાયને એનું ભોજન કરાવતી, ઘેર આવીને પછી એ ગરમ ગરમ ઘૂઘરીનો નાસ્તો થાય. ગરીબને દાન અપાય, નજીકનાં સગાંને, પડોશીનાં છોકરાંઓને પણ ત્યારે દાન આપવાનો મહિમા. તલસાંકળી, તલના લાડુ, સુખડી છૂટથી ખવાય, વહેંચાય. પતંગો ચઢે, કપાય પણ ગતિ સૌની આકાશભણીની, કારણ કે આપણી એક સમજ રહી હતી કે ઉત્તરાયણ એટલે સૂરજનાં વધામણાં, એનું



પૂજન-અર્ચન. આ દિવસે પૃથ્વી સૂર્ય તરફ પોતાની ધરીને નમતી રાખીને ફરે છે. તેની ગતિ દક્ષિણથી ઉત્તર પ્રતિની હોય છે. એ આખો છ માસનો ગાળો ઉત્તરાયણ લેખાય. સૂર્યની મકરરાશિ તરફની ચાલ એ મકરસંક્રાતિ. સૂર્યનું, સૂર્યપ્રકાશનું અહીં આજે વિશેષરૂપે સ્વાગત હોય છે. એ સ્વાગત માટે તેથી તો આપણે સાગમટે ઘરમાંથી બહાર નીકળી આવીએ છીએ, ઊંચે ચઢાય તેટલા વધુ ને વધુ ઊંચે ચઢીએ છીએ અને જ્યાં મર્યાદા આવી જાય છે ત્યાં એ સ્વાગત માટે આપણે આપણા સમગ્ર પરિવારના આનંદનું પ્રતિનિધિત્વ કરતા પતંગને ઊંચે ને ઊંચે આકાશમાં મોકલીએ છીએ. વધુમાં વધુ દોર છોડી બીજાના પતંગ કરતાં પણ આપણો પતંગ આગળ નીકળી જાય, સૂર્યનું સ્વાગત કરે, આકાશ સાથે વાતોએ વળગે એવું ત્યારે ઈચ્છીએ છીએ. મકરસંક્રાંતિ એ રીતે હૃદયસંક્રાંતિનું, પ્રકાશસંક્રાંતિનું પર્વ બની જતું હોય છે. એકતાની, આત્મીયતાની નવી ભાતો આ દિવસે એમ રચાતી હોય છે. પરસ્પરનો પ્રેમ દઢાતો હોય છે.

આજે આકાશદર્શન નથી રહ્યું, સૂર્યપ્રકાશના સ્વાગતનું પણ નથી રહ્યું. આપણે થોકબંધ પતંગો ખરીદી છે અને થોકબંધ પતંગો ચઢાવીએ છીએ તે બાજુના ધાબાવાળો માણસ જુએ, આપણી વાહ વાહ કરે, આપણા વૈભવથી અંજાઈ જાય બસ એ મકસદ હોય છે. હા. દોરીનો માંજો પણ ખાસ સૂરત પિવડાવ્યો છે એવું પણ કહીશું. સાંકળ આઠનાં પણ ગુણગાન ગાઈશું. હવે બીજા ધાબાના માણસો અને આપણા ધાબાના માણસો વચ્ચે પતંગોત્સવ નથી, પતંગસ્પર્ધા છે. મારો પતંગ ન કપાય, પણ પેલાનો તો હું કાપું જ - એવી ટૂંકી ગણતરીથી દોર આપીએ છીએ અથવા પાછો ખેંચી લઈએ છીએ. પર્વોને હવે લોકો રોકડાં કરી લેવા તરફ વળ્યા છે. પતંગો. દોર એક ધીકતો ધંધો થઈ ગયાં છે. ઊંધિયું અને જલેબી જેવી વાનગીઓ અનિવાર્ય બની ગઈ છે. ધાબા ઉપર નવરા પડેલા બીજું દિવસભર વાગોળ્યા કરે તે જુદું! સામાન્ય માણસ હવે આ પર્વો ઊજવી શકે તેવી સ્થિતિ રહી જ નથી. પર્વો બચ્યાં છે, પણ પર્વો પાછળની ભાવનાના લીરેલીરા ઊડી ગયા છે.

પર્વ આપણને આપણાં મૂળ તરફ વાળે, આપણને ભીતરથી વધુ પ્રકાશિત કરે, ઊંચનીચના, જ્ઞાતિ-વાડાના ભેદ ભૂલવે, પર્વ તરફની ભાવના વચ્ચે આપણને રોપી આપે – એ રીતે ઉજવણી કરવાનો સમય હવે આવી ગયો છે.

ચાલો, પર્વ પાછળના હાર્દને સમજીએ, તેના વિભાવને પકડીએ, સાદગીથી પણ ઉષ્માપૂર્ણ રીતે તેને ઊજવીએ અને એમ જીવનના સાચા આનંદને બેવડાવીએ. આપણું દરેક પર્વ સંસ્કારની એક એક નવી કૃતિ છે. પ્રકૃતિ અને માનવપ્રકૃતિ સાથે તેની પાકી ગાંઠ છે.

❖❖❖

*માતૃભૂમિ કાજે મરી ફીટનારા શહીદો ની સ્મૃતિમાં....*

# કોઈનો લાડકવાયો

**ઝવેરચંદ મેઘાણી**

રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે,
કેસરવરણી સમરસેવિકા કોમલ સેજ બિછાવે :
ઘાયલ મરતાં મરતાં રે
માતની આઝાદી ગાવે
કો'ની વનિતા, કો'ની માતા, ભગિની ટોળે વળતી,
શોણિતભીના પતિ-સુત-વીરની રણશય્યા પર લળતી.
મુખથી ખમા ખમા કરતી
માથે કર મીઠો ધરતી
થોકે થોકે લોક ઊમટતા રણજોદ્ધા જોવાને
શાહભાશીના શબદ બોલતા પ્રત્યેકની પિછાને
નિજ ગૌરવ કેરે ગાને
જખ્મી જન જાગે અભિમાને
સહુ સૈનિકનાં વહાલાં જનનો મળિયો જ્યાં સુખમેળો
છેવાડો ને એકલવાયો અબોલ એક સૂતેલો
અણપૂછયો અણપ્રીછેલો
કોઈનો અજાણ લાડીલો
એનું શિર ખોળામાં લેવા કોઈ જનેતા ના'વી,
એને સીંચણ તેલ-કચોળા નવ કોઈ બહેની લાવી :
કોઈના લાડકવાયાની
ન કોઈએ ખબર પુછાવી.
ભાલે એને બચીઓ ભરતી લટો સુંવાળી સૂતી,
સન્મુખ ઝીલ્યા ઘાવો મહીંથી ટપટપ છાતી ચૂતી :
કોઈના લાડકવાયાની
આંખડી અમૃત નીતરતી.
કોઈના એ લાડકવાયાનાં લોચન લોલ બિડાયાં,
આખરની સ્મૃતિનાં બે આંસુ કપોલ પર ઠેરાયાં :
આતમ-દીપક ઓલાયા
ઓષ્ઠનાં ગુલાબ કરમાયાં
કોઈના એ લાડકડા પાસે હળવે પગ સંચરજો,
હળવે એનાં હૈયા ઉપર કર-જોડામણ કરજો :
પાસે ધૂપસળી ધરજો
કાનમાં પ્રભુપદ ઉચ્ચરજો !
વિખરેલી એ લાડકડાની સમારજો લટ ધીરે,
એને ઓષ્ટ-કપોલે-ભાલે ધરજો ચુંબન ધીરે :



સહુ માતા ને ભગિની રે !
ગોદ લેજો ધીરે ધીરે !
વાંકડિયાં એ ઝુલ્ફાંની મગરૂબ હશે કો' માતા,
એ ગાલોની સુધા પીનારા હોઠ હશે બે રાતા :
રે! તમ ચુંબન ચોડાતાં
પામશે લાડકડો શાતા.
એ લાડકડાની પ્રતિમાનાં છાનાં પૂજન કરતી,
એની રક્ષા કાજે અહરનિશ પ્રભુને પાયે પડતી,
ઉરની એકાંતે રડતી
વિજોગણ હશે દિનો ગણતી
કંકાવટીએ આંસુ ઘોળી છેલ્લું તિલક કરતાં
એને કંઠ વીંટાયાં હોશે કર બે કંકણવંતા :
વસમાં વળામણાં દેતાં
બાથ ભીડી બે પળ લેતાં
એની કૂચકદમ જોતી અભિમાન ભરી મલકાતી
જોતી એની રૂધિર છલક્તી ગજ ગજ પહોળી છાતી
અધબીડ્યાં બારણિયાંથી
રડી કો' હશે આંખ રાતી.
એવી કોઈ પ્રિયાનો પ્રીતમ આજ ચિતા પર પોઢે,
એકલડો ને અણબૂઝેલો અગન-પિછોડી ઓઢે :
કોઈના લાડકવાયાને
ચૂમે પાવકજ્વાલા મોઢે.
એની ભસ્માંકિત ભૂમિ પર ચણજો આરસ-ખાંભી,
એ પથ્થર પર કોતરશો નવ કોઈ કવિતા લાંબી;
લખજો: 'ખાક પડી આંહીં
કોઈના લાડકવાયાની.'



# અંત વિનાની ગલી

ગિરીશ ભટ્ટ

**મ**ને એ સાંજે સાચો રસ્તો દેખાડનાર મળી ગયો. મેં પૂછ્યું ને તેણે બે ક્ષણ થોભીને કહ્યું : હનુમાન ઘાટ જાના હૈ ? બાબુજી, ઈસ ગલીમેં ચલે જાવ. બસ, એ પુણ્યકાર્ય કરીને તે ચાલતો થયો હતો. તદ્દન નિસ્પૃહી !

એ સમયે રસ્તા પર ભારે ભીડ હતી. માનવમહેરામણ ત્વરાથી ગંગાઘાટ પ્રતિ જતો હતો. ધસ્યે જતી ભીડને ગંગાસ્નાનની, આરતીદર્શનની તાલાવેલી હતી.

આ મોક્ષનગરીની મહત્તા શબ્દોથી વ્યક્ત થઈ શકે તેમ નહોતી.

અમે બે પરિવારો – હું ને યજ્ઞા, જુગલ ને સરિતા યાત્રાએ નીકળ્યાં હતાં.

અમારી દીર્ઘયાત્રાનું છેલ્લું સોપાન આ નગર હતું. એક દિવસ સુખરૂપ પસાર કર્યો હતો. આ બીજો દિવસ હતો ને રાતની ટ્રેનમાં તો સુરનગર જવા રવાના પણ થઈ જવાના હતા.

પ્રવાસ ખાસ કષ્ટદાયક નહોતો રહ્યો એ જુગલને કારણે. તે સરસ મૅનેજર હતો. ક્યાં નિવાસ કરવો, ક્યાં ક્યાં ફરવું, શું જોવું – એ બધું જ તેની ડાયરીમાંથી મળે.

પહેલી સવારે મણિકર્ણિકા ઘાટ પર ગંગાસ્નાન, પિતૃસ્નાન, દર્શન અને સાંજે કાશીવિશ્વનાથનાં દર્શન પામ્યાં હતાં.

હોટેલ હેવન કોઈ કલ્પિત સ્વર્ગથી ખાસ ઊતરતી નહોતી.

બીજી સવારે એ ત્રિપુટી – જુગલ, સરિતા ને યજ્ઞા બનારસની બજારોમાં નીકળી પડ્યાં હતાં ને મેં નિરુદ્દેશે ઘૂમવાનું પસંદ કર્યું હતું. મારો આ શોખ હતો.

ગઈ રાતે જુગલે આ નગરની ગાથા ગાઈ હતી : હરિહર, બનારસમાં જાણકારી ના હોય તો તમને લૂંટી લે એ લોકો. બનારસી સાડી બતાવે એક ને પૅક કરે બીજી ! ભાવ ડબલથી શરૂ કરે. શિવ ખરા ને જીવો પણ ખરાં !

અને હરિહર, બનારસની ગલીઓ પણ સાચવીને ચાલવા જેવી. વિશાળ પતિતપાવની ગંગા અને સાંકડી સાંકડી મોક્ષમાર્ગ સમી ગલીઓ. શું નથી બનારસમાં ?

જુગલે બનારસ વિશેની એક બાબત નહોતી જણાવી : નગરને તાણેવાણે ગંઠાયેલી ગંદકી. ગંદકી વિનાના નગરની કલ્પના ના થઈ શકે. તેની સોંસરવા જ મોક્ષનગરીને પામી શકાય એવી રૂઢ વ્યવસ્થા. તેને દૂર કરવા એક ગંગા ઓછી પડે.

અને ગંગામૈયા પણ મલિનરૂપા હતાં ને ? નગરવાસીઓને આ વાતનો જરા સરખોય ક્ષોભ નહોતો.

આટલું સત્ય સ્વીકારી લઈએ તો સુખ મેળવી શકાય, ને મેં એ મેળવ્યું.

કેટલું ઘૂમ્યો ? દરેક ઘાટે એની એ ગંગા નવા રૂપે દર્શન દે, પાસે જઈએ ને વહેતી ગંગા વહાલ વરસાવે, કોલાહલો, જયનાદો, શંખનાદોની પણ અલગ દુનિયા હતી. પાર વિનાની પ્રસન્નતા મળી.

જૂનાં-નવાં મકાનોની બાંધણી જોઈ, રસ્તા-ચોક-ચૌટાની અરાજકતા જોઈ.

વારંવાર યજ્ઞા યાદ આવી જાય, સ્મૃતિ દૂરની ભૂમિથી સાદ પાડે ને વિક્ષેપ પડી જાય.

બનારસને સાવ નજીકથી જોયું, જાણ્યું, માણ્યું. એક રોડસાઈડ ધાબામાં પરાઠા-સબ્જી-લચ્છીનું ભોજન આટોપ્યું.

મેદની તો અથાક, ગંગાઘાટો પ્રતિ ધસમસી રહી હતી.

અંતે ચરણો થાક્યાં, મન કંટાળ્યું ને ઘડિયાળમાં સાંજ દેખાઈ. ઓહ ! સાંજ !

ને હંગામી ઘર - હોટેલ હેવન અને કાયમી પાત્ર યજ્ઞા યાદ આવી ગયાં.

ને ભીડવાળી સડક પરના એક લબરમૂછિયા છોકરાએ માર્ગ બતાવ્યો : બાબુજી... ઈસ ગલી મેં જાઈએ.

ચમકી જવાયું : બનારસની ગલી ?

જુગલે શું કહ્યું હતું ? બીજો વિકલ્પ નહોતો. મેં ગલી ભણી પગલાં ભર્યાં હતાં.

હવે મારા ચિત્તમાં એ ગલી જ હતી.

સાંકડી ગલીમાં ખાસી અવરજવર હતી. મનુષ્યો, શ્વાનો ને સાઈકલોનો યાતાયાત.

સંકડાશ, ભીનાશ, ઝંખાતું અજવાળું અને મંદ થતો કોલાહલ.

એક એક ડગલું સાચવી સાચવીને ભરવાનું હતું. ખોંખારા ખાતા પુરુષો અને વસ્ત્રો સંકોરતી સ્ત્રીઓ વચ્ચે આગળ વધવાનું હતું.

સ્ત્રીઓ ક્યારેક ઘરેણાંઓના ચળકાટથી પરખાતી હતી.

માંડ ત્રણ ફૂટનો પટ સર્પાકારમાં આગળ વધે. ગંદકી તો વિશેષ. બંને તરફ નાની નાની હાટડીઓ, આડા પગથિયાવાળી ઓટલીઆએ ને મેડીવાળાં ઘરો. કેટલી ગીચતા ? એ હાટોમાં ફૂલો, ગજરા, લચ્છી, મિસરી, પ્રસાદ, પૂજાપો, યજ્ઞોપવીત ને મીઠાઈ વેચાય. હાટો એટલે ભીડ તો ખરી જ. ત્યાં ભાવની રકઝક થાય, તકરારો થાય ને ગાળીગલોચ પણ થાય.

બધી ગંધો – ફૂલોની, મીઠાઈ – મીસરીની, પ્રસ્વેદની અને ગંદકીની એકસાથે ભળી જતી હતી ને એક નવી બૂ રચતી હતી.

બેય તરફ ઓટલીઓ, ઝાંપલીઓ, રવેશો અને કામ કરતી સ્ત્રીઓ.

થયું : આ જ બનારસ. મૂળ બનારસવાસીઓ. સડકો ને ઘાટો પર તો શેષ ભારત !

ફાવી ગયું ચાલવાનું. એનો હરખ પણ થયો. વાહ, બનારસની ગલી – જુગલે ગણાવી એવી અરસિક તો નહોતી. તેનાં સુખો પણ હતા.

ને એકેય કષ્ટો ક્યાં આવ્યાં હતાં ?

પણ આ સુખ ના ટક્યું.

અચાનક ગોકીરો થયો, ગાયનું ધણ શીંગડીઓ ઉછાળતું, ખરીઓ ખખડાવતું પસાર થયું.

ચોંકી ગયો. માંડ માંડ એક ઘરની ઝાંપલી ઝાલી ને જાત બચાવી. તોપણ એક શીંગડી સ્પર્શી ગઈ હતી દેહ સાથે. પીડા થવા લાગી હતી.

આ – બનારસની ગલીની એક લીલા.

જન યાતાયાત શરૂ થઈ ગયો પણ હું ત્યાં ઊભો હતો. મન, તન કરતાં વિશેષ ચલિત થયું હતું.

ડાબી તરફ ગલી હતી, જમણી તરફ કોઈ ઘરનું અંધારું હતું અને ઝાંપલી ઝાલીને હું થોડા અજવાસમાં હતો. ત્યાં જમણી તરફથી એક સ્ત્રીસ્વર સંભળાયો હતો : આપ હરિ અંકલ તો નહીં ? સુરનગરવાલે ! વિસ્મય થયું કે બનારસ જેવા અજાણ્યા નગરમાં મને નામ દઈ બોલાવનાર કોણ ?

ઝાંપલી ખભા જેટલી ઊંચી, જાળીવાળી હતી. અંદરથી બંધ હતી. પ્રથમ અંધકાર અને તેની પાછળ આછો ઉજાશ હતો. એ ઉજાશમાં મને એક મંદિરનો આકાર કળાયો. પછી એક ઓળો નજીક આવતો કળાયો.

હા, તે જ મને સાદ પાડનાર પરિચિતા હતી.

મન ગતિમાં હતું : આ કોણ ? યજ્ઞા હોત તો ઓળખી જ લેત શબ્દો પરથી ! ક્યાં આવ્યો હતો ક્યારેય આ નગરીમાં ? પણ તે તો આવી હોય ને સુરનગરમાં કે ક્યાંય ગુજરાતમાં ? ને યાદ આવી ગઈ મુન્ની, પંદર વર્ષની મુન્ની. મારી દીકરી સ્મૃતિની સખી. કદાચ... તે જ... હશે.

ને તરત હરખ, ઓળખી લેવાનો હરખ વ્યક્ત થયો : તું – સ્મૃતિની સખી, મુન્ની તો નહીં ?

હા, તે મુન્ની જ હતી : આપને મુજે પહેચાન લી, હરિ અંકલ. હું મુન્ની...

અમે બંને અજવાળામાં હતાં, ઝાંપલીની સામસામા હતાં, પરિચિતો હતાં.

એ ક્ષણો વચ્ચે પરસ્પર અવલોકનો થયાં : મુન્ની, એ જૂની મુન્ની તો ક્યાંથી હોય ? તે એક ભરીભાદરી, સૌમ્ય સ્ત્રી હતી. ભાલ પર બિંદી હતી. વસ્ત્રો જાજરમાન ગૃહિણીનાં હતાં.

સ્મૃતિની માફક તે પણ પરણી ગઈ હશે, સાત વર્ષના ગાળામાં કેટલું પરિવર્તન આવી ગયું હતું ? ગળામાં મંગળસૂત્ર, હાથમાં સુવર્ણકંગન, નાકમાં ચૂંક, કાનમાં લટકણિયાં ઝગમગી રહ્યાં હતાં અને તે પણ હરખથી લથબથ હતી.

તરત પૂછ્યું : અંકલ, યજ્ઞાકાકી અને સ્મૃતિ ક્યાં ?

તે સ્મૃતિની સખી. બંને સાથે સંગીત ક્લાસમાં જાય. બંને સાથે સાસા રેરે ગગ મમ.... કરે. મુન્ની હિંદીમાં બોલે, હિંદીની છાંટવાળું ગુજરાતી પણ બોલે. સ્ટેશન પ્લૉટમાં રોડ પર તેમનું ભાડાનું ઘર. હું ને યજ્ઞા ત્યાં ગયાં હતાં એ પણ યાદ છે. ગુલમોરના વૃક્ષ નીચે અમે ચારેય બેઠેલાં : હું, યજ્ઞા, શારદાપ્રસાદ અને વત્સલા. મુન્ની તથા સ્મૃતિ સંગીતની નોટબુકમાં ગૂંથાયાં હતાં. તેનો કંઠ મીઠો હતો.

યજ્ઞા ગીતો ગવડાવે, પ્રશંસે, પીઠ થાબડે ને તે ખુશ થઈ જાય. પ્રેમભૂખી હતી, યજ્ઞા નોંધે.

અને યજ્ઞાએ ખાસ મહેનત કરીને તેની પાસે પેલું રમેશનું અમર ગીત – 'સાંવરિયો' ગવડાવ્યું. ખાસી રિયાજ ચાલી હતી. બસ, સાંવરિયો... જ સંભળાતું હતું. યજ્ઞા સૂચનો કરે : મસ્તીથી ગા. આ તો રમતિયાળ ગીત છે. સમજે છે ને મીનિંગ ?

પછી તો તે એ ગીત લયમાં ગાવા લાગી હતી. સ્મૃતિ કહેતી : પપ્પા... મુન્ની તો સિંગર બની ગઈ. સ્કૂલના વાર્ષિક કાર્યક્રમમાં સાંવરિયો, પિકનિકમાંય સાંવરિયો ! બેનબા મસ્તીથી ગાય ! મમ્મી... ઍક્શન પણ કરે.

મેં પૂછ્યું હતું યજ્ઞાને : આ છોકરી, સાંવરિયાના ગીતનો અર્થ સમજતી હશે ?

'અરે, બધું સમજતી હોય, પહેલી સમજણ આ જ આવે. લગ્નો જોતી હોય, કન્યાને માંડવામાં કોઈ વરની સાથે ફેરા ફરતી જોતી હોય, કન્યાવિદાયનાં દૃશ્યો જોતી હોય. ધીમે ધીમે સમજ પડતી જ હોય દરેકને. આપણી સ્મૃતિ પણ જાણતી હશે.' યજ્ઞાએ સત્ય ઉદ્‌ઘાટિત કર્યું હતું.

ને મને ભાન થયું હતું કે એક દિવસ સ્મૃતિને પણ તેના સાંવરિયા સાથે વિદાય

આપવી પડશે. ને યજ્ઞાએ કહ્યું હતું : હવે પ્રથા બદલાવવી જોઈએ. બહુ વરસ કન્યાવિદાયનું ચાલ્યું.

પછી બીજી ક્ષણે તે ખડખડાટ હસી પડી હતી.

આ પછી તેણે સાંવરિયાનું બીજું ગીત ગાવાનું શરૂ કર્યું હતું : 'મોહે ભૂલ ગયે સાંવરિયા.'

દર્દ સાથે ગાતી હતી, સરસ ગાતી હતી.

કહેતી હતી યજ્ઞાને : ચાચી, મુજે આગે બઢના હૈ.

ને તેણે તેની પીઠ થાબડી હતી.

એક દિવસ સ્મૃતિએ રડમસ સ્વરે ખબર આપ્યા હતા : મમ્મી, એ લોકો આજે રાતે જ જશે. સામાન બંધાઈ ગયો હતો. દેવકીનું લીવિંગ સર્ટિ પણ નીકળી ગયું. શું રડી, મને વળગીને ?

મમ્મી, મને પણ તેના વિના નહીં ગમે. મને કહી ગઈ : ખત લિખના, વો ભી લિખેગી.

થોડો સમય તે યાદ આવી હતી. તેના ભણકારા અનુભવાયા હતા. સાંવરિયાનાં ગીતો પણ કાનોમાં પડઘાયાં હતાં.

ભલાં હતાં - અરે, તેનું નામ તો દેવકી હતું ! ને આપણે મુન્ની મુન્ની કરતાં હતાં ! કેવું અપભ્રંશ થતું હોય છે ? મૂળ નામ જ હાંસિયામાં !

પછી ક્રમે ક્રમે દેવકીની યાદ ઝાંખી થવા લાગી હતી.

'શું નામ હતું તેનું ? સરસ ગાતી હતી.'

'હા... યાદ આવ્યું ! મોહે ભૂલ ગયે સાંવરિયા...!'

'કોણ ગાતું હતું પેલું ગીત ? સાંવરિયાનું જ સ્તો !' સરસ છોકરી હતી. સ્મૃતિની જ સખી હતી કદાચ.'

છેક સ્મૃતિનાં લગ્ન સમયે યાદ આવી હતી : છે ને એ સખી. પણ ક્યાં હશે અત્યારે ? નામ... ? કદાચ મુન્ની હતું. ક્યાં છે એડ્રેસ ? કાર્ડ તો લખત. ભલે, આવે નહીં પણ...! સરસ ગાતી હતી. ને અત્યારે એ છોકરી મારી સામે ખડી હતી. મને એ સ્ત્રીમાંથી જૂની મુન્ની મળી ગઈ હતી.

મેં તેને ટૂંકમાં સ્મૃતિનાં લગ્નની વાત જણાવી, અમારા પ્રવાસની આછી પાતળી રેખાઓ દોરી ને તેણે તે સાંભળી લીધી.

'અને તું પણ પરણી જ ને, મુન્ની ? સમય પ્રમાણે બધું ચાલ્યા કરે છે.' મેં બોધવાક્ય ઉચ્ચાર્યું હતું. ને તેણે મને સુધાર્યો હતો : મારું નામ દેવકી છે. પેલી મુન્ની તો ક્યારનીય ચાલી ગઈ.

આ હળવાશભર્યું વાક્ય તે ગંભીર બનીને બોલી હતી.

દેવકીએ ઝાંપલી ખોલીને ચરણસ્પર્શ કર્યા. મને મારી સ્મૃતિ યાદ આવી હતી. હશે ન્યૂયૉર્ક શહેરના કોઈ ઉપનગરમાં. ફોન કરતી હતી : હાઉસના, મકાનમાલકણના અને તેના સાંવરિયાના. બધાંનો સરવાળો તેના સુખને સૂચવતો હતો. આ દેવકી પણ સુખી હશે.

ઘડીભર ભૂલી ગયો કે હું બનારસની એક ગલીમાં હતો ને મારે હોટેલ હેવનમાં જવાનું હતું.

એ અસર નીચે મેં પૂછી નાખ્યું : દેવકી, સાંવરિયાનું ગીત યાદ છે ? કેવી હલકથી ગાતી'તી સુરનગરમાં ? મળી ગયો ને સાંવરિયો ?

પાછું ઉમેર્યું : યજ્ઞા હોત તો કેટલી રાજી થાત ? સ્મૃતિ મળ્યાં જેવું સુખ મળત. શું થાય ? સમય ઓછો છે. રાતની ટ્રેનમાં તો સુરનગર જવાના છીએ. આ મળ્યાં એ પણ સંયોગ. ક્યાં નક્કી હતું આ ગલીમાં પ્રવેશવું ? અને ગાયોના ધણનું અચાનક આવવું ? અને... અને મારું આ જ ઘરની ઝાંપલીને વળગી જવું ? તારું પણ આ સમયે અહીં હોવું ?

તે હળવે સ્વરે બોલી હતી : અંકલ, સંજોગ !

મને થયું કે તે હવે મને તેના ઘરમાં લઈ જશે, ઘર બતાવશે : અંકલ, આ બેઠકખંડ, આ મારો ખંડ, આ રસોઈઘર ! આ અમારો સંયુક્ત ફોટો. તમારા જમાઈબાબુના શોખ જુઓ - હીંચકો, રવિરાયનાં ચિત્રો અને... આ શો-કેસ ! આ ફળી, આ...!

અને કહેશે તેના સાંવરિયાને : આ મારા ગુજરાતવાળા હરિ અંકલ. ઉનકી બેટી, સ્મૃતિ મેરી પ્યારી સખી. યજ્ઞાચાચી બનારસ મેં શોપિંગ મેં ગઈ હૈ. ક્યા હુઆ ? અચાનક મિલ ગયેં. બૈઠિયે અંકલ, મૈં શરબત બનાકે લાતી હૂં.

પણ આમાંનું કશું ના થયું. કેમ આમ ?

અમે હજી પણ ખુલ્લી ઝાંપલી વચ્ચે ઊભાં હતાં. હવે કશું બચ્યું નહોતું મારી પાસે વ્યક્ત કરવા. કદાચ તેની પાસે પણ નહોતું. સ્મૃતિ વિશે પણ તેણે વિશેષ જિજ્ઞાષા નહોતી દાખવી. એવું તો નહીં હોય ને કે તે હવે આગળ વધવા ઈચ્છતી ના હોય ? ઓળખી તો ગઈ પણ... હવે શું હોય એ સાત વર્ષ જૂના સંબંધમાં ?

અને મેં ખીસામાં હાથ નાખીને આવી એટલી લીલી નોટો દેવકીને આપતાં કહ્યું : 'લઈ લે, બેટા. દીકરીનો હક ગણાય. જેવી સ્મૃતિ તેવી તું.'

તેણે નમીને ચરણસ્પર્શ કર્યા.

ઓજપાતાં અજવાસમાં પણે તેની ભીની આંખો દેખાણી. મેં મસ્તક પર હાથ મૂકીને કહ્યું : સુખી થા, દીકરી તારા સાંવરિયા સાથે.

બસ, આ પછી કશું શેષ રહ્યું નહોતું. મારે વિદાય લેવાની હતી. હું પગથિયાં ઊતરી જવાનો હતો ને તે મને વિદાય થતો જોઈ રહેવાની હતી, ભીની આંખે.

પણ એ ક્ષણે... તે મને હરિ અંકલ કહેતી વળગી પડી હતી. અસ્ખલિત રુદન, હીબકાં અને નિ:શબ્દતા. હું તેની પીઠ પસવારતો રહ્યો.

❖❖❖

## જેનું કાર્ય જે કરે



**એ**ક દિવસ રાજા ભોજ અને કવિ માઘ વેશપલટો કરી ફરવા નીકળ્યા. સંધ્યા સમય વીતી ગયો. રાત્રીનો અંધકાર છવાયો. બન્ને જંગલમાં ભૂલા પડ્યા. બે રસ્તાઓ ફંટાતા હતા. ત્યાં ઊભા રહી ગયા. બન્ને મૂંઝાયા. હવે કઈ તરફ જવું તે ન સમજાયું. ત્યાં નજીક એક ડોસી બેઠી હતી. રાજાએ ડોસીને પૂછ્યું.

'આ રસ્તો ક્યાં જાય છે ?'

ડોસીએ કહ્યું. 'રસ્તો તો ક્યાંય નથી જતો. હા, આ રસ્તે યાત્રીઓ અવરજવર કરે છે. તમે કોણ છો ?'

રાજા : 'અમે યાત્રી જ છીએ.'

ડોસી : 'યાત્રી તો બે જ છે. સૂર્ય અને ચંદ્ર. તમે કોણ છો ?'

રાજા : 'અમે અતિથિ છીએ.'

ડોસી : 'અતિથિ બે જ છે. એક ધન અને બીજી યુવાની.'

ભોજ : 'હું રાજા છું.'

ડોસી : 'રાજા પણ બે જ છે. એક ઈન્દ્ર અને બીજો યમ.'

રાજા : 'અમે પરદેશી છીએ.'

ડોસી : 'પરદેસી પણ બે હોય. એક જીવ અને બીજું વૃક્ષપર્ણ.'

રાજા : 'અમે સાધક છીએ.'

ડોસી : 'સાધકને પ્રશ્નો ન હોય. તે તો ઈશ્વરની ઈચ્છામાં જીવતો હોય. તે ભૂલો પડે તો પણ ઈશ્વરકૃપાએ જે માર્ગે ભૂલો પડે ત્યાંથી આગળ વધીને પોતાના ગંતવ્યસ્થાને પહોંચી જાય. મને ખબર છે તમે ભોજ છો અને આ સાથે છે તે કવિ છે. બન્ને જુદા માર્ગના પ્રવાસી છો, છતાંય સાથે છો એટલે ભૂલા પડ્યા છો. તમે બન્ને ઈશ્વરે તમને જે કાર્ય કરવા મોકલ્યા છે તેને વફાદાર રહો એટલે સાચે માર્ગે આવી જશો. રાજા... તારે સાધનાને માર્ગે જવાની હજી વાર છે. પહેલાં રાજધર્મ તો બજાવ. જા... આ માર્ગે વળી જા... ઉજ્જૈન પહોંચી જઈશ. અને કવિ... તું તો શબ્દ દ્વારા સાધના કરે જ છે... તું નક્કી કરી લે... તારે રાજાની સાથે જવું છે કે પછી...!' ડોસીની વાત સાંભળી રાજા અને કવિ બન્ને તેને વંદન કરી, પોતપોતાને માર્ગે વળી ગયા. રાજા ઉજ્જૈન ગયો અને કવિએ ડોસીને ગુરુપદે સ્થાપી સાધના શરૂ કરી.

## મઘમઘાટ



**પં**ડિત ભાનુશંકર હળવે પગલે આશુતોષભાઈના ઘરમાંથી બહાર નીકળી ગયા અને આશુતોષભાઈના ઘરમાં રહી ગયેલો ઉચાટ વધુ ઘેરો થતો ચાલ્યો.

'આપણે બીજા કોઈ જ્યોતિષ પાસે...' નીલાબહેન બોલવા તો ગયાં, પણ એમને એમના શબ્દો પર જ વિશ્વાસ ન હતો. ભાનુશંકરથી વધારે હોશિયાર જ્યોતિષ મળવો મુશ્કેલ હતો.

'આ લગ્નજીવન લાંબું નહીં ટકે, છોકરાને માથે ઘાત છે. આગળ વધતાં પહેલાં વિચારી જોજો.' ભાનુશંકરનો અવાજ જાણે હજી રૂમમાં ગોરંભાતો હતો.

નીચું જોઈને બેઠેલી મૌલી તરફ આશુતોષભાઈએ એક નજર નાખી. મલ્હાર સાથે મૌલીની છ વર્ષથી દોસ્તી હતી. બન્ને જાણે કે એકબીજા માટે જ બન્યાં હતાં. બન્નેના ફેમિલીની પણ સહમતી હતી, પણ પેલી મલ્હારની કુંડળી ? એ કુંડળીમાં ઝેરીલો નાગ જાણે કુંડળી મારીને બેસી ગયો હતો. થોડી વારે આશુતોષભાઈ ઊભા થઈને બીજા રૂમમાં ગયા. જ્યારે એ પાછા આવીને મૌલી પાસે બેઠા ત્યારે એમના હાથમાં એક પર્ફ્યૂમની મોટી બોટલ અને એક અત્તરની નાની શીશી હતી.

'મૌલી બેટા, એક બાપને પોતાની દીકરીને જિંદગીભર સુખી જોવાની જ ઈચ્છા હોય. આ જો પર્ફ્યૂમની બોટલ મોટી છે, સુવાસ તો એમાં પણ છે, પણ આછી સરખી અને બોટલ લાંબા સમય સુધી ખલાસ નહીં થાય. અને આ અત્તરની નાની શીશી... ક્વોન્ટિટી ઓછી પણ ક્વોલિટી આખા રૂમને મઘમઘાવી મૂકે એવી. બસ, હવે તારો કોઈ પણ ફેંસલો આ બાપ સ્વીકારી લેશે.'

થોડી શાંતિ પછી મૌલીએ ધીરેથી અત્તરની શીશી ઉપાડીને પાણીદાર આંખોથી પપ્પા સામે જોયું. બાપ-બેટી એકબીજાને અપલક નયને જોતાં રહ્યાં અને અત્તરની શીશીનો બૂચ ખોલતાં આશુતોષભાઈએ પત્નીને કહ્યું, 'લગ્નની તૈયારી શરૂ કરો, એક ઘાતને કારણે મારી દીકરીનો પ્રેમસંબંધ આપઘાત નહીં કરે.' અને એ વાક્યની સાથે સાથે રૂમની અંદર અત્તરનો મઘમઘાટ પ્રસરી ગયો.

**હેમલ વૈષ્ણવ**



# ફેવિકોલ સાસુમા

મુકેશ સોજીત્રા

**આ**ચાર્યે સ્ટાફ મિટિંગ બોલાવી. સહુ ખુરશીઓ લઈને ઓફિસમાં બેઠા હતા અને આચાર્યે રોજિંદો અને રાષ્ટ્રીય એજન્ડા વાંચવાનો શરૂ કર્યો.

'શાળામાં આવીને જરૂર હોય તો જ મોબાઈલ વાપરવો બાકી મોબાઈલ ટેબલના ખાનામાં રાખવાનો છે. સતત ગેરહાજર બાળકોનો વાલી સંપર્ક ફરજિયાત કરવો અને વાલી સંપર્ક રજિસ્ટરમાં એની નોંધ વાલીની સહી સાથે કરવી. પાઠ પૂરો થાય ત્યારે એક કસોટી લેવી. ઈન્કમટેક્સના પત્રકો માટે તમારું જે રોકાણ હોય એ એક મહિનામાં પુરાવા સાથે જમા કરવું. બાળકોને એમની કક્ષા મુજબ વાંચતા-લખતા અને ગણતાં આવડવું જોઈએ. ગુણોત્સવ આગામી મહિનામાં આવી શકે છે એની તૈયારી કરવી. અને સહુથી અગત્યની બાબત જેને જિલ્લા ફેરબદલીની અરજી કરવી હોય એણે ત્રણ નકલમાં અરજી આગામી દિન સાતમાં કરી દેવી. અરજીનો નમૂનો માતંગી ઝેરોક્ષમાં મળી જશે.' બધાએ ધ્યાનથી સાંભળ્યું. જેવી મિટિંગ પૂરી થઈ કે તરત જ સોનાલીએ મનહરને કહ્યું.

'છ ફોર્મ લઈ લેજોને જિલ્લા ફેરબદલીના, આપણે આ વખતે સુરત મ્યુનિસિપાલિટીમાં જિલ્લા ફેરબદલીની અરજી કરી જ દેવી છે. અત્યારે કરીશું ત્યારે માંડ ચાર પાંચ વરસે વારો આવશે. તમારે ના કરવી હોય તો હું એકલી અરજી કરી દઈશ. હજુ ચિન્ટુ ૩ વરસનો છે. ચિન્ટુ મોટો થાય ત્યારે વારો આવે કે ના આવે. એક વખત સુરત જતાં રહીએ પછી કોઈ તકલીફ નહિં. આમેય આ ગામમાં તો આઠ ધોરણ સુધી જ ભણવાનું ને પછી ચિન્ટુને આગળ ભણવા માટે એને એકલો થોડો મુકાય અને એ વખતે તાત્કાલિક બદલી ના થઈ તો, એટલે જ કહું છું કે આ વખતે જિલ્લા ફેરબદલીના ફોર્મ ભરી જ દેવા છે.'

'જી, ઓકે. સાંજે ફોર્મ લઈ આવીશ.' મનહરે ટૂંકમાં જવાબ આપ્યો. આમેય શિક્ષક દંપતીમાં મેં જોયું છે કે પુરુષો લગભગ તમામ બાબતમાં ટૂંકાક્ષરી જવાબો આપતાં હોય છે અને મોટે ભાગે મિતભાષી હોય છે, ના હોય તો લગ્ન પછી આપોઆપ મિતભાષીનું કૌશલ્ય કેળવી લે છે.

'શું કેતીતી સોનાલી મનહરભાઈ?' મનહરની ભાભી કાન્તાએ મનહરને પૂછ્યું.

'બસ એની પાસે એક જ મુદ્દાનો કાર્યક્રમ છે કે સુરત મ્યુનિસિપાલિટીમાં જતું રહેવું એટલે ફોર્મ ભરવાનું કહેતી હતી. એને હું સમજાવી દઈશ, ભાભી. તમે ચિંતા ના કરો. હજુ એ છોકરું ગણાય.

'ના સોનાલીને નથી સમજાવવી. એ હવે નહિ સમજે. છોકરા થઈ જાય પછી એ છોકરું ના ગણાય. તમારા કરતાં હું એને વધારે ઓળખું છું. તમારા ભાઈ પણ કહેતા હતા કે મનહર અને સોનાલીને જો મળતું હોય તો સુરત મ્યુનિસિપાલિટીમાં જતું રહેવાય અને એ કહેતા હતા કે આમેય આપણે બેય તો આજીવન અહીં જ રહેવાના ને એટલે બાની ચિંતા પણ નથી. મનહરને તું કહી દેજે કે જિલ્લા ફેરના ફોર્મ ભરવા હોય તો ભરી દે. મને પૂછવા વાટ ના રાખે.' કાન્તાએ મનહરના વર્ગખંડની આગળ આવેલી લોબીમાં ઊભા ઊભા કહ્યું. સોનાલીનો ક્લાસ પણ બાજુમાં જ હતો પણ એ મિટિંગ પછી એની ખાસ બહેનપણી શિલ્પાના ક્લાસરૂમમાં ગઈ હતી. થોડીવાર પછી શિલ્પાના રૂમમાંથી આવીને એણે મનહરને ક્લાસરૂમમાં જ પૂછ્યું.

'શું કહેતા હતા કાન્તાભાભી તમને?'

'બસ એ જ કે ફોર્મ ભરવું હોય તો ભરી દેવું એવું મોટાભાઈએ કીધું છે એને પૂછવાની જરૂર નથી.' મનહરે નીચું મોં રાખીને જવાબ આપ્યો.

'કોઈને વાંધો નથી બસ તમને એકને વાંધો છે, બાની ચિંતા કરો છો એટલી મારી ચિંતા કરોને તો ભગવાન તમારું ભલું કરશે. અને હવે તો બાને ક્યાં તકલીફ છે. ઘરમાં ચાર ચાર સરકારી નોકરિયાત છે. સારી એવી જમીન છે તોય આવડી ઉંમરે દુકાને બેસવાની શી જરૂર? એટલા માટે જ ને કે ગામને દેખાડવા માટે ને કે ઘરે બે બે વહુઓ છે તોય હું કામ કરું છું. મારે જરાય નિરાંત નથી. આ બધું બતાવવા માટે જ એ દિન રાત ઢસરડો કરે છે અને જેને પહેલેથી ઢસરડા જ કરવા હોયને એને ઢસરડા મળી જ રહે. રાતે સંચા પર સીવવું અને દિવસે દુકાને બસવું. જીવને જરાય શાંતિ જ નહીં. કોઈ દિવસ સારું લૂગડું પહેર્યું નથી. હવે ભગવાને સામું જોયું છે તો માણસ હોયને

તો બધી જ હાઈ વોય મૂકીને ટેસડા ના કરે ટેસડા ! પણ આ તો સવારથી સાંજ સુધી દુકાન માથે લઈને ફરે બીજું શું ?' સોનાલી બોલતી હતી. મનહર સાંભળતો હતો. મનહરે બાળકોને કીધું.

'તો ચાલો હવે આપણે એક કવિતા શીખીએ. કવિતાના કવિ એ આપણા જિલ્લા બોટાદના જ હતાં. નામ છે એનું કવિ બોટાદકર અને કવિતાનું નામ છે : 'જનનીની જોડ સખી નહિ જડે રે લોલ'. આ કાવ્યમાં કવિએ માતાનો મહિમા ખૂબ જ ખૂબીપૂર્વક વર્ણવ્યો છે. કવિ કહે છે કે માતા એ ઈશ્વરનું અજોડ સર્જન છે. અજોડ એટલે એના જેવી બીજી કોઈ જોડ ના હોય એને આપણે અજોડ કહીએ છીએ.'

'શાળાની બધી જ શિક્ષિકાઓ સાથે વાતો કરે છે, એયને લળી લળીને. બસ, એક મારી સાથે સરખી રીતે વાત કરતાં ઘા આવે છે. સરખો જવાબ પણ ના આપે અને આપે તો ટૂંકમાં, જાણે એમને હું ફાડી ખાવાની ના હોવ, કાંઈ વાંધો નહિ, ઘરે આવો એટલે તમારી વાત છે.' આટલું કહીને સોનાલી બબડતી બબડતી પોતાના રૂમમાં ચાલતી થઈ અને રૂમમાં જઈને એક બે છોકરાને ધીબેડ્યા ને ત્યારે જ એને પરમ શાંતિનો અહેસાસ થયો હોય આવું લાગ્યું.

કરશનભાઈ પટેલ

ગામના ચોકમાં જ એક નાનકડી દુકાન અને દુકાનની પાછળ જ એક સારું કહી શકાય એવું મકાન. દુકાન ઉપરાંત ગામમાંથી મગફળી, કપાસ, તલ, જીરુંની લેવેચનો ધંધો કરે. આજુબાજુના ગામમાં કપાસ કે મગફળી લેવા જાય ત્યારે એમની પત્ની વિમળા દુકાને બેસે. પરણ્યા પછી પાંચ વરસે દીકરાનો જન્મ થયો. નામ પાડ્યું અરવિંદ. પાંચ વરસે અરવિંદને ભણવા બેસાડ્યો ત્યારે કરશનભાઈએ ગામના તમામ છોકરાને બટુક ભોજન કરાવ્યું હતું. અરવિંદ પાંચમા ધોરણમાં હતો ત્યારે કરશનભાઈને ત્યાં એક બીજા દીકરાનો જન્મ થયો નામ પાડ્યું મનહર ! મનહર ત્રણ વરસનો હતો અને કરશનભાઈનું આકસ્મિક અવસાન થયું. અને વિમળા માટે આભ તૂટી પડ્યું. બે નાના છોકરા અને ઘરમાં કમાનાર હવે એકમાત્ર વિમળા વધી હતી. કરશનભાઈ ગામના એક કૂવા પર મંડાણ માંડતા હતાં અને ઉપરથી ભેખડ પડી અને માથામાં વાગેલી અને ત્યાં ને ત્યાં જ હેમરેજ થઈ ગયેલું. વિમળા હિંમત ના હારી. એણે દુકાન શરૂ રાખી. રાતે સીવવાના સંચા પર સીવણકામ પણ કરે. અરવિંદ અને મનહર મોટા થવા લાગ્યા. થોડી ઘણી જમીન હતી એ ફારમ પર આપી દીધી અને વિમળાનું જીવન ઘર-દુકાન અને બે સંતાનોની આસપાસ જ રહી ગયું. વિમળાના ભાઈઓએ એને ઘણું કીધું કે તું અમદાવાદ આવતી રહે, બહેન બેય ભાણીયાને પણ સાચવશું અને તનેય કોઈ તકલીફ નહિ પડે. ભગવાને ઘણું આપ્યું છે. એક બહેન અને બે ભાણેજડા આવવાથી એ ખૂટી નહિ જાય, પણ વિમળાએ કીધેલું.

'ભાઈ, પર્વત પરથી નદી નીકળ્યાં પછી એ કદી પર્વત પર પાછી થોડી આવે ? હું મારું ફોડી લઈશ. મારી ચિંતા ના કરો અને હા જરૂર પડશે તો હું હકથી માગી લઈશ, પણ ત્યાં નહિ આવું. તમે તમારું સંભાળો, હું મારું સંભાળી લઈશ.'

અને પછી તો વિમળાએ કોઈ પાસે કશું જ માગ્યું નહોતું. એ પોતાના સંતાનો માટે પાઈ પાઈ બચાવતી થઈ ગઈ હતી. વિમળાનો આ કરકસરનો ગુણ ગામમાં અમુકને ના ગમ્યો. એટલે એણે વિમળાનું નામ ફેવિકોલ પાડી દીધું. ગામમાં મોટામાં મોટી એક જ દુકાન આ જ હતી. અમુક લોકો એના છોકરાને કહેતા.

'અલ્યા ભરતા ! ફેવિકોલની દુકાને જઈને એક કિલો ખાંડ, પાંચસો ચાની ભૂકી અને બે બાંધા સાબુના લઈ આવ તો...' ગામ આખામાં ધીમે ધીમે વિમળા ફેવિકોલ એવી છાપ પડી ગઈ હતી પણ વિમળાએ કાંઈ ધ્યાને લીધું જ નહિ. આમેય જેનો પતિ અવસાન પામ્યો હોય અને બે સંતાનોના ઉછેરની જેની માથે જવાબદારી હોય એ સ્ત્રીના કાન આવી બાબતો સાંભળવા માટે નવરા પણ નથી હોતા. મોટો દીકરો ધોરણ દસ પછી પીટીસીમાં ગયો. બે વરસ પછી એ ગામમાં જ માસ્તર થઈને આવ્યો અને વિમળાએ શાળાના તમામ બાળકોને બટુકભોજન કરાવ્યું. ગામ આખું એમ કહેતું હતું કે...

'કાલે ફેવિકોલ બટુકભોજન કરાવે છે. એય, બરાબર દાબીને ખાજો છોકરા હો... વારે વારે આવો મોકો નહિ મળે હો.'

અરવિંદ ગામમાં જ નોકરી કરવા લાગ્યો અને એક દિવસ એણે કીધું.

'મમ્મી હવે તું આ દુકાન બંધ કરી દે, અને આ સીવવાનું પણ બંધ કરી દે, હવે હું નોકરીએ લાગી ગયો છું. તારે હવે કમાવાની કોઈ જ જરૂર નથી. તે ઘણું કર્યું છે મમ્મી અમારા માટે.'

ના રે ના. હજુ તો આ મનહર નાનો છે અને મને કામ વગર ના ગોઠે. તારા પાપા દુકાને બેસતા એ થડા પર હું બેસું છું. મને લાગે કે તારા પાપા સાથે જ બેઠી છું. દીકરા, દુકાન બંધ કરીશને તો હું ખતમ થઈ જઈશ દીકરા ખતમ !' પછી અરવિંદે ક્યારેય એની માતાને દુકાન બંધ કરવાનું નથી કીધું. થોડા સમય પછી જ ગામમાં એક નવી શિક્ષિકા આવી. નામ એનું કાન્તા. એને વિમળા સાથે સારું એવું ફાવી ગયેલું. આમ તો કાન્તા વેકેશનમાં પણ ગામમાં જ રોકાઈ જતી. નાનપણમાં જ એના માતા-પિતા અવસાન

પામેલાં તે એ એના મામાને ત્યાં ઉછરી હતી. એક દિવસ વિમળાએ સીધું જ પૂછી લીધું.

'કાંતુ એક વાત કહું, આમેય તું નિશાળ સિવાયના સમયમાં મારી દુકાને જ બેસે છે તો પછી કાયમ માટે જ આવી જાને.' અને કાન્તા શરમાઈને બે દિવસ સુધી દુકાને ના આવી પણ ત્રીજા દિવસે વળી પાછી એ આવી. અને બે મહિનામાં અરવિંદ સાથે કાન્તા પરણી ગઈ. લગનમાં ખાસ ખર્ચ ના કર્યો એટલે ગામલોકોએ વળી પાછું જોરશોરથી ચલાવ્યું કે વિમળા તો હવે પૂરેપૂરી ફેવિકોલ થઈ ગઈ છે. ઘરમાં બે બે નોકરિયાત અને એ પણ સરકારી તોય વિમળાને પૈસાની અબળખા મટતી નથી. સમય વીતતો ચાલ્યો. અરવિંદને ત્યાં બે સંતાનો થયાં. સુખનો સૂરજ હવે બરાબર ખીલ્યો હતો. આવક પણ વધી ગઈ. અરવિંદે મકાનનું રિનોવેશન કરાવીને ઉપર બીજો માળ પણ લીધો હતો. મનહર પણ અરવિંદના રસ્તે જ ભણીને શિક્ષક થયો અને સદ્ભાગ્યે એને પણ ગામમાં જ નોકરી મળી ગઈ હતી એટલું જ નહિ પણ ગામે જ્યારે જાણ્યું કે એની સાથે જ આ ગામની શાળામાં નોકરીએ લાગેલ સોનાલીનું સગપણ મનહર સાથે થયું છે ત્યારે ગામ આખું ગાંડું થઈ ગયું.

'આ તો થોરે કેળા કહેવાય થોરે કેળા! આમ જો તો ખરી એલ્યા ઉકલા એક ઘરમાં ચાર ચાર સરકારી નોકરિયાત! આમાં આપણું ગામ ક્યાંથી ઊંચું આવે!? માસ્તરોને પગાર ચૂકવવામાં જ ગામનાં પૈસા વપરાઈ જાય છે.' ઓઘડભાભાની જેમ ઘણાં ભાભાઓ આજે પણ એવી પ્રબળ માન્યતા ધરાવે છે કે આ માસ્તરોનો જે પગાર થાય એ આપણા ગામની ગ્રામ પંચાયત ચૂકવે છે અને એટલે જ આપણી પંચાયત ઊંચી નથી આવતી.

'હા ભાઈ હા. ગમે એટલા પૈસા આવે પણ વિમળાનો સ્વભાવ થોડો જાવાનો છે એ તો ફેવિકોલ છે ફેવિકોલ!' મનજીભાભો પણ પાછો પડે એમ નહોતો.

'ઉનાળામાં સોનાલી સાથે મનહરના લગ્ન થયાં. અરવિંદે એમની મમ્મી વિમળાને સમજાવીને ઘણો એવો ખર્ચ કરી નાખ્યો. ઘરમાં હવે પૈસા પૂરતા આવતાં હતાં. જીવનભર દુઃખ વેઠેલી વિમળાના ઘરે હવે સુખનો સૂરજ બરાબર મધ્યાહને તપ્યો હતો. આમ તો સોનાલીને ગામના બાપુએ પહેલા જ ચેતવી હતી જ્યારે એનો સંબંધ થવાની વાતો ચાલતી હતીને ત્યારે જ .

'સોનુબેન, મનહર તો લાખનો છે અને રૂપાળો પણ ખરો, પણ એની મમ્મી એકદમ ચીકણી છે. નકરી ટોકટોક કરશે અને તમારી જેઠાણી કાંતુ તો સાસુનેય વધે એવી છે અને તમારા જેઠમાં તો કાંઈ જ નથી, એ તો કાન્તુડી કે' એટલું પાણી પીવે છે. તમને ફાવશે એના ઘરમાં...? બધું નક્કી કરતાં પહેલા વિચાર કરી લેજો.' પણ સોનાલી કોઈનું સાંભળે એમ નહોતી. બધાં બહુ કહે ત્યારે એ એટલું જ કહેતી.

'મારે તો મનહર હારે મેળ છે એટલે બીજા જાય તેલ લેવા! હું અને મારો મનહર અમારા બેયના જીવ મળી ગયાં છે એટલે પરણવાનું તો એને જ છે. હા તમે કહો એવા સાસુ હશે તો બદલી ક્યાં નથી થતી. અત્યાર સુધી મારા ઘરે મારા બાપને હું કહું એટલું જ કરતા. અને હું તમને ખાતરી આપું છું કે લગ્ન પછી મારો પતિ પણ હું કહું એટલું જ કરશે.' અને સોનાલી ખડખડાટ હસી પડતી. અને બધાને વાત પણ સાચી લાગતી હતી. કારણ કે કોઈ જગ્યાએ તાલીમ હોય કે કોઈ શાળામાં ફંક્શન સોનાલીને પૂછીને જ મનહર પાણી પીતો. બંને એકસમાન રૂપાળા અને આધુનિક હતા. લગ્ન પહેલાં પણ મનહરને કેવા રંગના મોજા પહેરવા એ પણ સોનાલી જ નક્કી કરતી. આમ તો એ હાઈટમાં થોડી નીચી પણ ભલભલાને પછાડી દે એવી એની મારકણી આંખો હતી.

સોનાલી નાનપણથી જ જિદ્દી હતી. એ પોતાની ગમતી વસ્તુ મેળવીને જ ઝંપતી હતી. મનહર સાથે એને લવ એટ ફર્સ્ટ સાઈટ થઈ ગયો હતો. મનહરને એ પહેલી વાર મળીને એક જ કલાકમાં એણે મનોમન ફેંસલો કરી લીધો હતો કે પરણીશ તો આને જ!

શિક્ષકોનો ભરતી કેમ્પ હતો ક્રેસન્ટ સર્કલમાં. મનહર પણ સવારના દસ વાગ્યામાં જ પહોંચી ગયો હતો. નોટિસ બોર્ડ પર ઉમેદવારોની યાદી હતી. પોતાનો નંબર ૭૭મો હતો. એ ઉમેદવારના નામની યાદી વાંચતો હતો. ૭૬માં નંબર પર એણે એક નામ વાંચ્યું 'સોનાલી રમણીકલાલ પટેલ' મનહરને નામ ગમી ગયું. થોડી વારમાં એક એકસ્ટ્રા ઓર્ડિનરી પરી જેવી દેખાતી ખાસી ફૂટડી અને હસમુખી યુવતી આવી. પિંક કલરના ડ્રેસમાં એ આબેહૂબ ક્લિયોપેટ્રા જેવી લાગતી હતી.

ઉમેદવારની યાદી જોઈ પોતાનો ગુલાબી ફોન કાઢ્યો અને વાતચીત કરવા લાગી મનહર એની તદ્દન નજીક ઊભો હતો. એના શરીરમાંથી પોન્ડ્સની સ્મેલ આવી રહી હતી. મનહર એની સુંદરતામાં ડૂબી ગયો હતો, એનું તનબદન તરબતર બની ગયું હતું. યુવતીએ વાત શરૂ કરી ફોન પર. મનહર સાંભળવા લાગ્યો.

'હેલ્લો પાપા પહોંચી ગઈ છું. ૭૬મો નંબર છે મારો. લગભગ બે કલાકમાં વારો આવી જશે, પછી શાળામાં ક્યારે હાજર થવાનું છે એ સૂચના આ લોકો ભરતી પૂરી થઈ ગયાં પછી અહીં જ કહેશે. જે ગામ

મળે એ સ્વીકારી લઈશ. ચિંતા ના કરતાં પાપા પછી હું તમને કોલ કરું છું.' ફોન કટ કરીને એ યુવતીએ કહ્યું. મનહર સામે નજર નાખી અને મનહર હસ્યો અને અનાયાસે બોલ્યો.

'શિક્ષકની ભરતીમાં આવ્યા છો ?'

'હા ભરતી હોય તો જ આવ્યા હોઈને, બાકી અહિયા કોઈ મલ્ટીપ્લેક્ષ તો છે નહિ કે ફિલ્મ જોવા આવ્યા હોઈએ ?' રૂપાની ઘંટડી જેવા અવાજે એ બોલી.

'તમારા પછી મારો નંબર છે...સત્યોતેર નંબર મારો છે.' મનહર બોલ્યો.

'ઓકે આઈ સી... મનહર કરશનભાઈ પટેલ... નાઈસ ટુ મીટ યુ' કહીને સોનાલીએ હાથ લાંબો કર્યો... મનહર જીવનમાં પ્રથમ વાર કોઈ યુવતીનો સ્પર્શ માણી રહ્યો હતો. એક અદૃશ્ય પ્રેમની હૂંફ એ અનુભવી રહ્યો હતો.

'સેઈમ ટુ યુ સોનાલી... !'

અને પછી તો બંને વાતોએ વળગી ગયાં. કલાક સુધી વાતો કરી. વચ્ચે મનહર એના માટે પાણીની બોટલ અને કેડબરી ચોકલેટ લઈ આવ્યો. ગમે તેમ હોય નવી પેઢીની શિક્ષિકાઓને ચોકલેટ ખૂબ જ ભાવે એ હકીકત છે.

'મારું ગામ પસંદ કરી લેજો... ગામ સારું... અને હવે તો હું છું એટલે જાણીતું પણ ખરુંને... તમને રહેવા માટે મકાન પણ મળી જશે...' મનહર બોલ્યે જતો હતો.

'હું તો તમારા મકાનમાં જ રહીશ... ગામમાં ક્યાં સેટ થાઉં હું ?... તમે ઘરમાં ત્રણ શિક્ષકો છો એટલે હું તો તમારા ઘરે જ રહીશ... રાખશોને મને તમારા ઘરમાં... ? સોનાલીએ કહ્યું.

'ઘરનું તો કાંઈ કહી ના શકું પણ મારા દિલમાં તો તું વસી જ ગઈ છો સોનાલી ?' આખરે મનહરે મરદ થઈને કહી જ દીધું. અને સોનાલીએ પણ કીધું કે આઈ લવ યુ ટુ... મનહરની ખુશીનો પાર જ નહોતો. નોકરી તો મળી સાથોસાથ નોકરીવાળી છોકરી પણ મળી ગઈ હતી. બંનેને ઓર્ડર મળી ગયાં પણ એમાં એને કોઈ રસ જ નહોતો. મનહરના ગામમાં જ બંનેએ ઓર્ડર લીધો હતો. મનહર એના ભાઈની કાર લઈને આવ્યો હતો. બે વાગ્યે બધાં જ કાગળિયાં લઈને તેઓ બંને બહાર આવ્યા.

'શું જમીશ તું ? મને તો ભૂખ નથી... તને જોઈને ધરાઈ ગયો છું.' મનહર હવે પૂરો ખીલ્યો હતો.

'કુછ મીઠાં હો જાયે... કુચ હટકે... યાર તારા ભાવનગરની કોઈ સ્પેશિયલ આઈટેમ ખવડાવ. બંનેએ સુપરનો આઈસક્રીમ ખાધો. અને એક જ કારમાં બેય પોતાના ઘરે આવી ગયાં. રસ્તામાં જ મનહરે ભાભીને ફોન કરી દીધો.

'હેલ્લો તમારા દિયરને તમારી સાથે જ નોકરી મળી ગઈ છે અને તમારી દેરાણીને પણ સાથે લાવું છું એ પણ આપણી સાથે જ નોકરી કરશે. તમે આ વાત હમણાં કોઈને કરતાં નહિ પણ એનું રહેવાનું તમારે ક્યાંક ગોઠવી દેવું પડશે... ભાઈને વાત કરજો કે એની મોટી ઉપાધી મેં ટાળી દીધી છે.' કાંતાની ખુશીનો પાર જ ના રહ્યો. ધીમે ધીમે ગાડી ચલાવતા ચલાવતા બંને જણા રાતે દસ વાગ્યે ઘરે પહોંચ્યા. કાન્તાએ બધું સાચવી લીધું, એણે એની સાસુમાને કહી દીધું.

'આ સોનાલી મારી એક બહેનપણી શિક્ષિકાની દૂરની સગી થાય અને એને આપણું જ ગામ મળ્યું છે નોકરીમાં. એટલે એનો ફોન આવ્યો હતો કે એની વ્યવસ્થા કરી દેજોને. એટલે મેં એને કીધું કે મારો દિયર પણ એ ભરતીમાં જ ગયો છે એ કારમાં સાથે લેતો આવશે.' પરિસ્થિતિ કેમ સંભાળવી એ સ્ત્રીની એક વિશિષ્ટ આવડત હોય છે. સોનાલી વિમળાબેનને પગે લાગી અને કાંતાને ભેટી પડી. જાણે વરસોથી આ કુટુંબને ના ઓળખતી હોય એમ ભળી ગઈ... સંબંધમાં જ્યારે સ્નેહ ભળેને ત્યારે અજાણ્યાપણું સદંતર દૂર થાય છે.

'તે તમને એકલી મોકલી તારા માબાપે ? તારી સાથે કોઈ નથી.' વિમળાએ આદતવશ પૂછ્યું.

'નોકરી પણ એકલી જ કરવાની છે ને ? માબાપ થોડા નિશાળે આવવાના છે રોજ ? હવે જમાનો બદલાયો છે બા... હવે તો એકલા છોકરાને બીક લાગે છે પણ છોકરીને ના લાગે બા.' સોનાલીએ તડ અને ફડ જવાબ આપ્યો અને વિમળા તો એની સામું જોઈ જ રહી... પણ એને આ 'બા' શબ્દ બહુ જ ગમ્યો... એ ખાલી હસ્યા !

બે દિવસ મનહરના ઘરમાં રહી અને પછી સોનાલી બાજુના એક મકાનમાં રહેવા ગઈ. એક જ મહિનાની અંદર કાન્તુએ સોનાલીના માબાપ સાથે વાત કરીને પાકે પાયે ચાંદલા ગોઠવી દીધા અને ઉનાળામાં ધામધૂમપૂર્વક લગ્ન કરી દીધા. ગામ પણ દંગ થઈ ગયું કે આને કહેવાય ભાગ્ય... ફેવિકોલ છે તોય ચાર ચાર નોકરિયાત એક ઘરમાં અને એ પણ સરકારી !

શરૂઆતમાં તો બરાબર ચાલ્યું પણ પછીથી સોનાલીને સાસુમાનું બ્રહ્મજ્ઞાન બહુ ફાવ્યું નહિ. સાસુમા વારંવાર કરકસરની સલાહ આપતાં એ એને ના ગમ્યું. રસોઈ કરતાં શાક વધે તો પણ સાસુમા કહેતા કે બેટા સોનુ માપસર રાંધો. કપડાં ધોઈને સાબુ પણ જો ચોકડીમાં રહી ગયો હોય તો પણ સાસુમા ટોકે કે સોનુ બેટા આ સાબુ ખોટે ખોટો પાણીમાં ગળી ગયો. આવો વેડફાટ મને ના ગમે. શરૂઆતમાં મનહર એને કહેતો કે બાએ ગરીબી જોઈ છે. અમને મોટા કરવામાં અને ભણાવવા માટે બાનો

સ્વભાવ આવો થઈ ગયો છે તારે માથે ના લેવું. તું કાંતુ ભાભીને જ જોઈ લે. એ કશું બોલે છે ? પણ પછી તો ચિન્ટુનો જન્મ થયો અને શાળામાં એક બીજી સુરતની શિક્ષિકા આવી અને સોનાલીનું મન સુરત તરફ ખેંચાયું. અહીં બાળકોનું શું ભવિષ્ય ? બાળકોના ભણતર માટે તો સીટી જ જોઈએ એવી પ્રબળ માન્યતા ઘર કરી ગઈ અને ધીમે ધીમે એનો સ્વભાવ ચીડિયો થઈ ગયો. આમ ઘરમાં શાંતિ ! પણ અંદરથી લાવારસની જેમ ધગધગે. અને એમાંય કોઈ શિક્ષિકા જોડે મનહર વાત કરે અને સોનાલી જો ભાળી ગઈ તો મનહરને રીતસરનો ધધલાવી નાખે. મનહર સાંભળી લે. એને એટલી ખબર હતી કે સોનાલી ભલેને બોલે પણ એ મનની ચોખ્ખી છે. એમાંય આજે તો જિલ્લા ફેરબદલીના ફોર્મની વાત આવી એટલે મનહરને ખબર હતી કે આજે ઘરે જઈશ એટલે રાતે ભારેલો અગ્નિ છે.

રાતે વાળુંપાણી કરીને સહુ ફળિયામાં બેઠા અને પછી મનહર ઉપલા માળે પોતાના રૂમમાં ગયો. રૂમમાં ટીવી શરૂ હતું અને મોં ચડાવીને સોનાલી બેઠી હતી.

'શું કરે છે સ્વીટુ ? કેમ છે તને હવે ?' એમ કહીને સોનાલીના વાંકડિયા વાળમાં મનહરે આંગળીઓ ફેરવી. અને ઝટકો મારીને સોનાલી આઘી ખસી અને બોલી. જેની કલ્પના મનહરે કરી જ હતી.

'એ જાવ તમારી સારીયું હોય એની પાસે...! હું ક્યાં સારી લાગું છું હવે તમને ? મને તો કોઈ આ ઘરમાં ગણતું જ નથીને...! મારી વાત તમે કોઈ દિવસ માની છે ? બધાયની સાથે ખીખીયારા કરો છો બસ મારી હારે જ વેર છે તમને...! પણ યાદ રાખજો જરૂર પડશેને ત્યારે હું જ કામમાં આવીશ. બીજી કોઈ આવીને કશું જ નહિ બંધાવી જાય...! એટલું યાદ રાખજો અને પેલા ફોર્મનું શું થયું... ? તમારે ના ભરવું હોય તો હું ભરી દેવાની છું...! હું અને મારો દીકરો ચિન્ટુ એકલા રહેશું સુરતમાં. તમે અહીં તમારી બા ભેગા રહેજો.' ફુંગરાઈને સોનાલી બોલતી હતી. મનહરે એક કોથળીમાંથી ફોર્મ કાઢ્યા અને કીધું કે 'મેં અને મોટાભાઈએ આપણા ફોર્મ ભરી દીધા છે તારે ફક્ત સહીઓ જ કરવાની જ છે. બોલ ખુશ... મોટાભાઈ પણ કહેતા હતા કે એક ભાઈએ તો હવે શહેરમાં જવું જ જોઈએ... સંતાનોને ઉચ્ચ અભ્યાસ માટે શહેર જ જોઈએ.' આટલું સાંભળતાં જ સોનાલી રંગમાં આવી ગઈ. બધાં જ ફોર્મ વાંચીને એણે સહીઓ કરી દીધી અને મનહરને ગળે વળગાડીને સુરતના સપનામાં ખોવાઈ ગઈ. બીજે દિવસે શનિવાર આવતો હતો અને બંને ભાઈઓએ નક્કી કર્યું કે પરિવાર સાથે રવિવારે પડખે આવેલા એક નદીકિનારે જઈશું... હવે તો બંને ભાઈઓ પાસે કાર આવી ગઈ હતી એટલે કોઈ જ વાંધો નહોતો. શનિવારે સોનાલી જ આચાર્યને જિલ્લા ફેરબદલીના ફોર્મ આપી આવી. અને આચાર્યને કહેતી પણ આવી કે, 'ક્લાર્ક માગે તો ૫૦૦ રૂપિયા ગુડી દેજો અને મારી પાસેથી લઈ લેજો... કાંઈ પૂર્તતા કરવી હોય તો ત્યાં કરી નાખજો પણ આ ફોર્મ પાછા ના આવવા જોઈએ.' આચાર્યે ફોર્મ ચેક કર્યા અને બોલ્યાં. કોઈ જ ભૂલ નથી. ફોર્મ પાછા નહિ આવે. તમને આ ફોર્મની રસીદ મંગળવારે મળી જશે. હું મંગળવારે તાલુકામાં જઈશ ને ત્યારે ફોર્મ જમા કરાવતો આવીશ. તમને સુરત મળી જાય એની એડવાન્સમાં શુભેચ્છાઓ.' સોનાલીએ એને થેન્કસ કહ્યું. આજે શનિવાર હતો સોનાલી ખુશ હતી. બાળકોને એણે ચોકલેટ ખવડાવી, બાળકો પણ નવાઈ પામી ગયાં કે બહેન ગાંડા તો નથી થઈ ગયાને ? ધબ્બાને બદલે ચોકલેટ ? પણ સહુ ખુશ હતાં.

રવિવારે સોનાલી વહેલા ઊઠી. આજે એના જેઠ અને જેઠાણીના પરિવાર સાથે નદી કિનારે પર્યટનમાં જઈ રહ્યા હતા. એ નાહી ધોઈને ઉપલા માળેથી નીચેના માળે આવતી હતી. એ એના સાસુમા અને જેઠ અરવિંદભાઈને એની ગાડીમાં બહાર જતાં જોઈ રહી. અત્યારમાં મારા સાસુ અને જેઠ ક્યાં જતાં હશે... સાસુના હાથમાં એક લાલ થેલી હતી. આ થેલી સાસુ એના કબાટમાં જ રાખતા પણ આપતાં નહિ. એણે પોતાની જેઠાણી કાન્તુને પૂછ્યું.

'મારા જેઠ અને સાસુ અત્યારમાં કયાં ગયાં ? વહેલી સવારમાં એવું તે શું કામ આવી ગયું ? એ તરત પાછા આવી જશે ને ? એને ખબર તો છે ને કે આજે આપણે બધાં એ નદીકિનારે જવાનું છે ?'

'મેં પૂછ્યું તો મને કાંઈ ના કીધું... સાસુએ કીધું કે મનહર અને સોનાલી ભલે જાય ફરવા તું ઘરે રેજે અમે કદાચ સાંજે આવીએ કે ના આવીએ. અને મને ના પાડે એટલે હું વધુ ના પૂછું. તમતમારે તૈયાર થઈને ફરવા જાવ. મારા બેય છોકરાને પણ લેતા જાવ. તમે સાંજે આવશો ત્યારે હું રસોઈ કરી રાખીશ. એમ કહીને એ સાવરણો લઈને વાળવા લાગી. સોનાલી કશુંક બબડતી પાછી ઉપર ચાલી ગઈ. મનહર ઉઠ્યો. એણે એની ભાભી સાથે વાત કરી અને પછી ત્રણ નાના ટાબરિયા સાથે સોનાલી અને મનહર નદી કિનારે ઉપડ્યા. સોનાલી આજ ચૂપ હતી. ગુસ્સો તો હતો પણ કશું ના બોલી. મનમાં માની લીધું કે જ્યાં ગયાં હોય ત્યાં એ મા દીકરો મને શો ફેર પડે છે... અને હવે કયાં કાયમ અહીં રહેવાનું છે. એકાદ વરસમાં તો હું તાપીને કાંઠે હઈશ.

સોનાલીએ નદી કિનારે બાળકો સાથે

ખૂબ મજા કરી. સેલ્ફીઓ લીધી. આજે સાસુ અને જેઠ સાથે નહોતા એટલે ટીશર્ટ અને જીન્સ પહેર્યું હતું. સોનાલી એક અલગ જ દુનિયામાં આવી ગઈ હતી. બપોરે ત્યાં જમ્યા... પાણીમાં નાહ્યા... અને ચાર વાગ્યે ઘેર પહોંચ્યા ત્યાં એના પાપાનો ફોન આવ્યો.

'બેટા, હું હોસ્પિટલમાંથી બોલું છું. તારી મમ્મીને પેડુમાં જે ગાંઠ હતી એનું ઓપરેશન થઈ ગયું છે. આમ તો કાલ રાતે જ દુખાવો ઉપડ્યો હતો. અને રાતે જ એને એડમિટ કરી હતી પણ એણે જ ના પાડી હતી. હવે એને સાવ સારું છે. તું તારા ટાઈમે ખબર કાઢી જજે બેટા, લે તારી બા સાથે વાત કર.' સોનાલીએ રડતાં રડતાં વાત કરી અને ધોખો કર્યો કે મને કીધું હોતને તો ના આવત ? અને તરત જ એણે મનહરને કીધું કે ચાલો અત્યારે ને અત્યારે મારી મમ્મી પાસે જવું છે. એના જેઠ અને સાસુ ઘરે આવી ગયાં હતાં. સોનાલીએ સાસુને કહ્યું.

'મારા મમ્મી હોસ્પિટલમાં છે. ઓપરેશન થઈ ગયું છે હવે એને સારું છે... હું અને મનહર જઈ આવીએ. કાલ સવારે આવતાં રહીશું.' સાસુ વિમળાબેને કહ્યું.

'જઈ આવો બેટા, તમે બેય. એવું લાગે ને તો રોકાઈ પણ જજો.' અને તરત જ કાર ઉપડી શહેર તરફ... ચિન્ટુ ખોળામાં સૂતો હતો અને સોનાલીની આંખો ચિંતામાં ગરકાવ હતી. સરનામું પૂછીને હોસ્પિટલ શોધી. એકદમ આધુનિક હોસ્પિટલ હતી. પૂછપરછના કાઉન્ટર પર નામ લખાવીને એ ચોથા માળે એની મમ્મીના રૂમમાં પહોંચી. મમ્મીને મળીને એની તબિયત



પૂછી. ચિન્ટુને તેડીને મનહર બાજુમાં ઊભો હતો. સોનાલીના પાપા બોલ્યા :

'દુખાવો કાલ રાતે દસ વાગ્યે ઉપડ્યો હતો. રાતે બે વાગ્યે સરકારી દવાખાનામાં દાખલ થયાં. ગાંઠ મોટી હતી એટલે એને કાઢવા માટે ઓપરેશન કરવાનું કહ્યું હતું. પછી તને તો ફોન ના કર્યો પણ સવારમાં ચાર વાગ્યે તારી સાસુને ફોન કર્યો. એણે બધી વિગત જાણી અને કીધું કે હું અને અરવિંદ આવીએ છીએ. સવારમાં સાત વાગ્યે વેવાણ આવી ગયાં. અને અમે ના પાડી તો પણ આ હોસ્પિટલમાં લઈ આવ્યાં. અને ઓપરેશન કરાવી દીધું અને મને કીધું કે તમે ચિંતા ના કરો. સોનાલી મારી દીકરી કરતાં પણ વધુ છે. એને દુઃખ લાગે એ મને ના ગમે હો, એમ કહીને તમામ ખર્ચ એ ચૂકવીને ગયાં છે. એમ તો અમારી પાસે થોડા પૈસા હતા એ પણ ના લીધા અને મને કહ્યું કે તમારી દીકરી કમાય છે એમાં તમારો પણ હક છે. જરૂરના સમયે અને સંકટના સમયે નાણું ના વપરાય તો એ નાણું નથી, ધૂળ છે ધૂળ.' બસ બે દિવસ સુધી અહીં રહેવાનું છે. એની બધી રકમ એ ચૂકવી ગયાં છે. અને પછી મને કહેતા ગયાં કે હવે હું ઘરે પહોચું અને સોનુ આવે પછી એને ખબર કાઢવા બોલાવજો...' સોનાલી આભી બનીને સાંભળતી રહી... સાંભળતી જ રહી...! ચિન્ટુને લઈને સોનાલીના પાપા અને મનહર બહાર ગયાં અને ત્યારે સોનાલીને એની માતાએ કીધું.

'બેટા એક વાત માનીશ...? તું ખરેખર ભાગ્યશાળી છો કે તને આવી સાસુ મળી... ભવિષ્યમાં હું ના હોવ ને તો તારી સાસુને જ માતા ગણજે બેટા... બાકી અત્યારે દહેજના ખપ્પરમાં હજારો દીકરીઓ હોમાઈ રહી છે ત્યારે તને જે સાસુ મળી એ મુશ્કેલ છે... હું તો કહું છું કે તને ભવોભવ આવી જ સાસુ મળે...! સોનાલી જીવનમાં પહેલી વાર બસ સાંભળતી રહી... એ કશું જ ના બોલી શકી...!

અને સોમવારે આચાર્યની ઓફિસમાંથી જિલ્લા ફેરબદલીની અરજીઓ સોનાલીએ લઈ લીધી અને પોતાના ક્લાસમાં જઈને એ અરજીઓ ફાડી નાખી. આચાર્યે તેને પૂછ્યું કે અચાનક કેમ વિચાર બદલાઈ ગયો ? સુરત નથી જવું ? ત્યારે સોનાલી બોલી.

'સ્વભાવ બદલવાની જરૂર છે મારે, શાળા કે જિલ્લો બદલવાની નહિ,' અને ખીલખીલાટ હસી. સામે મનહર ઊભો હતો. મનહરે નોંધ્યું કે આ એ જ હાસ્ય છે કે જે એણે શિક્ષકોની ભરતી વખતે પહેલી વાર સોનાલીના ચહેરા પર જોયું હતું.

❖❖❖

**ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન**

**શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં તા. ૨૫-૧૦-૨૦૨૧ પછી મળેલ રકમની વિગત**

| | |
|---|---|
| **સુશીલાબેન ચંપકલાલ દેવચંદભાઈ શાહ - પુના** | **₹ ૧,૦૦,૦૦૦/-** |



જૈનમ જયતિ શાસનમ્
ઓસ્ટ્રેલિયન સરકારે જૈન ધર્મના પ્રસિદ્ધ તીર્થ પાલીતાણા પર સિક્કો બહાર પાડ્યો છે જેની કિંમત ૧૨૮ ડૉલર છે.

# પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૧૫ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશા સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **પાણી પરબ, નોટબુક, સ્વધર્મી સહાય તથા મેડિકલ રાહત યોજના** (પ્રત્યેકના રૂા. ૩૦૦૦/-) એટલે **કુલ ૧૨,૦૦૦/- રૂપિયાના બદલે ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત ચારેય યોજનાનો સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, તૃષાતુરને તૃપ્તિ આપી શકીએ અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

આપણે જૈનો 'Really, we are blessed one.' લક્ષ્મીજીની કૃપા સદૈવ આપણા પર રહી છે. આમ પણ સત્કાર્ય સિવાય જીવનમાં કશું સાથે આવતું નથી એ આપણે સમજીએ છીએ. ઝાલાવાડી સભાના ૬૨૦૦ પરિવાર આખા વર્ષમાં કેવળ એક જ વખત ૧૧,૦૦૦/- રૂા.નું અનુદાન કરી સભાના પ્રકલ્પોને વેગવાન બનાવે. સભા સાથેનું સાતત્ય જાળવી રાખે એવી અમારી નમ્ર અરજ છે. વર્ષભરમાં આવતા મંગલ પ્રસંગોની સ્મૃતિમાં સભા તમારા હૈયે રહેવી જોઈએ એવી અપેક્ષા છે. ઝાલાવાડી સભાના આધારસ્તંભ બનવાનું ગૌરવ અને સંતોષ આપને પ્રાપ્ત થશે એટલું ચોક્કસ...

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

## આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- શ્રી મહેન્દ્રભાઈ રમણીકલાલ સંઘવી - કાંદિવલી
- બોટાદ નિવાસી (હાલ - બોરીવલી) શ્રીમતી મીતાબેન અને ભાવેશભાઈ હિંમતલાલ શાહના સુપુત્ર ચિ. જયના શુભલગ્ન, વણછરા નિવાસી શ્રીમતી સરયુબેન અને પરેશભાઈ હરિલાલ શાહની સુપુત્રી ચિ. ભાર્વિ સાથે તા. ૭-૧૨-૨૦૨૧ ના થયા તે પ્રસંગે
- વઢવાણ નિવાસી (હાલ- મીરારોડ) સ્વ. ચંદ્રકાંત શામલદાસ ખોડીદાસ શાહના ધર્મપત્ની ગં.સ્વ. મંજુલાબેનના સ્વર્ગવાસ નિમિત્તે હ. કિરણભાઈ
- ચોટીલા નિવાસી સ્વ. ચંપકલાલ દેવચંદભાઈ શાહના સ્મરણાર્થે ધર્મપત્ની સુશીલાબેન શાહ તરફથી - હાલ - પુના (રૂા.૨૨૦૦૦/-)



## સાહિત્યવૃત્ત

### ગુજરાત વિશ્વકોશ




## ગુજરાતીઓ માટે આનંદ અને ગૌરવની ઘટના

ધીરુભાઈ ઠાકર અને કુમારપાળ દેસાઈના સક્ષમ, કુશળ અને ચુસ્ત નેતૃત્વમાં સવા કરોડની શબ્દસંખ્યા ધરાવતો વિશ્વકોશ ઑનલાઇન ઉપલબ્ધ થયો છે. ગુજરાતી ભાષામાં સર્વપ્રથમ વિશ્વકોશ (એન્સાઇક્લોપીડિયા) પ્રગટ કરનાર ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે ૧૯૮૭થી ૨૦૦૯ સુધીના બાવીસ વર્ષમાં ગુજરાતી વિશ્વકોશના ૨૫ ગ્રંથોનું પ્રકાશન કર્યું હતું. ૧૭૦ જેટલાં વિષયો સમાવતાં ૨૪,૦૮૩ લખાણોવાળો ગુજરાતી વિશ્વકોશ ગુજરાતનો સૌથી મોટો જ્ઞાનસાગર બની રહ્યો હતો.

સમયની માગ હતી કે ગુજરાતી વિશ્વકોશ ગ્રંથમાંથી સ્ક્રીન પર આવે. હવે જમાનો ઑનલાઈનનો છે. આવડા મોટા વિશ્વકોશને, તેના દળદાર ૨૫ ગ્રંથોને ઑનલાઈન કરવાનું કામ સહેલું નહોતું.

આ ઑનલાઇન વિશ્વકોશના દરેક વોલ્યુમમાં એ ગ્રંથ જે વર્ષે પ્રકાશિત થયો હોય તેનું વર્ષ મળશે, જેથી એનો ખ્યાલ આવશે કે કયા સમય સુધીની માહિતી આ અધિકરણમાંથી ઉપલબ્ધ થશે. આ ગ્રંથો વિશ્વકોશના અધિકરણના શીર્ષકથી, લેખકના નામથી કે એના વિષયથી 'સર્ચ' કરીને એમ ત્રણ રીતે એની માહિતી મેળવી શકાશે. જ્યારે લેખકના નામથી સર્ચ થાય, તે વખતે એ નામ જે જે લેખમાં આવતું હશે, એ લેખ પણ મને સાથે દેખાશે.

આ સામગ્રી મોબાઈલમાં પણ ગુજરાતી કી-બોર્ડ ઈન્સ્ટોલ કર્યા પછી ઑનલાઇન જોઈ શકાશે. આમ કૉમ્પ્યુટર, લેપટોપ કે મોબાઈલમાં આ ચોવીસ હજારથી વધુ લખાણો પ્રાપ્ત થશે. ગુજરાતની અસ્મિતાને ઉપસાવી આપતો ગુજરાતી ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ, વિશિષ્ટ વ્યક્તિઓ, સંસ્થાઓ અને ગુજરાતી પ્રજાની તમામ ક્ષેત્રની પ્રવૃત્તિઓની વિગત સમૃદ્ધ રસપૂર્ણ અધિકૃત પરિચય આમાંથી પ્રાપ્ત થશે. તેમ જ નિષ્ણાતો દ્વારા લખાયેલાં સ્વતંત્ર લેખોથી વિશ્વ વિશે અને ભારત વિશે અદ્યતન અને પ્રમાણભૂત માહિતી પ્રાપ્ત થશે.

### *પુસ્તકો કંઈક કહેવા માગે છે*

*પુસ્તકો કંઈક કહેવા માગે છે,*
*તમારી પાસે રહેવા માગે છે.*
*પુસ્તકમાં સુણો પક્ષીની કલબલ,*
*સાંભળો વહેતાં ઝરણાંની કલકલ,*
*નિહાળો લહેરાતાં ખેતરના કણકણ,*
*સંભળાય રૂમઝુમ પરીઓની રણઝણ,*
*જુઓ, જુઓ સારી સૃષ્ટિની હલચલ*
*વિજ્ઞાન કેવા સર્જે ચમત્કાર,*
*કેવડો મોટો પુસ્તકનો સંસાર !*
*છે પુસ્તકમાં પ્રાણ, સરસરતાં વહાણ*
*પુસ્તકની સૃષ્ટિમાં વિહરશો નહીં શું ?*
*આતમને પ્રાણથી ભરશો નહીં શું ?*
*પુસ્તકો કંઈક કહેવા માગે છે*
*તમારી પાસે રહેવાં માગે છે.*

કુમારપાળ દેસાઈ જેવા સફળ અને ચપળ સુકાનીના નેતૃત્વ હેઠળ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજીના અનુભવી પૂર્વીન દેસાઈના કાર્ય સાથે વિશ્વકોશે આ યોજના સાકાર કરવા માટે એક અલાયદી ટીમ બનાવી હતી. એ દ્વારા ગુજરાતી ભાષામાં ૮૩૬૦ માનવવિદ્યાના, ૮૦૮૩ વિજ્ઞાનના, ૭૬૪૦ સમાજવિદ્યાના, ૭૬૪૭ લઘુચરિત્રો તેમ જ ૫૦૬૩ વિસ્તૃત વ્યાપ્તિ લેખો અને ૨૦૪૬ અનુદિત લેખો ગુજરાતની પ્રજાને ઑનલાઈન ઉપલબ્ધ કરાવાય.

નવી પેઢી ડિજિટલ પેઢી છે. તે ઑનલાઈન પેઢી છે. એને બધું પરદા પર જોવાની, વાંચવાની, માણવાની અને શોધવાની ટેવ છે. ગૂગલ સહિત અન્ય સુવિધા છે જ્યાં તમે તમારે જોઈતી હોય તે માહિતી શોધી શકો છો, પણ એમાં ક્યારેક અધિકૃતતાની સમસ્યા થતી હોય છે. ગુજરાત વિશ્વકોશમાં જે માહિતી ઉપલબ્ધ કરાવાઈ છે એ માહિતી એક-બે નહીં, સત્તર ગળણે ગાળીને મૂકવામાં આવી હોય છે. એમાં ખોટી માહિતી, અધૂરી માહિતી, ભળતી માહિતીનું જોખમ રહેતું નથી.

આવું થાય છે ક્યારેક ગૂગલની માહિતીમાં ભૂલ કે ચૂક હોય છે. એ માહિતીનો મહાસાગર છે, પણ એ અધિકૃત સ્રોત નથી. હવે ગુજરાત વિશ્વકોશના તમામ ગ્રંથો ઑનલાઈન ઉપલબ્ધ થયા છે એટલે જેને જરૂર હશે તે અધિકૃત માહિતી મેળવી શકશે. ❖❖❖

## સાહિત્યવૃત્ત

### કવિનો શબ્દ





નીતિન વડગામા

- સાહેબ સાચી સંગત દેજો
  પડછાયાની જેમ અમારી પડખે પળપળ રહેજો
- વાત ક્યાં ક્યારેય પૂરી થાય છે ?
  ને અચાનક સાંજ ઢળતી જાય છે
  આયખાનો અર્થ આરંભાય છે
  ને અચાનક સાંજ ઢળતી જાય છે
- જીવતું એ ઝાડ પણ સાપેક્ષ છે
  ને તૂટેલી ડાળ પણ સાપેક્ષ છે.

**પચીસેક વર્ષોથી કાવ્યસર્જન, કાવ્યાસ્વાદ ને સંત સંનિધિનો અહેસાસ કરાવતા કવિ, સંશોધક, વિવેચક અને સંપાદક શ્રી નીતિન વડગામા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી સાહિત્ય ભવનના રીડર તથા પ્રાધ્યાપક છે. 'અચરજ, 'કોઇ કહેતું નથી' જેવા કાવ્યસંગ્રહની સાથે વિવેચનના ૨૦થી પણ વધુ ગ્રંથોનું પ્રદાન તેમણે કર્યું છે. સંશોધન અને વિવેચનને માટે સાહિત્ય અકાદમીના પારિતોષિકોથી તેમને સન્માનિત કરવામાં આવ્યા છે. તેમની કેટલીક સુંદર રચનાઓ અહીં પ્રસ્તુત છે.** **– સંધ્યા શાહ**

નગર વચ્ચે ઉઘડવાનું મને માફક નથી આવતું
ઉપર છલ્લું મળવાનું મને માફક નથી આવતું

મને ગમતા ગગનમાં ઊડતો રહું છું હંમેશાં
બધે ચાલી નીકળવાનું મને માફક નથી આવતું

કરું છું યુદ્ધ હું તો રાતદિવસ જાતની સાથે
જગત સાથે ઝઘડવાનું મને માફક નથી આવતું

ગમે છે જોડવો નાતો મને સીધા ચઢાણોથી
નિરાળી ઢાળ ઢળવાનું મને માફક નથી આવતું

નમે છે તો નમે છે માથું એક ઠેકાણે
બધાના પગમાં પડવાનું મને માફક નથી આવતું

ભીનપવરણો આવ્યો અવસર, મેઘ-મુબારક !
ભીંજવતો એ બાહર-ભીતર, મેઘ-મુબારક !

છાંટો પડતાં એક સામટા મ્હોરી ઊઠ્યાં,
ડેલી, આંગણ ને આખું ઘર, મેઘ-મુબારક !

કાલ હતાં જે સાવ સૂના ને અવાવરું એ ,
જીવતા થાશે હમણાં પાદર, મેઘ-મુબારક !

નખરાળી નદીયું ઉભરાતી પૂર આવતાં,
અંદર પણ ઊછળતા સમદર, મેઘ-મુબારક !

ગોરંભાતું આભ ઊતરતું આખેઆખું,
છલકાતાં હૈયાનાં સરવર, મેઘ-મુબારક !

જાતમાંથી કંઈક જતું હોય છે
અને, આ બધું ત્યારે લખાતું હોય છે
વહેંચવાને વહાલ આખા વિશ્વને
ટાઢ તડકો ઝાડ ખાતું હોય છે
ફૂટતા એ પાનની ભીનાશથી
પોત ટહુકાનું રચાતું હોય છે
એક વરસાદે બધું ભીનું થતું
ને એક વરસાદે દઝાતું હોય છે
આંખ અંદરની ઉઘાડી હોય તો
ભોમિયા વિના ભમાતુ હોય છે

ગગન ગોખમાં દીવો કરીએ,
નવા વરસમાં

અજવાળાની ફાંટુ ભરીએ,
નવા વરસમાં

તાપ અને સંતાપ,
ઓગળી જાશે સઘળા

ભીનું વાદળ થઈ ઝરમરીએ,
નવા વરસમાં

મારો વિચાર નોખો, તારો વિચાર નોખો
છે આપણા બધાના મનનો પ્રકાર નોખો
કોઈક ઊઘડે છે, કોઈક બંધ થાતું
હરેક આંગણાનો છે આવકાર નોખો
આ ફૂલ છે કે પથ્થર, નક્કી નથી થાતું કંઈ
છે આખરે અહીં તો સહુનો પ્રકાર નોખો
સાથે મળીને સહુએ ઓવારણાં લીધા છે
પાછળ ફરીને પાછા કરતા પ્રહાર નોખો
કંઈ કેટલાય સૂરજ થઈ જાય બુઠ્ઠા
અંદર હજી ઊગે છે અંધકાર નોખો
કોઈ કબીર આવી, ચાદર હજુ વણે છે
કોઈ કરી રહ્યું છે એક એક તાર નોખો

# આપણો શબ્દવૈભવ

ઢગલો : પુંજ, ખડકલો, ઢગ, સમૂહ, પ્રકર, ટીંબો, અંબાર,

તલવાર : સમશેર, ખડગ, તેગ, મ્યાન, ભવાની, અસિની, કુતેગ ખગ્ગ

ભૂલ : અપરાધ,વાંક, ગફલત, કસૂર, તકસીર, ક્ષતિ, ખામી, ચૂક, ગોટાળો, છબરડો, ભ્રાંતિ, સ્ખલન, દોષ, ત્રુટી

ગરીબ : રંક, દીન, કંગાળ, નિર્ધન, દરીન્દ્રતા, પામર, તૃચ્છ, અકિંચન, મુફલિસ, મવાલી, યાચક, માગણ, ભિખારી, અલાદ,

ગરદન : ગળું, ડોક, બોચી, ગ્રીવા, ગળચી, કંધર, શિરોધાર, કંઠ

કાફલો : સંઘ, સમુદાય, વણઝાર, કારવાં, પલટન, ટોળું, વૃંદ, સંઘાત, ગણ, સમૂહ

ધન : મિલકત, દ્રવ્ય, મિરાત, અર્થ, પૈસા, દોલત, વસુ, તેગાર, વિત્ત

ગોપાલ : ભરવાડ, અજપાલ, આભીર, આહીર, રબારી, ગોવાળિયો, વછપાલ

ધૂળ : અટાર, રેતી, રજ, વેળુ, કસ્તર, વાલુકા, સિકતા, ધૂલિ, ખેરો, ખેરંટો, રજોટી, રજકણ, ગીરદ, જેહું, સિલિકા, માટી, મૃતિકા

તફાવત : ભેદ, ફરક, ભિન્ન, જુંદુ, નિરાળું, અસમાનતા, જુજવા, વિવિધ, અલગ, નોખું,

પ્રયોજન : હેતુ, મકસદ, ઉદેશ, ઈરાદો, મતલબ, અભિસંધી, કોશિશ, નિમિત્ત, કારણ

મજાક : ટીખળ, ચાપલૂસી, ખુશામત, મશ્કરી, ચવાઈ, ઠેકડી, હુદડો, ચેષ્ટા

વિજય : જય, ફતેહ, પરિણામ, અંજામ, સફળતા, કામયાબી, સિદ્ધી, નતીજો, ફેંસલો, ફળ, પોબાર, જૈત્ર, જીત

પરાજય : હાર, પરાસ્ત, અપજય, રકાસ, શિકસ્ત, પરાધીન, પરાભૂત, અભિભવ

વંદન : નમન, નમસ્કાર, પ્રણામ, જુહાર, સલામ, તસ્લીમ, પડણ

તન્મય : લીન, મગ્ન, એકાગ્રતા, ઓતપોત, ચકચૂર, તલ્લીન, મસ્ત

તવંગર : શ્રીમંત, ધનવાન, માલદાર, પૈસાદાર, અમીર, આબાદ, ધનિક, માલેતુજાર, ધનાઢ્ય, રઈઝ

ધનુષ : કામઠું, કોદંડ, ગાંડીવ, ચાપ, શાંગ, પણછ, શરધરણી, પ્રત્યંચા, શરાસન, કમાન

પતિ : ધણી, ઈશ્વર, સ્વામી, ભર્તા, રમણ, ખસમ, કંથ, જીવણ, શૌહર, વલ્લભ, નાથ, ભરથાર, વર, પરણ્યો, પ્રાણનાથ

પત્ની : વહું, ધણિયાણી, જીવનસંગિની, બૈરી, પ્રાણેશ્વરી, અર્ધાંગના, સૌભાગ્યવતી, વધૂ, જાયા, શ્રીમતી, વાગ્દત્તા, ગૃહલક્ષ્મી, વલ્લભા,

કાદવ : કંદર્પ, પંક, કાંપ, કીચડ, ક્લષ, ગંદુ, મેલું, જંબાલ, ચગું

વિનાશ : મરણ, ખુવારી, અવસાન, મોત, પરધામ, અક્ષર, નિધન, દેવલોક, મયણું

વિચાર : ધારણા, ઈરાદો, મનસૂબો, તર્ક, મકસદ, કલ્પના, ઉત્પેક્ષા, હેતુ, આશય, ખ્યાલ, મનન, ચિંતન, મત, અભિપ્રાય, અભિગમ, અભિસંધિ

મિત્ર : સહોદર, ભાઈબંધ, રફીક, સખા, દોસ્ત, સહચર, ભેરૂ, રઝાક, સાથી, ભિલ્લુ, ગોઠીયો, સુહદ

દુશ્મન : રિપુ, અમિત્ર, વૈરી, શત્રુ, અરિ

ભક્તિ : ઉપાસના, સ્તુતિ, ઈબાદત, પૂજન, આરાધના, પૂજા, અર્ચના, પ્રાર્થના

ઉત્તમ : શ્રેષ્ઠ, ચુનંદા, પરમ, અપ્રિતમ, અનુપમ, સર્વોત્તમ, અભિજાત, સુંદર, બેનમૂન, ખાનદાન, સરસ, અજોડ, અદ્વિતીય, ઉત્કૃષ્ઠ, વર્ય

વીરતા : બહાદૂરી, શૂરાતન, શૌર્ય, પરાક્રમ, બળ, તાકાત, જોમ, હિંમત, કૌવત, તૌફીક

ઉજવણી : જિયાફત, મહેફિલ,જાફ્ત, મિજલસ, જલસો

ધજા : પતાકા, ધ્વજ, વાવટો, ઝંડો, કેતન, ચિહન

વીજળી : વિદ્યુત, તડિત, વીજ, દામિની, અશનિ, રોહિણી, ઉર્જા, ઐરાવતી

મકાન : નિકેતન, ઘર, સદન, રહેઠાણ, ગૃહ, નિવાસ, આલય, ભવન ગેહ

આજ્ઞા : હુકમ, પરવાનગી, અનુજ્ઞા, મંજુરી, નિર્દેશ, મુક્તિ, ફરમાન, તાકીદ, રજા, આદેશ

આમંત્રણ : દાવત, ઈજન, નોતરૂં, નિમંત્રણ, સંદેશો

વ્યવસ્થા : સંચાલન, તજવીજ, પેરવ, ગોઠવણ, યુક્તિ, બંદોબસ્ત

વિવાહ : લગ્ન, પરિણય, શાદી, પાણીગ્રહણ, વેવિશાળ

પાગલ : ગાંડું, ગમાર, બેવકૂફ, મૂર્ખ, શયદા, ઘેલું, બુડથલ, અણસમજુ, બર્બર, જડભરત, અસંસ્કારી, ઠોઠ, કમઅક્કલ, નાસમજુ

અધિકાર : હક, સત્તા, હકુમત, પાત્રતા, લાયકાત, પદવી

અરીસો : દર્પણ, આયનો, મિરર, આદર્શ, આરસી

સ્વભાવ : પ્રકૃતિ, તાસીર, લક્ષણ, અસર, છાપ

આનંદ : હર્ષ, હરખ, પુલકિત, અશોક, ઉલ્લાસ, આહલાદ, ઉત્સાહ, રંજન, લહેર, પ્રમોદ, લુત્ફ, મોજ, સ્વાદ

લક્ષ્મી : ઇન્દિરા, સિંધુસીતા, સિંધુજા, શ્રી, અંબુજા

સમય : વખત, કાળ, લાગ, અવસર, તક, મોસમ, સંજોગ, નિયતિ

સ્મશાન : અક્ષરધામ, મશાણ, કબ્રસ્તાન

મીઠું : શબરસ, નમક, લુણ, ક્ષાર, લવણ, નમકીન

કોયલ : સારિકા, મેના, કોકિલા, કાદંબરી, બુલબુલ, પરભૃતા

વેદ : નિગમ, ધર્મશાસ્ત્ર, ઉપનિષદ, જ્ઞાન, સમજ, ચૈતન્ય, ચેતના શ્રુતિ

કાવ્ય : પદ્ય, કવિતા, નજમ, કવન

*(વધુ આવતા અંકે...)*

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા –મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે. **સેનિટોરિયમનું ઓનલાઈન બુકિંગ ચાલુ છે. પત્રિકામાં છપાતી જાહેર ખબરની રકમ તથા સંસ્થાને મળતું ડોનેશન હાલમાં online સ્વીકારવામાં આવે છે.**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt પ્રદીપભાઈને મોકલવા વિનંતી.**

લોનાવલા : મિલનભાઈ
9860125136
પંચગીની : નિરવભાઈ
9819012468

માથેરાન તથા સંસ્થાના અન્ય કામ માટે સભાના મેનેજર શ્રી પ્રદીપભાઈ તુરખિયાનો સંપર્ક કરવો. 9867748120

પત્રિકા જાહેરખબર
દેવલાલી : આશાબેન
9819956529

સુરેન્દ્રનગર અતિથિ ભવન
સુરેન્દ્રનગર – કેતનભાઈ શાહ
9099350644 / 9426756100
મુંબઈ – મિલનભાઈ તુરખિયા
9860125136 / 7208472884

**તા. ૪-૧-૨૦૨૧થી સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

**Please Note Office New Mobile No.**

**7208472884 • 7208481791 • 7208472744**

**ઝાલાવાડી સભાના સભ્યોને વિનંતી કે જેમના વડીલ અવસાન પામ્યા હોય તેમની માહિતી ઓફિસમાં જણાવવી. ઘરના અન્ય વ્યક્તિએ નવું સભ્યપદ લેવાનું રહેશે. આપણા સ્થાનિક પ્રતિનિધિઓ પાસે માહિતી હોય તો ઓફિસમાં જણાવી તેમના ઘરના અન્ય વ્યક્તિને નવા મેમ્બર બનવા માટે જણાવવા વિનંતી.**

**મુંબઈ ઑફિસ**

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street,**
**(Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM**

**Please Note Office New Mobile No.**

**7208472884 • 7208481791 • 7208472744**

# સાભાર સ્વીકાર

**ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન**

તા. ૨૧-૧૧-૨૦૨૧ ના રોજ વિનોદચંદ્ર મનસુખલાલ ધોળકિયાના અવસાન નિમિત્તે હ. સુપુત્રો કમલ ધોળકિયા અને અજય ધોળકિયા (હાલ - અમદાવાદ)

પાણી પરબ ફંડ (પરબ ૧૭ X ૩૦૦૦) ૫૧૦૦૦/-

# વેવિશાળ

| | વર પક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **ભવ્ય — રૂચિ**<br>શ્રી દીપકભાઈ બળવંતરાય દોઢીવાળાના સુપુત્ર થાનગઢ નિવાસી (હાલ - અંધેરી) શ્રી મુકેશભાઈ શાંતિલાલ શાહની સુપુત્રી પાટણ નિવાસી (હાલ - અંધેરી) | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **સિદ્ધાર્થ — ચાર્મી**<br>શ્રીમતી ભાવિનીબેન નિલેશભાઈ જયંતીલાલ શાહના સુપુત્રી ધાંગધ્રા નિવાસી (હાલ - અંધેરી) શ્રીમતી મમતાબેન અતુલભાઈ મુગટલાલ વોરાની સુપુત્રી વઢવાણ નિવાસી (હાલ - મલાડ) | ૫૦૦ | ૫૦૦ |
| **જય — નીરાલી**<br>શ્રી મણિલાલભાઈ લાલજીભાઈ છેડાના સુપુત્ર બાયડ-કચ્છ નિવાસી (હાલ-બાન્દ્રા) શ્રી રાકેશભાઈ જયંતીલાલ સંઘવીની સુપુત્રી ધાંગધ્રા નિવાસી (હાલ - દહીંસર) | ૫૦૦ | ૫૦૦ |
| **કૃણાલ — ઝીલ**<br>શ્રી નરેન્દ્રભાઈ ધીરજલાલ સંઘવીના સુપુત્ર લીંબડી નિવાસી (હાલ-બોરીવલી) શ્રી પ્રવીણભાઈ દલીચંદભાઈ શાહની સુપુત્રી ભાવનગર (ખાટડી) નિવાસી (હાલ - બોરીવલી) | ૧૦૦૧ | ૧૦૦૧ |
| **દર્શ — કૃતિ**<br>શ્રી નીપમભાઈ નવીનચંદ્ર અજમેરાના સુપુત્ર વિંછીયા નિવાસી (હાલ - ઘાટકોપર) શ્રી મનોજભાઈ કૃષ્ણગોપાલ હેડાની સુપુત્રી અજમેર નિવાસી (હાલ - ચેમ્બુર) | ૨૫૧ | ૨૫૧ |
| **મનન — વિશ્વા**<br>શ્રીમતી અલકાબેન મુકેશભાઈ રસિકલાલ કુંવરજી દોશીના સુપુત્ર ખારવા નિવાસી (હાલ-મલાડ) શ્રીમતી કાશ્મીરાબેન જીગ્નેશભાઈ વસંતલાલ વસાણીની સુપુત્રી ટિંબી ભાવનગર નિવાસી (હાલ -વલસાડ) | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **ભાવિક — મિરલ**<br>શ્રી સુરેશભાઈ ચંદુલાલ મિસ્ત્રીના સુપુત્ર સુરત નિવાસી (હાલ - ભાયંદર) શ્રી કીર્તિભાઈ મનહરલાલ ડગલીની સુપુત્રી વસ્તડી નિવાસી (હાલ - ભાયંદર) | ૨૫૧ | ૨૫૧ |
| **જય — ભાર્વિ**<br>શ્રીમતી મીતાબેન ભાવેશભાઈ હિંમતલાલ શાહના સુપુત્ર બોટાદ નિવાસી (હાલ -બોરીવલી) શ્રીમતી સરયુબેન પરેશભાઈ હરિલાલ શાહની સુપુત્રી વણછરા વડોદરા નિવાસી (હાલ - બોરીવલી) | ૫૦૧ | ૫૦૧ |

# પ્રભુતામાં પગલાં

| | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **જૈનમ-રિયા**<br>શ્રી શૈલેષભાઈ રમેશચંદ્ર તુરખિયાના સુપુત્ર સુદામડા નિવાસી (હાલ - કાંદિવલી) શ્રી હેમંતભાઈ અંબાલાલ શાહની સુપુત્રી ઘડકણ નિવાસી (હાલ - અંધેરી) | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **કેયુર-કૃતિષા**<br>શ્રી રાજેન્દ્રભાઈ દલીચંદભાઈ પારેખના સુપુત્ર જુનાગઢ નિવાસી (હાલ - અમદાવાદ) શ્રી મિલનભાઈ હસમુખરાય ડેલીવાળાની સુપુત્રી ઝાળીલા નિવાસી (હાલ - બોરીવલી) | ૫૦૧ | ૫૦૧ |
| **ભવ્ય-પલક**<br>શ્રી જશ્મીનભાઈ ચંદુલાલ વોરાના સુપુત્ર ગૌતમગઢ નિવાસી (હાલ - બોરીવલી) શ્રી ઊદયભાઈ છોટાલાલ બારભાયાની સુપુત્રી બોટાદ - પીપરડો નિવાસી (હાલ - ગોરેગાવ) | ૫૦૦ | ૫૦૦ |
| **કુશલ-ડૉ. રિચા**<br>શ્રી ડૉ રાજેશભાઈ કાંતિલાલ પાટડિયાના સુપુત્ર લીંબડી નિવાસી (હાલ - માટુંગા) શ્રી ડૉ રશ્મિનભાઈ ચંદ્રકાંતભાઈ શાહની સુપુત્રી સાયલા નિવાસી (હાલ - ઘાટકોપર) | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **નમન-નિઓશી**<br>શ્રીમતી સોનલબેન કિરીટભાઈ ચુનીલાલ અજમેરાના સુપુત્ર વિંછીયા નિવાસી (હાલ -વર્લી) શ્રીમતી મનિષાબેન સંજયભાઈ જયંતીલાલ શાહની સુપુત્રી બોટાદ નિવાસી (હાલ- ઘાટકોપર) | ૨૧૦૦ | ૨૧૦૦ |
| **કેવલ-વિધિ**<br>શ્રીમતી ભાવીનીબેન જયેશભાઈ વસંતલાલ શાહના સુપુત્ર રામપરા નિવાસી (હાલ -કાંદિવલી) શ્રીમતી હેમાબેન વીરેશભાઈ પ્રભુદાસભાઈ કોઠારીની સુપુત્રી કોઢ નિવાસી (હાલ - મલાડ) | ૧૧૦૧ | ૧૧૦૧ |
| **સૌમીલ-ધ્રુવિ**<br>રશ્મીબેન જયેશભાઈ વોરાના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ - ભાયંદર) શ્રીમતી જિનીતાબેન અસીમભાઈ શાહની સુપુત્રી વેડેન્યા નિવાસી (હાલ - ભાયંદર) | ૫૦૧ | ૫૦૧ |



# ઘરવાપસી

**આશા વીરેન્દ્ર**

**ચા**રેબાજુ પર્વતોથી ઘેરાયેલું કિર્ગીઝસ્તાનનું નાનકડું ગામ. જોકે, નાનું ભલે હોય પણ આજુબાજુનાં પાંચ ગામો વચ્ચે આ એક જ ગામમાં સ્કૂલ હતી. જૈકન આ સ્કૂલમાં બાળકોને ભણાવતો. એની પત્ની જેની એને રોજ કહેતી, 'છોકરાં ભણાવવાની આ નોકરી કરતાં તો તું લડાઈના મોરચે ગયો હતો એ વધારે સારું હતું. આ તો પાંચ કિલોમીટર જવાનું ને પાંચ કિલોમીટર આવવાનું. સવારથી તું જાય તે સાંજે છેક જમવા ટાણે પાછો આવે.'

પત્નીની મજાક કરતાં જૈકન કહેતો, 'મને તો લાગે છે કે, મારી નોકરી સામે તને વાંધો એટલા માટે છે કે તારે વહેલા ઊઠીને મારે માટે ખાવાનું બનાવવું પડે છે.'

'સારું, તારે જે સમજવું હોય તે સમજ.' ખિજાઈને છણકો કરતાં જેની કહેતી.

સખત વરસાદને કારણે પહાડો પરથી ધસમસતું પાણી આવીને સડક તોડી નાખતું. બીજા વિશ્વયુદ્ધ પછી આ છેવાડેના દેશ સામે એટલા બધા પડકારો હતા કે સડક સમારવા જેવું નગણ્ય કામ કોઈના ધ્યાનમાં આવે એમ નહોતું. શાળાના બીજા શિક્ષકો કંઈ બહુ દૂર ન રહેતા તેથી ઘણી વખત જૈકનને પૂછતા, 'આટલે દૂરથી તૂટેલી-ફૂટેલી સડક પરથી આવવામાં તમે બહુ મુશ્કેલી પડતી હશે, નહીં ?'

'હા, પણ હસનચાચા રોજેરોજ સડકનું કામ કરતા જ હોય છે. જે ભાગ તૂટ્યો હોય ત્યાં પથરા નાખે, માટી નાખે ને ખાડા પૂરી દે. એટલે એટલી બધી તકલીફ નથી લાગતી. મને તો નવાઈ લાગે છે કે, આટલી ઉંમરે આ હસન સડકની મરમ્મતનું થકવી નાખતું કામ કરતાં કંટાળતો નહીં હોય ? સવારમાં વહેલો ઊઠીને શાળાનું આંગણું વાળે, ફૂલ-છોડને પાણી પાય ને અહીંનાં બધાં કામ પતાવીને પાછો રસ્તો સમારવા જાય.'

'પાછો આખો દિવસ શાળાનાં નાનાં-મોટાં કામ પતાવીને સાંજ પડ્યે વળી પાછો પાવડો લઈને રસ્તાના કામે લાગ્યો હોય. આટલું બધું કામ એ શી રીતે કરી શકે છે ? આ કામ કરવા માટે કોઈ એને કશું મહેનતાણું પણ નથી આપતું તોય એ શા માટે કર્યા કરતો હશે ? મને તો લાગે છે કે એનું ચસકી ગયું છે.'

બાકી બધાં હો હો કરતાં હસી પડ્યાં પણ જૈકન એમાં સૂર ન પુરાવી શક્યો કેમકે, એણે એ વૃદ્ધ આંખોમાં એક એવી ઉદાસી જોઈ હતી જે એને હસતો રોકી રહી હતી. એણે સ્વગત કહ્યું, આની પાછળ કંઈક કારણ તો હોવું જ જોઈએ. પણ હસનચાચા એટલા અંતર્મુખી છે કે, કંઈ બોલતા જ નથી. હું એમને કહું, 'અસ્સલામ આલેકુમ ચાચા' તો જવાબમાં 'વાલેકુમ અસ્સલામ. જીતે રહો બેટા' એટલું કહીને ચૂપ થઈ જાય.

એક દિવસ અચાનક આ ક્રમમાં ફેરફાર થયો. હસનચાચાએ જૈકનને પૂછ્યું, 'બેટા, ઉતાવળમાં છે ? મારી સાથે વાત કરવાનો થોડો સમય છે તારી પાસે ?' જૈકન આશ્ચર્યથી એમની સામે જોવા લાગ્યો. 'હા, બોલોને ચાચા, શું કહેવું છે ?'

વૃદ્ધની આંખો દૂર દૂર સુધી જતી સડકને જોઈ રહી. પછી ગળું ખોંખારતાં એમણે કહ્યું, 'કદાચ બીજા બધાની માફક તું પણ એમ સમજતો હોઈશ કે, મારી સાઠે બુદ્ધિ નાઠી છે. પણ તું તો નાનપણમાં મારા અલી અને તારિક સાથે રમ્યો છે, ભણ્યો છે એટલે મેં તારી સાથે વાત કરીને મન હળવું કરવાનો વિચાર કર્યો.'

ફાટેલા ખમીસના ખીસામાંથી એણે એક ચોળાયેલો કાગળ કાઢ્યો.

'આ જો, લગભગ બે વર્ષ પહેલાં આવેલો અલીનો આ છેલ્લો પત્ર. એમાં એણે લખ્યું છે કે, હું સલામત છું, મારી ફિકર ન કરશો. યુદ્ધ પૂરું થાય કે તરત હું ગામ આવીશ. મારી શાદી કરવાના તમારા અરમાન પૂરા કરજો.' તદ્દન ઝાંખા પડી ગયેલા અક્ષરો ઉકેલતાં એની આંખોના ખાડા પાણીથી ભરાઈ ગયા.

'અને તારિક ? એ ક્યાં છે ?'

સડક સામે આંગળી ચીંધતા એમણે કહ્યું, 'બેટા, આ જ સડક પરથી પહેલાં અલી અને પછી તારિક યુદ્ધભૂમિ માટે રવાના થયેલા. અલીના પત્રો તો શરૂઆતમાં થોડા થોડા વખતે આવતા, પણ ગયા પછી તારિકના તો બે જ પત્ર આવેલા.'

'એવું કેમ થયું ? તમે તપાસ કરી હતી ?'

'તપાસ તો ખૂબ કરી પણ એક દિવસ સરકારી મહોર સાથેનો પત્ર મળેલો કે તમારા બંને પુત્રો ગુમ થઈ ગયા છે. આ ગુમ થયાનો અર્થ શું, હેં જૈકન ? ગુમ થયેલા લોકો વહેલા-મોડા પોતાના ઘરે તો આવે જ ને ?' જૈકન સમજતો હતો કે યુદ્ધભૂમિ પરથી ગુમ થવાનો અર્થ શું થાય, પણ એક આશાભર્યા બાપને એનાથી કહેવાઈ ગયું, 'હાસ્તો, આવે જ ને ? માણસ તો શું, પાળેલાં પશુ પણ માલિકનું ઘર શોધતાં પાછાં ફરે છે. એક દિવસ એ બેઉ જરૂર આવશે ચાચા.' એના જવાબથી હસનના ચહેરા પર ચમક આવી ગઈ. 'બસ, હું પણ એ જ કહેવા માગું છું. મને સરકારી કાગળો પર જરાય ભરોસો નથી. આવડા મોટા છોકરાઓ ગુમ કેવી રીતે થઈ જાય ? દુનિયાને કોઈ પણ ખૂણે હશે પણ એમને આ બુઢ્ઢો બાપ યાદ આવ્યા વિના નહીં રહે.'

'હા, પણ ચાચા, તમે રોજ આ સડક...' એને બોલતો અટકાવી હસને કહ્યું, 'આ દુનિયામાં કોણ જાણે કેટલીય સડકો હશે પણ એ બંનેને ઘરે પાછા ફરવા માટે તો આ એક જ રસ્તો છે. મારા દીકરાઓ પાછા ફરે ત્યારે એમને ઠોકર ન લાગવી જોઈએ. એટલા માટે હું રોજ આ સમારકામ કર્યા કરું છું.' જૈકન મનોમન બોલ્યો, તમારી વાત સાચી છે હસનચાચા, જગતના તમામ પિતા પોતાનાં સંતાનોને ઠોકર ન લાગી જાય એનું હંમેશાં ધ્યાન રાખતા હોય છે. ચાચા, અલી અને તારિક એક દિવસ જરૂર પાછા ફરે એવી હું પણ પ્રાર્થના કરીશ. પછી પ્રેમથી હસનનો ખરબચડો અને કરચલીવાળો હાથ દબાવતાં એણે કહ્યું, 'ચાલો ચાચા, હું જાઉ.'

# સમાચાર સંકલન

## દેહદાનનો પ્રેરણાદાયી કિસ્સો



ડભોઈમાં રહેતા ઉત્તમભાઈ શાંતિલાલ સલોટના ધર્મપત્ની રમીલાબેનને (ઉ.વ. ૭૦) પોતાના ઘરે બ્રેન સ્ટ્રોક આવતા દાદર ચડતા તેઓ પડી ગયા હતા. સારવાર માટે તેમને ત્યાંની ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. ત્યાં હાર્ટ એટેક આવતા તેમની બચવાની શક્યતા નહિવત થઈ ગઈ.

રમીલાબેનના અંગોનું દાન કરી પરિવારે અન્યોને નવજીવન આપવાનો નિર્ણય કર્યો. ડૉક્ટરો તેમજ સરકારી અધિકારીઓના માર્ગદર્શન હેઠળ તેમના કિડની-લીવર તથા ચક્ષુઓનું દાન કરવામાં આવ્યું. ગ્રીન કોરિડોર મારફતે અંગોને સુરતની હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા. જેના ટ્રાન્સપ્લાન્ટ અને પ્રત્યારોપણ થકી ચારથી પાંચ દર્દીઓને નવજીવન આપવામાં આવ્યું.

જીવનની સાર્થકતાનો આ કિસ્સો ખરેજ હૃદયસ્પર્શી છે.

## ભગવાન તું ક્યાં છે ?



ભક્ત કહે છે ભગવાનને,<br>
જો તું મંદિરમાં હાજર હોય<br>
તો જ તારા મંદિરના દ્વાર ખોલાવજે.<br>
બાકી ખાલી મૂર્તિના દર્શન કરવા<br>
હું હવે ફરીથી નહીં આવું.

ભગવાનનો જવાબ :

મારા પ્રિય ભક્ત,<br>
તને જો દૃઢ ભરોસો હોય કે હું અંદર છું<br>
તો જ તું મંદિરમાં આવજે.<br>
બાકી શંકા સાથે હવે તું દ્વાર ખખડાવતો નહિ.<br>
મંદિર સુધી પહોંચવું એ શરીરનો વિષય છે.<br>
પરંતુ મારા સુધી પહોંચવું<br>
એ તો શ્રદ્ધાનો વિષય છે.

# પવિત્ર પ્રેમ



સ્મિતાએ કીધું આપણે છેલ્લાં ત્રણ વર્ષથી પ્રેમમાં છીયે...પણ લગ્ન વગરની જિંદગીને સંસાર લફરું કહે છે..તેથી આ સબંધને હવે આપણે કાયદેસર સ્વરૂપ આપવા માટે પણ લગ્ન માટે વિચારવું જોઈએ...

તું પણ શહેરની એક મોટી કોર્પોરેટ કંપનીમાં પ્રોડકશન મેનેજર તરીકે ઘણા સમયથી નોકરી કરે છે...પપ્પા-મમ્મીને કહેવામાં હવે મને વાંધો લાગતો નથી..

સ્મિતાના કહેવાથી આજે સ્મિતાના મમ્મી-પપ્પા..લગ્ન પહેલાં અમારા ઘરની મુલાકાત અને મને મળવા માગતા હતા તેથી તેઓ અમારા ઘરે આવ્યા હતા..

સ્મિતાના પપ્પા-મમ્મીની વાંઝણી સલાહોને હું ધ્યાનથી સાંભળતો હતો....

મેં જીવનમાં એક નિયમ બનાવ્યો છે, મને કે મારા પરિવારને વ્યક્તિગત નુકસાન થતું ન હોય ત્યાં સુધી હું સામે પ્રત્યુતર કોઈને આપતો નથી...

સામેની વ્યક્તિને બોલવાનો કે ચાલ રમવા માટે પૂરતો સમય આપું છું. આવી તક આપવાથી જ તમે સામેની વ્યક્તિને ઓળખી શકશો.. એટલે મેં સ્મિતાના પપ્પા-મમ્મીને શાંતિથી સાંભળવાનું ચાલુ રાખ્યું.

વાતચીત દરમ્યાન તેઓ મારા પપ્પા-મમ્મી સામે જોઈ બોલ્યા...તમારા પપ્પા-મમ્મી તમારી સાથે જ રહે છે..?

મેં કીધું ના વડીલ તમે બોલવામાં ભૂલ કરો છો...

હું પપ્પા-મમ્મી સાથે રહું છું, તેઓ મારી સાથે નહિ. મારી એવી કાબેલિયત કે હેસિયત જ નથી કે હું આવું વિચારી શકું.

સ્મિતાના પપ્પા મારી સામે ઝીણી આંખ કરી બોલ્યા.. મતલબ તમે લગ્ન પછી પણ સાથે જ રહેવાના છો..?

મેં કીધું..શરીરમાંથી આત્મા જતો રહે પછી શરીરની કોઈ કિંમત નથી.. તેમ મા બાપ વગરના ઘરની કોઈ કિંમત નથી.

થોડીવાર પછી સ્મિતાના પપ્પા બોલ્યા લગ્ન પછી ઘર નાનું નહિ પડે..?

મેં કીધું ના. મહત્વાકાંક્ષા વધે ત્યારે મહેલ પણ નાના પડે...

મારી જરૂરિયાત પ્રમાણે બે બેડરૂમ પૂરતા છે.

સ્મિતાના પપ્પા-મમ્મી બોલ્યાં... અમે થોડો ટેકો કરિયે ..તો તમે મોટો ફ્લેટ લેવા તૈયાર થશો ?

મેં હસતા હસતા કીધું..

સોરી. હું મારા પગ ઉપર ઊભો છું. મારે કોઈના ટેકાની જરૂર નથી. ટેકો માગવો જ હોય તો મારા મા-બાપ મારી સામે બેઠા છે....એક મા-બાપ જ એવી વ્યક્તિ છે જે પોતાના ઋણનો બદલો કદી પોતાના સંતાન પાસે માગતા નથી...

છૂટાછેડાના કેસમાં પત્ની ભરણપોષણનો દાવો કરે છે પણ મા-બાપને સંતાન જ્યારે તરછોડી દે છે ત્યારે મા-બાપ કદી આવા દાવા ઠોકતા નથી..આ જ પ્રેમની તાકાત છે.

દરિયાની ઊંડાઈ અને મા-બાપના પ્રેમની ઊંચાઈ માપવાનો પ્રયત્ન કરવો ન જોઈએ.

કોઈની સાદાઈ કે ગરીબી જોઈ તેને જરૂરિયાતમંદ સમજવાની ભૂલ પણ કદી કરવી ન જોઈએ.

વડીલ તમારી જાણ ખાતર...

હું એવી સવારી કદી કરતો જ નથી જેની લગામ કે અંકુશ કોઈ બીજી વ્યક્તિના હાથમાં હોય. હું મારી નાની દુનિયામાં વ્યસ્ત અને મસ્ત છું...સ્વમાન એ મારો શ્વાસ છે. કોઈની મદદ મેળવી હું મારો શ્વાસ રૂંધાવવા માગતો નથી.

પપ્પા-મમ્મી મારી સ્વમાન ભરેલ વાતને ગર્વ સાથે સાંભળી રહ્યા હતા.

સ્મિતાના પપ્પા બોલ્યા, સોરી તમને અમારી વાતોથી ખરાબ લાગ્યું હોય તો. બાકી શાંતિથી વિચારીને કહેજો...ઉતાવળ નથી..

મેં હસતા હસતા કીધું. વડીલ વિચાર તો તમારે કરવાનો છે..તમારે સ્વમાની જમાઈ જોવે છે કે ગરજાવ ?

ખોટા નિણર્ય લેતી વખતે વિચારવાનો સમય જોઈએ, સાચા નિર્ણય સમયે નહિ...ભૂખ લાગે ત્યારે...ઉકરડે ભૂંડ મોઢું નાખે સિંહ નહિ...સિંહ ભૂખ્યો હોય તો પણ કોઈનો એઠો શિકાર ખાતો નથી...

સ્મિતાએ આજે મારું સાચું સ્વરૂપ જોયું...તેને હું તેના મમ્મી-પપ્પા સાથે જે રીતે ચર્ચા કરતો હતો એ તેને ગમતું ન હોય તેવું તેનો ચહેરો ચાડી ખાતો હતો. જીવનમાં અમુક સ્પષ્ટતા જો યોગ્ય સમયે નહિ કરીએ તો તેના પરિણામો અયોગ્ય સમયે ભોગવવા તૈયાર રહેવું પડે, તેથી હું આજે સ્પષ્ટ મારા અભિપ્રાય આપી રહ્યો હતો.

આંધળો પ્રેમ વ્યક્તિને નિર્માલ્ય બનાવે. સાચો પ્રેમ વ્યક્તિને સ્વમાની બનતા શીખવાડે. આજે સ્મિતાની કસોટી હતી...તેણે તરફેણ કોની કરવી છે, મારી કે તેના મા-બાપની.

મેં હાથ જોડી સ્મિતાના પપ્પાને કીધું...વડીલ.. ઈચ્છાઓનું પ્રમાણ જરૂરિયાત કરતાં જ્યારે વધી જાય ત્યારે લોભનો જન્મ થાય છે. લોભમાંથી

અપેક્ષાઓનો જન્મ થાય છે અને અપેક્ષાઓ પૂરી ન થાય ત્યારે સામેની વ્યક્તિના દોષ દેખાવા લાગે છે. તેના કરતાં આપણી ઈચ્છાઓ ઉપર લગામ રાખી સ્વમાનથી જીવન જીવવું શું ખોટું છે ?

જેવો છું તેવો તમારી સામે બેઠો છું..હજુ ઘણા ખુલાસા પણ સ્મિતા સાથે કરવાના બાકી છે..તમારે નક્કી કરવાનું છે..તમને મારા ભૂતકાળમાં રસ છે. વર્તમાનમાં કે પછી ભવિષ્યમાં.

બીજે દિવસે રવિવાર હતો. મેં સ્મિતાને કીધું આજે ગામડાના મકાનની મુલાકાત લેવાની ઈચ્છા થઈ છે..સ્મિતા મૂડમાં ન હતી..છતાં મારી સાથે આવવા તૈયાર થઈ. આખા રસ્તામાં કારમાં ટેપ વાગતું રહ્યું પણ તે એક શબ્દ મારી સાથે બોલતી ન હતી. ગઈકાલનો અણગમો હજુ તેના વર્તન ઉપર હતો..કાર ફૂલ સ્પીડે હાઈવે ઉપરથી ગામડા તરફ વળી..કાર ધૂળ ઉડાડતી ઉડાડતી અંદર ...અમારા ગામડાના મકાન પાસે આવી, મેં ઉભી રાખી.

કંપાઉન્ડનો ઝાંપો ખોલી અમે અંદર પ્રવેશ્યા... વિશાળ પ્લોટ અને મકાન જોઈ સ્મિતાના ચહેરા ઉપર ખુશી આવી. અમે ઘર ખોલી અંદર ગયા. મકાનના ટેરેસ ઉપર જઈ સ્મિતાને કીધું. સ્મિતા આ વિશાળ લીલા છમ ખેતરમાં જ્યાં સુધી તારી નજર પહોંચે છે. ત્યાં સુધીના ખેતરની માલિકી અમારી છે.

આ ખેતરનો ફક્ત એક ટુકડો વેચી નાખું તો પણ તારા પપ્પાના ટેકા વગર મોટો ફ્લૅટ હું લઈ શકું તેમ છું...વાત સંતોષ અને સ્વમાનની છે..

થોડી વાર પછી અમે અમારા કંપાઉન્ડના ખૂણામાં દેખાતી ઓરડી તરફ ગયા. ઓરડીનું તાળું ખોલી અંદર ગયા. એક ટેબલ ઉપર બે ફોટા હતા તેને હું પગે લાગી બોલ્યો.... આ મારા મા-બાપ છે...સ્મિતા આશ્ચર્ય સાથે બોલી તો ઘરે બેઠા એ કોણ છે... ?

મેં કીધું એ મારો વર્તમાન છે...

આ ફોટામાં દેખાય છે એ મારો ભૂતકાળ છે અને તું મારું ભવિષ્ય છે...

જો તું મારા ભૂતકાળ અને વર્તમાનને સ્વીકારી શકતી હોય તો આપણે ભવિષ્ય તરફ આગળ વધીએ.. નહિતર એક સારા મિત્ર બની વાતનો પૂર્ણવિરામ અહીં કરીએ.

સ્મિતા બોલી...સમીર જે હોય તે સીધી વાત કર..

અમે ખાટલા ઉપરથી ધૂળ ઉડાવી બેઠા...

મેં કીધું..સ્મિતા સાંભળ

હું જ્યારે માત્ર એક વર્ષનો હતો ત્યારે તને ફોટામાં જે દેખાય છે એ મારા બાપને ખેતરમાં ઝેરી નાગ પગના અંગૂઠે કરડ્યો..મારી..માંએ કંઈ પણ વિચાર્યા વગર પપ્પાના પગના અંગૂઠામાંથી પોતાના મોઢા વડે ઝેર ખેંચવા પ્રયત્ન કર્યો પણ નાગ કોબ્રા જ હોવો જોઈએ. બન્નેનું સ્થળ ઉપર જ પ્રાણ પંખેરૂ ઊડી ગયું..હું ઝાડ સાથે બાંધેલ હીંચકામાં એકલો રડતો રહ્યો પણ પપ્પા-મમ્મી જીવતા હોય તો મારી પાસે આવે ને ?

ગામના લોકો ભેગા થયા...ખેતરના માલિકને જાણ કરી બોલાવ્યા..ખેતરના માલિકે મને હીંચકામાંથી તેડી લીધો...પ્રેમથી ઘરે લઈ ગયા..તેમને કોઈ સંતાન હતું નહીં..કાયદેસર કાર્યવાહી કરી..મને તેમનો સંતાન બનાવ્યો.. સ્મિતા એ વ્યક્તિ કોઈ બીજું નહિ..આપણા ઘરે બેઠેલ દેવ સમકક્ષ વ્યક્તિ છે..જેને હું પપ્પા કહું છું....આ ખેતર આ મકાન પણ તેમની માલિકી નું જ છે જે ગયા વર્ષે જ તેને મારા નામે કરી દીધું છે.. જે વ્યક્તિએ રસ્તા ઉપર પડેલ પથ્થરને મૂર્તિ બનાવવાનું કામ કર્યું છે એ શિલ્પકારની આંગળી છોડાવી હું ભાગુ તેવો નગુણો નથી...

સ્મિતા મારા મા-બાપ તો ખેતમજૂર હતાં....મને પણ આ હકીકત થોડા સમય પહેલાં ખબર પડી..એક દિવસ પપ્પાએ મને બાજુમાં બેસાડી સત્ય હકીકત જણાવી... મને તો મારા મા-બાપનો ચહેરો પણ યાદ ન હતો..

પણ મારી સામે જ ઈશ્વર બેઠા હતા...આજ ના દિવસ સુધી હું પાલકપુત્ર છું તેવો મને એહસાસ નથી કરાવ્યો.

સ્મિતા આપણે ભગવાનને મંદિરમાં શોધીએ છીએ..ભગવાન મંદિરમાં નથી, લોકોના દિલમાં બેઠો છે...આપણી તકલીફના સમયે..સામેની વ્યક્તિમાં કરુણા અને પ્રેમ જાગૃત થાય તો સમજી લ્યો એ વ્યક્તિમાં ઈશ્વરનો પ્રવેશ થયો છે...અને જે વ્યક્તિમાં ઈશ્વરનો પ્રવેશ થાય તે કેટલો પવિત્ર હોય તે તું સમજી શકે છે.

આ મારી દુઃખ ભરી કહાની છે.

સ્મિતાની આંખો ભીની હતી.

મેં કીધું હવે તું તારો નિર્ણય લેવા મુક્ત છે....કદાચ જીવનસાથી ન બનીએ તો દુઃખ નથી પણ આપણે સારા મિત્ર તો જરૂર બનશું.

સ્મિતા બોલી સાચું કહું સમીર તારા ભૂતકાળની તો આજે મને ખબર પડી, પણ પપ્પાએ તારા ઘરેથી આવી મને કીધું હતું....સંસારમાં દહેજ માટે લોભિયા અને સ્વમાન વગરના લોકોની ફોજ મેં જોઈ છે, મેં તો માત્ર ચકાસવા માટે જ ટેકા કે મદદની વાત કરી હતી.

ખરેખર તો તું નહિ અમે પણ નસીબદાર છીએ કે સમીર જેવો જમાઇ અમને મળશે.

સ્મિતા આનંદ સાથે ઊભી થઇ....મારો હાથ પકડી ગાવા લાગી.

**પાર્થિવ**





# અનેરું મામેરુ

**સં**બંધોમાં સારાસારી હોય ત્યારે એક પણ બુરાઈ દેખાય નહિ પરંતુ એકવાર જો સંબંધ બગાડ્યો કે પછી જરા પણ સારપના દેખાય !

શ્રીમતી શીલા દીક્ષિત આટલી મોટી કંપનીના માલિકની પત્ની હોવા છતાંય આજે ખૂબ ઉદાસ હતાં. રહી રહીને એના કાનમાં એક અવાજ આવતો હતો...'' મમ્મી !, મમ્મી ! હું શું કરું ? તું જ કહે !' સોનાની ફ્રેમવાળા ચશ્માંના કાચ લૂછતા લૂછતા આંખો પણ લૂછી.

વાત એવી બની કે એમના પતિ વિનય દીક્ષિત અને એમના વેવાઈ બનેલા એમના મિત્ર એટલે કે પોતાની દીકરી મંદાના સસરા, બંને મિત્રો હતા અને બિઝનેસમાં ભાગીદાર હતા. સામાન્ય રીતે બને છે તેમ ધંધામાં તો ઉતાર-ચઢાવ આવ્યા કરે, અને હા, એવું જ બન્યું.. એક વખત કોઈ કંપની સાથે ડીલ કરવામાં ભૂલ થઈ ગઈ અને એમની ભાગીદારી પેઢીમાં નુકસાન થયું. નુકસાન તો ખાસ એવું નહોતું, પણ બંને ભાગીદારોના મનમાં ગેરસમજની ગાંઠ વળી ગઈ ! મિત્રતા તો તૂટતા તૂટી ! પણ બંને વેવાઈના મન ખાટા થઈ જતાં દીકરીના સંસારમાં પણ ખટાશ આવી ગઈ !

વાહ રે માનવની જાત !, સંબંધોમાં સારાસારી હોય ત્યારે એક પણ બુરાઈ દેખાય નહિ પરંતુ એકવાર જો સંબંધ બગડ્યો કે પછી જરા પણ સારપ ના દેખાય ! બંને કુટુંબ વચ્ચે બોલચાલનો કે આવવા જાવાનો વહેવાર ન રહ્યો ! પુરુષો તો એના અભિમાનમાં અક્કડ રહ્યા ! બન્ને ઘરની સ્ત્રીઓને દુઃખ લાગ્યું પણ સૌથી વધારે દુઃખ તો મંદાને હતું. મંદા અને તેનો પતિ રાજન, બંને વચ્ચે તો પ્રેમ જળવાઈ રહ્યો ! પરંતુ મંદા સાસરિયામાં અપ્રિય થઈ પડી !

પતિના પ્રેમને હિસાબે દીકરી ખૂબ જતું કરતી હતી. સાસરું છોડ્યું છોડાતું નહોતું અને પિયર જવાનો દરવાજો બંધ થઈ ગયો હતો. શરૂ શરૂમાં તો ખૂબ દુઃખ થયું મંદાને, છાની છાની રડી પડતી, પછી ધીમે ધીમે તેને બધું કોઠે પડતું ગયું.'' હશે ! બીજું શું ? જેવું મારું નસીબ એમ માની મનને વાળી લીધું. થોડાક સમય પછી તેના પતિએ આપેલી છૂટ અને સમજણપૂર્વકની ધરપતથી મંદા અનુકૂળ સમય મળ્યે મમ્મી સાથે અને નાનાભાઈ અર્જુનની સાથે વાત કરી લેતી અને પિયરના ખબરઅંતર પૂછી લેતી.

પરંતુ હવે અહીં મંદાના નણંદનો લગ્ન પ્રસંગ હોવાથી ઘરમાં ધમાકેદાર તૈયારી થતી હતી. શહેરના શ્રીમંત કુટુંબોમાં તેમની ગણના થતી હતી એટલે બધા જ પ્રસંગ પણ એવા ઠાઠમાઠથી ઉજવાતા પરંતુ મંદાના પપ્પા સાથે અણબનાવ બન્યા પછી ઘરમાં આ પહેલો જ પ્રસંગ આવ્યો હતો, દૂર-દૂરના અને સગાના સગાને તથા સંબંધીઓને પણ આમંત્રણ આપવામાં આવ્યા પરંતુ જાણી-જોઈને એક ઘર તારવી લેવામાં આવ્યું અને તે એટલે વિનય દીક્ષિતનું ઘર !

તેથી આજે મંદાનો શીલાબહેન ઉપર ફોન... બધી વાત કરતા કરતાં તે રડી પડી હતી. ''ઘણા લોકો લગ્ન સમારંભમાં આવશે... પણ મારા પિયરથી કોઈ આવી નહીં આવી શકે !'' શીલાબેને તેને આશ્વાસન તો આપ્યું પરંતુ તે પોતે પણ અસ્વસ્થ થઈ ગયા !!.

આજે એમને એક વાતનું સત્ય સમજાઈ ગયું કે ધંધો અને ભાગીદારી ક્યારેય દીકરા દીકરીઓના સંબંધોમાં એટલે ખાસ કરીને વેવાઈ-વેવાઈ વચ્ચે કરવી ન જોઈએ. આમ તો કોઈ બહુ મોટી વાત ન હતી પરંતુ મન મોતી ને કાચ તૂટ્યા પછી પછી ...? શિલાબેનને થતું હતું કે નાના અર્જુનને મામેરું કરવા મોકલી દીધો હોત તો સારું હતું. આ વિશે એમણે વિનયભાઈને પૂછ્યું પણ ખરું ! પણ તેમણે અર્જુનને મોકલવાની યે સાફ ના પાડી દીધી. શિલાબેન કઈ સમજાવે પણ...

સ્ત્રીના જીવનની વાસ્તવિકતા છે કે પોતે ગમે તેટલી શક્તિશાળી હોવા છતાં ધણીનો કોઈ ધણી નથી એ ન્યાયે વિનય દીક્ષિતે જ્યારે ફેંસલો સુણાવી દીધો કે ઘર વિશે હું કાંઈ જ સાંભળવા માગતો નથી ! આપણે એમને ત્યાં જવાનું નથી. આમ તો એમની વાત ખોટી પણ ન હતી કારણ કે, આખા શહેરમાં આમંત્રણ માટેની કંકોત્રી વહેંચાઈ હતી, એક એમનું ઘર જ છોડી દેવામાં આવ્યું હતું ! અને વગર આમંત્રણે કેવી રીતે જવું.

શીલાબેન પાસે પણ આનો કોઈ ઉપાય ન હતો ! મંદાએ રડીને પોતાની મમ્મી પાસે હૃદય હળવું કરી લીધું અને પતિના પ્રેમને

લીધે સાસરિયાના પ્રસંગમાં મન પરોવ્યું. દીકરીએ જાતને તૈયાર કરી, સ્વસ્થ બની કે જાણે કંઈ જ બન્યું નથી ! નણંદના લગ્નનો દિવસ નજીક આવતો જતો હતો, ધામધૂમ ચાલતી હતી. મહેમાનોની અવરજવર ચાલતી હતી અને બધાં ખૂબ જ ખુશખુશાલ હતા.

રાજન સારી રીતે જાણતો હતો કે પોતાની પત્ની મંદાએ હોઠ પર સ્મિતનો શણગાર કર્યો છે. પરંતુ તેના દિલમાં આંસુનો દરિયો ભર્યો છે ! રાજન પણ સમજતો હતો કે સમાધાન થયું હોત તો ઘણું સારું હતું ! અને જો એ વાત કરે તો બધાને એમ જ લાગશે કે વિનયભાઈ એના સસરા થાય છે એટલે જ રાજન સમાધાન કરવા ઈચ્છે છે. આમ તો રાજને પોતાની રીતે પ્રયત્નો કરી જોયા હતા પણ કોઈ એવા સંજોગો ઊભા થયા હતા કે બંને ઘર વચ્ચે ગેરસમજની ખાઈ પૂરાતી નહોતી સમજદાર દીકરી, પોતાના પ્રેમાળ પતિને દુ:ખ ન થાય તે માટે પોતાના આંસુ છુપાવી દઈ સ્મિતભર્યા ચહેરે લગ્ન પ્રસંગમાં ફરજ બજાવતી હતી.

ભગવાને સ્ત્રીમાં કેવી શક્તિ આપી છે કે પિયરમાંથી પોતાના મૂળીયા ઉખેડીને જે ઘરમાં સાસરે આવે છે કેવી રીતે પોતાની જાતને ત્યાં રોપી દે છે કે ભવોભવનો સાથ હોય ! પચીસ-પચીસ વર્ષ જે આંગણામાં ઉછરીને આ છોડ હર્યોભર્યો થયો હોય તે સાસરીયે આવીને એવી મજબૂતીથી રીતે રોપાય જાય છે કે તેના ફૂલ, ફળ અને સુગંધ સાસરિયાના કુટુંબ માટે જ વપરાય છે, જાતે પોતે જ પોતાને વપરાવા દે છે ! સમજદાર દીકરી બધું જ સંભાળી લે છે. બધી દેરાણી જેઠાણીના પિયરમાંથી કોઈને કોઈ વ્યક્તિ પ્રસંગમાં હાજરી આપવા આવી પહોંચ્યું છે, બધાનું હસતા મુખે રાજનનો પરિવાર સ્વાગત કરે છે. મંદા પણ આ બધા સાથે ભળી જાય છે.

આજે સવારે મંડપ રોપણની વિધિ ચાલતી હતી અને પછી મામેરા ભરાવાના હતા. ખૂબ જ સરસથી સ્વસ્થતા ધારણ કર્યા પછી પણ મંદાની આંખો છાનેખૂણે છલકી જતી હતી !

મોટેભાગે સ્ત્રી જ સ્ત્રીની દુશ્મન હોય છે. એ ન્યાયે મંદાની દેરાણી અને જેઠાણીઓ મંદાની મજાક ઉડાવતી હતી કે ''બધા કરતાં મંદાનું મામેરું અનેરું હશે !'' ''બધાય નું મામેરું તો ઠીક આપણે તો મંદાનું જ મામેરું જોવું છે !'' ''જોઈએ તો ખરા કે કહેવાતા મોટા બાપા દીકરીને શું આપી શકે છે !'' આવા વેણ સાંભળીને મંદાનું હૈયું ચિરાઈ જતું હતું ! પરંતુ પતિના પ્રેમને કારણે અને પોતાની સમજદારી ને લીધે દીકરી ચૂપ રહી. પ્રસંગમાં પોતાની ફરજ નિભાવ્યે જતી હતી.

આવા કટુવચનો જેમ મંદાએ સાંભળ્યા, તેમ ત્યાં આવેલ એક દંપતીએ પણ સાંભળી લીધા. તે દંપતી એટલે મંદાના પપ્પાની કમ્પનીમાં એકાઉન્ટન્ટનું કામ કરતો અજય અને તેની પત્ની આરતી ! મંદાના પપ્પાનો કારોબાર ખૂબ જ મોટો હતો અને એમની બધી જ લેવડદેવડ હિસાબ, આ અજય સંભાળતો હતો. એ લોકો મંદાના સાસરિયામાં કોઈ સગાના સગા થતા હતા એટલે એમને આમંત્રણ આપવામાં આવ્યું હતું. આરતી અને અજયે મંદા સામે જોયું અને બધી જ વસ્તુસ્થિતિ સમજી ગયા. એમણે એક આયોજન કરી લીધું.

બપોરે જ્યારે મામેરા ભરવાનો સમય થયો ત્યારે કુટુંબની વહુવારૂના આવેલા પિતાજી અને ભાઈ-ભત્રીજાઓને ચાંદલા કરી વધાવવા માટે માંડવા નીચે બોલાવવામાં આવ્યા... ખૂબ જ પ્રયત્ન કરવા છતાંય મંદાની આંખો વારંવાર છલકાઈ જતી હતી ! મોટું કુટુંબ હોવાથી મામેરિયા પણ ઘણા હતા બધી વહુઓના ભાઈઓ અને ભત્રીજાઓને વચ્ચે અજય અને આરતી પણ ગોઠવાઈ ગયા ! મંદાના સાસુએ બધા વહુઓના પિતા અને ભાઈ કે ભત્રીજાઓને માનપાન આપી આગતાસ્વાગતા કરીને પોતપોતાના મામેરિયાઓને વધાવવા માટે બધી વહુઓને બોલાવી.

ત્યારે એક પછી એક વહુઓએ આવીને હસતા મુખે પોતાના પિયરથી આવેલ ભેટ સ્વીકારી અને મામેરું લઈ આવનાર ભાઈ અને ભત્રીજાને ચાંદલા કરી વધાવી ઓવારણાં લઈ અને ખુશખુશાલ થતી હતી. આ વિધિ ચાલતી જ હતી.. પછી બધાને વધાવી લેતાં છેલ્લે અજય અને આરતી માંડવામાં વચ્ચે ઊભા રહ્યાં હતાં... હવે એ જ હતાં છેલ્લા ! ત્યારે મંદાના સાસુએ પૂછયું તમે કેમ ઊભા છો ? તમે પણ, કોઈનું મામેરું લઈ આવ્યા છો કે શું ?

ત્યારે અજયે એકદમ ઠાવકાઈથી જવાબ આપ્યો, ''કદાચ તમે વેવાઈ તરીકે વિનયભાઈ ને આમંત્રણ આપતા ભૂલી ગયા હશો ! ભાગીદાર તરીકે સંબંધ કાપી નાખ્યો હશે ! પણ એક બાપ તરીકે અમારા શેઠ વિનયભાઈ એ દીકરી માટે મામેરું મોકલાવ્યું છે એમ કહી અજયે, આરતી સાથે થોડીવાર પહેલા જ બજારમાં જઈને ખરીદી કરી લાવેલ મામેરું બતાવ્યું.

બધા જોતા જ રહી ગયા.. મંદા માટે સોનાનો સેટ, જમાઈ માટે સોનાની ચેઈન, સાસુ-સસરાની સોનાની વીંટીઓ, અને મંદા માટે જ નહીં પણ મંદાની દેરાણી-જેઠાણી અને નણંદ માટે સાડી-સેલા અને કંઈ કેટલીયે ભેટસોગાદના થાળ ભર્યા હતાં. સાસરિયા તો ફાટી આંખે જોતા જ રહી ગયા !! આટલું મોટું મામેરું ?

જે બધાના આવેલા મામેરા કરતાં ક્યાંય વધારે તો હતું પણ ઉત્તમ કક્ષાનું હતું. એક દીકરીના પિયરની આબરૂ જળવાઈ રહે અને ગૌરવ વધારે એવું હતું..એક અનેરું મામેરું ! જે એક સામાન્ય એકાઉન્ટનું કામ સાંભળતા એમ્પ્લોઈએ નહોતું કર્યું પણ જાણે કે સગાભાઈએ કર્યું ન હોય ! ત્યાં હાજર રહેલા બધા લોકો અજયભાઈની વાત સાંભળી રહ્યા.. કોઈ ના પાડી શક્યું નહિ ! મંદાના સાસુએ મંદાને બોલાવવા કહ્યું. ત્યાં તો મંદા હાજર ન હતી ! મંદાને શોધવા લોકોએ આસપાસ નજર કરી તો એક ખૂણામાં એ આંસુ છુપાવીને કોઈ મહેમાન સાથે વાતો કરતી હતી.

મંદા એ પોતાના નામની બૂમ સાંભળીને પાછળ નજર કરી તો અજય અને આરતી માંડવા વચ્ચે ઊભાં હતાં અને બધા જોઈ રહ્યાં હતાં. સાસુએ એને બોલાવી. છુપાવેલા આસુ ધોધ બની વછૂટયા અને રડતા રડતા પણ હસતા હૃદયે દીકરીએ પોતાનું મામેરું વધાવ્યું અને એક દીકરી પિયરથી આવેલા મુનિમમાં એને અર્જુનથી મોટો ભાઈ દેખાયો ! દીકરીએ તેના પર અંતરના આશીર્વાદ વરસાવ્યાં ! ત્યાં હાજર રહેલા અને બન્ને કુટુંબોને ઓળખતા હોય તેવા કોઈ વડીલે મંદાના સસરાને બોલાવીને સમજાવ્યું કે, ''ગઈ ગુજરી ભૂલી જાઓ'' અને એ લોકોએ મામેરું મોકલાવ્યું છે તો આ નિમિત્તે સમાધાન કરી લો !

સાવ નાની એવી બાબત હોય.. સંબંધો તૂટવાના કારણમાં પણ એ તૂટેલા સંબંધ જોડવા માટે પહેલ કરવામાં હંમેશાં લોકો અચકાતા હોય છે અને ખોટો અહંકાર નડતો હોય છે ! અહીં હવે મંદાના પપ્પાએ પહેલ કરી હોવાનું માની, રાજન અને તેના કાકાની સાથે ખાસ સમજદાર બે વડીલોને કંકોત્રી લઈને મંદાના પપ્પાને ત્યાં મોકલવામાં આવ્યા.

અર્જુન, શીલાબહેન અને વિનયભાઈ પણ આજે ઉદાસ છે કેમકે વેવાઈને ત્યાં જાહોજલાલીથી ઉજવાતા પ્રસંગમાં જગ આંખામાં બધાને આમંત્રણ આપીને આ એક જ ઘર છોડી દેવામાં આવ્યું હતું. વિનયભાઈ ગમે તેમ તોય એક દીકરીના બાપ હતા. પતિ-પત્ની અને અર્જુન પણ કશું બોલ્યા વગર.. ત્રણેય એકબીજાથી પોતાની ઉદાસી છુપાવવા મથતા હતા... અને તેની દીકરીને યાદ આવતાં, મહારાજે રસોઈ બનાવી હોવા છતાં આજે ભૂખ નથી એમ કહી જમવા પણ બેઠા ન હતા !

ત્યાં અચાનક તેમની જ્ઞાતિના વડીલોની સાથે રાજન અને તેના કાકા તેમને ત્યાં આવ્યા અને વિનયભાઈની સામે હાથ જોડીને પ્રસંગમાં હાજરી આપવા વિનંતી કરી. વિનયભાઈ અને શીલાબહેનને આ અચાનક ફેરફાર સમજાતો નથી પણ દીકરીની ખુશી માટે બધાને પ્રેમથી આવકાર્યા, સાથે આવેલા વડીલોની વાત શાંતિથી સાંભળી અને આમંત્રણનો સ્વીકાર કર્યો. પતિ-પત્ની, દીકરાની સાથે વેવાઈને ત્યાં લગ્ન પ્રસંગમાં હાજરી આપવા તૈયાર થઈ ગયા !

બધાએ ખુશખુશાલ થઈ તેમને આવકાર્યા અને મંદા તો ? પોતાનાં મમ્મી-પપ્પાને અને ભાઈને આવેલાં જોઈ હરખાઈ ગઈ અને ભેટી પડી. આંખોથી વહેતો અને અંતરમાં છુપાવેલો આંસુનો દરિયો હરખના હિલોળા લેવા માંડ્યો ! સરસ થી બધો જ પ્રસંગ આટોપાયો ! પાછા ફરતી વખતે વિનયભાઈ અને શીલાબહેનને આ સમાધાન કેવી રીતે થયું ? શું ચમત્કાર થયો ?

તેની સાચી જાણ ત્યારે થઈ, જ્યારે અજયે માફી માગતા જણાવ્યું કે શેઠની પેઢીમાં લાખો કરોડોનો હિસાબ રાખતા અજયે અત્યાર સુધી એક પણ રૂપિયો વિનયભાઈને પૂછ્યા વગર નહોતો' વાપર્યો, એમણે આજે કમ્પનીની રોકડ રકમ પૂછ્યા વગર વાપરીને દીકરીને મામેરાની ખરીદી કરી હતી અને એ માટે એમણે ફરીથી માફી માગી.

પરંતુ વિનયભાઈને સાચી પરિસ્થિતિની જાણ થતાં ખૂબ જ ખુશ થઇ ગયા અને પોતાના એકાઉન્ટન્ટ અજયની મામેરું આપવાની કુનેહભરી સમજણને બિરદાવતા કહ્યું.., તે જે મામેરું આપ્યું એ યોગ્ય જ હતું. આપણા ઘર પ્રમાણે આપણે આપવું જ જોઈએ ને ! અજય તું તો આજે મારે માટે નરસિંહ મહેતાનો શામળિયો બનીને આવ્યો છે !

અર્જુન પણ કહે છે તમારે માફી માગવાની જરૂર નથી પણ હું તમારો કરજદાર છું ! ભાઈ તરીકેની ખરી જવાબદારી નિભાવી છે. હું આજથી તમને મારા મોટા ભાઈ સમાન માનીશ.'' વિનયભાઈએ એના ખભે હાથ મૂકી કહ્યું , '' હા, સાચી વાત છે અર્જુનની ! અજય આજે તે જે કામ કર્યું છે તે કામ ફક્ત કમ્પનીના એકાઉન્ટન્ટનું ન હતું પણ એક ભાઈનું હતું. તું જો મારી દીકરીનો ભાઈ બની શક્યો... તો હું પણ તને મારો દીકરો માનીને આ કમ્પનીનો પાર્ટનર બનાવું છું.

❖❖❖

## મહત્ત્વની સૂચના

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને સેનેટોરિયમ બુકિંગ-ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.





# ચારુબાની ચિંતાનું નિવારણ

**રઘુવીર ચૌધરી**

ચારુબા ગઈ કાલ સુધી તો સંપૂર્ણ સ્વસ્થ હતાં, આમેય સોસાયટીની વયોવૃદ્ધ માતાઓમાં એમનું આરોગ્ય નમૂનારૂપ ગણાતું. એ સ્પર્ધામાં માનતાં ન હોવાથી ભાગ ન લે, નહીં તો સિત્તેર વર્ષના વય-જૂથમાં એ સુવર્ણપદક પ્રાપ્ત કરે. ચારુબાનો મુદ્રાલેખ છે : 'સ્પર્ધા નહીં, સ્નેહ.' સ્પર્ધાથી મેળવેલી જીત ક્ષણજીવી ગણાય. સ્નેહની જીત સ્મરણ બની જાય. એમના સંપર્કમાં આવનારમાંથી જેમને માણસને પરખવાની આવડત છે એમણે કહ્યું છે કે ચારુબાના વ્યક્તિત્વનું મુખ્ય લક્ષણ છે સ્નેહ. સિત્તેર વર્ષની વયે પણ એ સુંદર લાગે છે. એનું કારણ છે એમની આંખોમાં સહુને માટે વરતાતો સ્નેહ. કુટુંબીજનો અને દૂરનાં સગાંવહાલામાં બીજી બાબતે ભલે મતભેદ પડ્યો હોય, ચારુબાના પ્રેમાળ વ્યક્તિત્વ અંગે વ્યાપક સહમતી પ્રવર્તે છે. સદા આવકારવા તત્પર.

ચારુબાના પૌત્ર પરમને યુનિવર્સિટીનો ચંદ્રક મળ્યો ત્યારે એક પત્રકારે એને પૂછેલું: 'તમારો રોલ મૉડલ ?'

પરમે તુરત કહ્યું હતું : 'મારાં દાદીમા - ચારુબા. ચારુબા છે મારો આદર્શ.' પરમે પોતાના અભિપ્રાયના સમર્થનમાં જણાવેલું : 'મારાં દાદી સહુનાં બા છે. એ બહારગામ ગયાં હોય ત્યારે બિલાડી, વાંદરાં, કૂતરાં અને પાણી પીવા આવતાં પક્ષીઓ પણ એમને શોધતાં જણાય છે. એમના આગમનની જાણ પણ એ બધાંથી તુરત થાય છે. અમારા મકાનની આજુબાજુનાં જૂનાં ઝાડનાં ડાળ-પાંદડાં જીવંત બની જાય છે. પક્ષીઓનો કલરવ એમને વીંટળાઈ વળે છે. એમની પાંખોમાં રંગાઈને પ્રકાશ વરંડાના હીંચકા સુધી આવી જાય છે.'

'તમે તો અંગ્રેજી માધ્યમમાં ભણેલા છો, તો પછી આવું સારું ગુજરાતી કેવી રીતે બોલી શકો છો ? ક્યાં શીખેલા ?'

'ચારુબાના ખોળામાં બેસીને.'

પત્રકારે પરમની મુલાકાત છાપવા સાથે ચારુબાનો ફોટો પણ છાપવો હતો, 'ક્યારે આવું ફોટો પાડવા ?' - એણે ચારુબાને ફોન પર પૂછેલું. ચારુબાએ હસતા અવાજમાં કહેલું : પરમમાં મારો ફોટો આવી ગયો. ચા નાસ્તા માટે જરૂર આવજો. તમારે ફોટો છાપવો જ હોય તો એનાં માતાપિતાનો છાપો. એમને ભારે અભરખો હતો : પરમ પહેલો નંબર આવે એનો ! મારે તો એટલું જ જોઈએ કે પરમ સદા પ્રસન્ન રહે. એને મળીને સહુ પ્રસન્ન થાય.'

પરમનાં માતાપિતા સારું કમાય છે. દાદાજી એમનું પેન્શન ચારુબાને સોંપી દે છે. કયા સત્કર્મ પાછળ કેટલી રકમ વાપરવી એનો નિર્ણય પણ ચારુબા કરે. વધેલી રકમ પરમના જન્મદિને એને આપી દે. આ વર્ષે એને સ્કૂટર લાવી આપ્યું છે. અનુસ્નાતક અભ્યાસ કરવાની સાથે વારસાગત ખેતીની દેખરેખ રાખશે. જમીનની કિંમત વધી ગઈ છે. વેચવાની નથી. જમીનના દલાલો એમના પ્રકૃતિપ્રેમનો ઉપહાસ કરે છે. કરોડો રૂપિયા કરતાં એમને પક્ષીઓએ કોચીને નીચે પાડેલાં ફળ વધુ ગમે છે. કહેશે : 'કાચું ફળ તોડાય નહીં, એને ઝાડની ડાળ પર પાકવા દેવું જોઈએ. પાઉડર નાખીને નહીં!'

પરમ કોઈ દલાલ સાથે ચર્ચામાં ઊતરતો નથી. એ માને છે કે કૃત્રિમ ભાવવધારા માટે જમીનના દલાલો જવાબદાર છે.

'અને એક મકાન હોવા છતાં બીજું ખરીદનાર નાગરિકો પણ.' - ચારુબાએ કહેલું.

પરમના મિત્રોના ફોન આવે અને એ નમસ્તે કહે તો ચારુબા એનું નામ પૂછે. બાકી પરમને જાણ કરે : 'તારો ફોન છે બેટા, આપી જાઉં કે-'

પરમ પગથિયાં ઊતરતો દોડી આવે.

એનાં માતાપિતા જાણતાં હતાં કે પરમને પરદેશ મોકલવા અંગે બા સંમત નહીં થાય. દાદાજી પણ જવાબમાં મૌન પાળશે, પણ પરમ અમેરિકાની કોઈ ઉત્તમ યુનિવર્સિટીમાંથી એમ.એસ.પીએચ.ડીની પદવી લઈ આવે તો એની કારકિર્દી બની જાય. ચાર પાંચ યુનિવર્સિટીઓમાં અરજી કરી હતી. પ્રવેશ મળી ગયો છે. વિઝા માટે જવાનું થયું ત્યારે પરમે બાને પગે લાગીને આશીર્વાદ માગ્યા, 'તારે સાચે જ જવું છે બેટા ?'

'વિઝા મળશે એની ક્યાં ખાતરી છે ?'

'તો તું આશીર્વાદ શેના માગે છે ?'

પરમ પકડાઈ ગયો હતો. દાદીમાના આશીર્વાદ હોય તો પછી વિઝા મળવા અંગે શંકા કરાય ખરી ? એ નીચું જોઈને ઊભો હતો. દાદીમાએ એના માથે હાથ મૂક્યો હતો. વિઝા માટે રૂબરૂ મુલાકાતની તારીખ મળતાં પરમનાં માતાપિતા પણ એની સાથે જોડાયાં હતાં.

મુલાકાત લેનાર અધિકારી મહિલા હતાં. પરમની યોગ્યતાની વિગતો વાંચતાં એમણે પૂછ્યું :

'ભણવા જવું છે કે કમાવ ?'

'મેં ભણવા માટે જ દાદીમા પાસે આશીર્વાદ માગ્યા છે.' - સાંભળતાં જ

મહિલાએ પરમની સામે જોયું હતું. પછીના પ્રશ્નોમાં નર્યો સદ્ભાવ હતો. સહુ કહે છે : પરમની આંખો ચારુબાની આંખોની યાદ આપે છે. એની મમ્મીની આંખો તો ગોગલ્સના પડદા પાછળ રહે છે.

પરમ સસ્તી ટિકિટની તપાસ કરતો હતો. 'સસ્તી શા માટે ? વાજબી અને સલામત ઍર લાઈન્સ શોધવી જોઈએ.' - દાદાજીએ કહેલું ચારુબા હજી જાતને ઠસાવી શક્યાં ન હતાં 'તારે સાચે જ જવું છે, બેટા ?'

મૌન. દાદાજી પણ છાપામાં આંખો સંતાડે છે. થોડીવાર પછી કહે છે : 'પરમ બેંગલોર ભણવા જાય કે ન્યૂયૉર્ક, શો ફેર પડે છે ? અને હવે તો લેપટોપમાં વાત કરતાં એકમેકને જોઈ શકાય છે.'

'એ ખરું પણ માથે, બરડે હાથ ફેરવવાનું મન થાય ત્યારે-'

'રડી લેવું. કાલે તો ઊંઘમાં રડતાં હતાં-'

પરમ ટ્રાવેલ કંપની સાથેની વાત અધૂરી મૂકી મૂંગો બેસી રહ્યો. એને પણ પ્રશ્ન થયો હતો : પોતાને ફાવશે ત્યાં ?

ત્યાં એક ફોન આવ્યો હતો. પરમ એના રૂમમાં ગયો હતો. અભિનંદનના ફોન આવે છે. મોટે ભાગે છોકરાઓના હોય છે. કેટલાક સાથે ફેસબુક પર વાત થતી હોય છે.

'હવે પરમ મોટી દુનિયામાં પગ મૂકશે.' - દાદાજી સ્વસ્થ હતા.

'મારી દુનિયા નાની છે ?'

'મારા માટે તો નાની નહોતી પણ તમે ચિંતા ન કરો, એ ભણીને પાછો આવશે.'

'પરણી ગયો હોત તોય મન મનાવત. આ તો એકલો–'

'તો તમે કેમ કન્યા શોધી ન આપી ? તમારી પસંદગીનો એ વિરોધ ન કરત.'

'મને એમ કે સાથે ભણનારમાંથી કોઈક–'

હળવી પળોમાં દાદા-દાદી પરમની ચિંતા ભૂલી ગયાં. દાદાજીના કહેવા મુજબ પરમ પ્રેમ વિશે બોલીને ઈનામ ભલે જીતી લાવે પણ સામે ચાલીને એ કોઈના પ્રેમમાં પડે એવો નથી. સિવાય કે કોઈ એના પ્રેમમાં પડે... પણ પરમ તો જરૂર કરતાંય ઓછું બોલે છે... તોય બધા એને જ ટીમનો આગેવાન બનાવે છે... હા, કદાચ એટલે જ. ઓછું બોલનાર અન્યની વધુ નજીક રહે છે.'

ચારુબા આ ક્ષણે સાંભળતાં હતાં ઓછું. એમને અમેરિકાના ઠંડા ઓરડામાં પૌત્ર એકલો અટૂલો દેખાતો હતો. એને ફક્ત ચા બનાવતાં આવડે છે... એ ખાશે શું ?

ટિકિટ લેવાઈ ગઈ હતી. છેલ્લા દિવસોમાં ઘર મહેમાનોથી છલકાતું ગયું. ઘેર-બહાર પાર્ટીઓ પણ ચાલતી હતી. બહારગામથી પણ ભેટ આવતી હતી. વજન કરી કરીને બેગ ભરાતી ગઈ હતી.

ઍરપોર્ટ પર દાદા-દાદી ન આવે તો ચાલે એવો અભિપ્રાય સહુનો હતો, પણ પરમે ના પાડી ન હતી. એણે પહેરેલું પહેરણ ચારુબા પહેલીવાર જોતાં હતાં. 'ક્યારે ખરીદ્યું ?'

'ભેટ આવેલું છે.' પરમની મમ્મીએ કહેલું. ચારુબાએ પ્રશ્નની ઝલક સાથે નજર કરી હતી. જવાબ નહોતો મળ્યો. 'ખબર હોય તો બોલે ને !' - ચારુબાએ પુત્રવધૂ સામે ઠપકાની નજરે જોયું હતું.

બધાં રાતના ત્રણ વાગ્યા સુધી ઍરપોર્ટ પર રોકાયાં હતાં. પરમ દાદાજીને ભેટીને ખૂબ રડ્યો હતો. સ્વજનો અને મિત્રો વચ્ચે આમ હવે પહેલીવાર રડ્યો હતો. બે ડૂસકાં વચ્ચે બોલ્યો હતો : 'દાદા, બાને સાચવજો...'

દાદા સમજતા હતા : આ ઉદ્ગારમાં આજ સુધી પામેલા વાત્સલ્યનો પડઘો છે. ચારુબા પરમની મમ્મી સાથે બેગ સાચવતાં ઊભાં હતાં. તેથી એમણે પરમને રડતો સાંભળ્યો કે જોયો ન હતો. એમણે પોતે ન રડવાની મક્કમતા ટકાવી રાખી હતી. અગાઉ ભગવાનના દીવા આગળ અને સપનામાં રડી લીધું હતું.

ઘેર આવ્યા પછી એમને એકાએક થાક લાગ્યો. પરમનું સ્કૂટર જોતાં ધ્રાસકો પડ્યો. કેવી કાળજીથી એ ચલાવતો હતો ? હવે ? પાંપણો ભીની થઈ ગઈ.

ફરી સ્કૂટર બાજુ જોવાની હિંમત ન ચાલી. બીજે દિવસે તાવ આવ્યો. શરીર જકડાઈ ગયું.

માની લીધું કે થાકનો તાવ હશે, પણ ત્રીજા દિવસે પણ તાવ ન ઊતર્યો. ખાવાપીવામાં અરુચિ જાગી. ડૉક્ટરે લોહીની તપાસ કરવી. કશી બીમારી નથી. તોય આશરે પડતી દવાઓ આપી. કશી અસર ન થઈ.

પરમ પહોંચી ગયો હતો. એની સાથે ફોન પર વાત કરતાં ચારુબાએ અવાજ પર કાબૂ રાખ્યો હતો. સલાહ આપી હતી : 'ખાવાપીવામાં આળસ ન કરતો.'

પુત્રવધૂએ પૂછ્યું હતું : 'રજા લઉં ?'

જવાબમાં ચારુબા મોં ફેરવી જાય છે. વહુ કહે છે : 'તમે પોતે કશું ખાતાં પીતાં નથી ને પરમને સલાહ આપો છો.'

'એ જવાબદારી તો તારી છે, પણ ત્યારે તો છોકરો પરદેશ ગયો એટલે તારી મહત્ત્વાકાંક્ષા સિદ્ધ થઈ ગઈ. જા તું તારે ઑફિસે. હમણાં તો વાતનો વિષય મળી ગયો છે ને !'

અહીં દાદાજી હસ્તક્ષેપ કરે છે. પુત્રવધૂને ઑફિસે વિદાય કરીને, દવાની ગોળી અને પાણી લઈ આવે છે. સ્થિર ઊભા રહે છે.

ચારુબા માથે ઓઢી લે છે. 'મારે ઘેનમાં પડી રહેવું નથી. જાગીએ તો જ પ્રાર્થના ચાલુ રહે. પ્રભુ સાચવશે પરમને.'

'અત્યારે તો તમને સાચવવાની જરૂર છે..આમ ને આમ પડી રહેશો તો ડૉક્ટરને ઘેર બોલાવવા પડશે.અમે બધા દિવસમાં એક વાર પરમ સાથે લૅપટોપ પર એકમેકને જોઈને વાત કરીએ છીએ. એ વખત તમે ઊઠતાં નથી. તમારી બીમારી છુપાવવા અમારે બહાનાં શોધવાં પડે છે. મને લાગે છે : 'એ પામી ગયો છે. અમે ખોટું બોલવાનું શરૂ કર્યું છે.'

એ પછીના ત્રીજા દિવસે એક કૉલેજ કન્યા બારણે આવી ઊભી રહે છે : 'હું પ્રિયંકા, પરમની મિત્ર છું. એણે મને કામ સોંપ્યું છે. બાના થોડાક ફોટોગ્રાફ મારે એને મોકલવાના છે.'

'ભલે, તમે અંદર તો આવો.' - દાદાજીએ આવકાર આપ્યો.

'કયાં છે બા ?'

'આ રહ્યાં, જરા ઠીક નથી.'

'પરમને એ જ શંકા હતી. બા સાજાં હોય ને વાત કરવાનું ટાળે એ શક્ય નથી.' પ્રિયંકા ચારુબાના પલંગ પર બેસી જાય છે. એમના પગને પાવલે હાથ મૂકે છે. 'તાવ માપો છો કે પ્રણામ કરો છો ?' - દાદાજી હળવેથી પૂછી બેસે છે.

'મારે તો ક્યારનું યે પગે લાગવા આવવું હતું પણ પરમ લાવ્યો જ નહીં. વિજયપદ્મ અમને સહિયારું મળ્યું તે દિવસ પણ કહે : 'હું તારે ત્યાં આવવાની જિદ કરું છું ? કૉલેજનું કૉલેજમાં-

'તારી પાસે સરનામું ન હતું !' ચારુબા બેઠાં થાય છે. - 'એકલી આવી શકી હોત.'

'જુઓ ને આજે પણ એકલી આવી પરમની જેમ હુંય એકલી રહેવા ટેવાયેલી છું. એની જેમ મારેય કોઈ મિત્ર નથી. મને પરમની એકલતા ગમે છે. સ્પર્ધામાં અમે સામસામા પક્ષે હતાં પણ બંનેના ગુણ મળીને કૉલેજને વિજયપદ્મ પ્રાપ્ત થયું.'

'અભિનંદન. પરમને પણ.' - ચારુબાના મોં પર ઘણા દિવસે સુરખી વરતાઈ.

'શેનાં અભિનંદન આપ્યાં ?' દાદાજી જાણી જોઈને ચોખવટ કરવા માગતા લાગ્યા.

'પરમ સામે સ્પર્ધામાં ઊતરનાર પ્રિયંકા એની એકલતાની કદર કરે છે એ જોઈને.'

'પણે તમે તો સ્પર્ધામાં માનતાં નથી. સ્નેહમાં માનો છો ?' દાદાજી મનોમન પૂછતા હોય એમ નજર મેળવે છે.

'સ્પર્ધા પણ ક્યારેક સ્નેહમાં પરિણમે.'- ચારુબા મનોમન જવાબ આપે છે. ઓઢેલી શાલ વાળીને ખભે નાખે છે. પ્રિયંકા ફોટો પાડે છે. દાદાજી પ્રિયંકાને ચારુબા પાસે બેસાડી ફોટો પાડે છે. કહે છે : 'આ એક ફોટો પરમને મોકલશે તોય ચાલશે.'

❖❖❖

## સંબંધ

- સંબંધ બાંધવા એ લોન લેવા જેટલા સહેલા હોય છે. અને સંબંધ નિભાવવા એ હપ્તા ભરવા જેટલા અઘરા હોય છે.
- સંબંધ હોવાથી સંબંધ નથી બનતો, સંબંધ નિભાવવાથી સંબંધ બને છે.
- જે સંબંધોમાં કદર ન થતી હોય ત્યાંથી વળાંક લઈ લેવો કારણ કે જેટલો સમય કરશો એટલા દુઃખી થશો.
- ધનથી નહીં પણ મનથી ધનવાન બનવું, કારણ કે મંદિરમાં ભલે સુવર્ણના કળશ લાગેલા હોય, માથું તો પથ્થરના પગથિયાં પર જ નમાવવું પડે છે.
- ભૂતકાળ અચૂક ભૂલી જજો, પરંતુ એમાંથી મળેલી શિખામણ હંમેશાં યાદ રાખજો.
- સારા માણસોની એક ખરાબ આદત હોય છે, એ સંબંધને તોડતા નથી ઓછા કરી નાખે છે.
- લોકોને મદદ કરવાનો ભાવ રાખજો. કુદરતનો નિયમ છે, જે કૂવામાંથી લોકો પાણી પીતાં હોય છે એ કૂવો કયારેય સુકાતો નથી.
- બદલો લેશો તો તેની ખુશી એકવાર મળશે અને માફ કરશો તો એનું ગર્વ આખી જિંદગી રહેશે.
- દુઃખ ભોગવનાર સમય જતાં સુખી થાય છે, પણ દુઃખ આપનાર કયારેય પણ સુખી ના થઈ શકે.
- જીવનમાં પૈસાની જરૂર દરેક જગા પર નથી પડતી, પણ પુણ્યની જરૂર દરેક જગા પર પડે છે. આપણો પ્રયત્ન કયો ? પૈસા વધારવાનો ? કે પુણ્ય વધારવાનો ?
- ભોળા માણસની હાય અને લાચાર માણસના આંસુ, એ દુનિયાની સૌથી મોંઘી પ્રોડક્ટ છે. એનું બિલ સીધું ઉપર વાળો જ ફાડે છે, બાકી કોઈની તાકાત નથી.
- સંબંધ માપવાના<br>જીવનમાં કોઈ<br>ત્રાજવા નથી હોતા,<br>એ તો તમારું વર્તન જ કહી દે છે....<br>કોણ કેટલું કીમતી છે ?

# ZALAWADI SABHA CHARITABLE FOUNDATION

301, Bayvue, 3rd Fl. East Wing, Dr. M B Velkar Street,
Kolbhat Lane, Kalbadevi, Mumba – 02

**FILL FORM TO BE SEND Whats Up Number : 9819012468 ● Phone: 7208472744**

**શ્રી જવાહર વાડીલાલ વોરા પરિવાર – વિલેપાર્લે – જુહુના સહયોગથી**

## તબીબી સહાય યોજના

હું (મેમ્બરનું પુરૂ નામ) : ____________________

ઝાલાવાડી સભાનો સભ્ય છું. મારો ઝાલાવાડી સભ્ય નંબર ____________________

મારું રહેઠાણ : ____________________

____________________ પિન કોડ : ____________ મોબાઈલ નંબર : ____________

અમોને સભાની ઉપરની યોજના માથી મફત અથવા રાહત દરે જેનેરીક દવા મારા / મારી ધર્મપત્ની / બાળકોને ____________________ ઉમર વર્ષ ____________ માટે દવાની જરૂર છે તો દવાની સહાય આવવા વિનંતી.

| Sr. No. | Disease | Name of Generic Medicine | Qty | Details Dr.' Name & Prescription |
|---|---|---|---|---|
| ૧. | બ્લડ પ્રેશર | | | |
| ૨. | ડાયાબીટીસ | | | |
| ૩. | થાઈરોડ | | | |
| ૪. | હાર્ટ /હૃદયરોગ | | | |
| ૫. | ફેફસા | | | |
| ૬. | કિડની | | | |
| ૭. | આર્થરાઈટીસ | | | |
| ૮. | વિટામીન ડી ૩ | | | |
| | | | | |
| | | | | |

Sign. ____________________ Date: ____________________

**ફક્ત કાર્યાલય માટે**

પ્રતિ, ____________________ , ____________ રકમ ની ઉપર મુજબ ની દવા સભ્ય / દર્દી ની તેમના એડ્રેસ પર કુરિયર થી મોકલવા વિનંતી.

Approved By ____________________ Sign.____________________ Date : ____________

DISCLAIMER

I / WE MEMBER OF ZALAWADI SABHA WILL NOT HELD RESPONSIBLE TO ZALAWADI SABHA / SPONSOR FOR ANY ACTION / REACTION/ INFECTION FORFREE GENERIC MEDICINE RECEIVED BY ME / US UNDER THE SCHEME

# ZALAWADI SABHA CHARITABLE FOUNDATION

**301, BAY VUE BLDG, 3RD FL. EAST WING, DR MB VELKAR STREET,**
**KOLBHAT LANE, KALBADEVI MUM– 02**
**(FILL FORM TO BE SEND WHATS UP : 9819012468 PHONE :7208472744)**

**TABIBI SAHAY YOJNA :-SPONSORED BY**

SHRI JAWAHAR VADILAL VORA PARIVAAR - VILE PARLE - JUHU

I ____________________________________________ A Member of Zalawadi Sabha by

membership no. ____________ residing at ______________________________________

____________________________________________________ pin ____________

my cell no is ________________________

I would like to avail benefit of above scheme, so I required **FREE/CONCESSIONAL GENERIC MEDICINE** for my self /wife /son/daughter & name of the fly member is ______________________________

age _________ For our own use only, so please send me immediately.

| Sr No. | Disease | Name of Generic Medicine | Qty | Details Dr.'s Name & Prescription |
|---|---|---|---|---|
| 1 | BLOOD PRESSURE | | | |
| 2 | DIABETES | | | |
| 3 | THYROID | | | |
| 4 | HEART | | | |
| 5 | LUNGS | | | |
| 6 | KIDNEY | | | |
| 7 | ARTHRITIES | | | |
| 8 | VITAMIN –D3 | | | |
| 9 | | | | |
| 10 | | | | |

Sign ____________________ Dt.________

**For Office Use Only**

To, ________________________________ kindly send Rs. ______________ medicine to above member/ patient as per prescription by courier to their home.

Approved by ____________________________ Sign.____________ Date .____________

Disclaimer

I /we member of zala.sabha will not held responsible to Zala.Sabha /sponsor for any Action/ Reaction/Infection For free generic medicine received by me/us under the scheme.




RISING SUN ELECTRIC

CONTACT :- 7021213467 WEBSITE:- WWW.RISINGSUNELECT.COM

Address :- D2, Vijaykar Wadi, Kumar Compound, Chincholi Phatak, SV Road, Malad (W), Mumbai.

(Advt.)

જૂના અને જાણીતા જૈન વિનુભાઈ લીંબડી વાળાનું પ્રખ્યાત

fssai No. 20719021000775

**કાળા તલનું કચરીયું**

લીંબડી અને સુરેન્દ્રનગરમાં મળશે.

**SINCE 1980**

**શેઠ કિંજલકુમાર વિનુભાઈ**

બાહેલાપરા, ચબુતરા પાસે, લીંબડી.

**Mo. 98670 87354**

**શેઠ કિંજલકુમાર વિનુભાઈ**

દુકાન નં. ૩, ૪ શ્રીજી કોમ્પલેક્ષ, શ્રી ઝાલાવાડ ક્ષત્રિય સમાજ હોલની નીચે, યુરોકીડસ્ સ્કૂલની બાજુમાં, મહાવીર સ્વામી દેરાસરની બાજુમાં, જીનતાન રોડ, સુરેન્દ્રનગર

**Mo. 9892927341**

નોંધ : બહારગામ માટે કુરીયર સર્વિસ મળશે.
ચિક્કી કાળાતલ સફેદતલ, શિંગની પેકીંગમાં મળશે

(Advt.)

Dhimant Shah
+91 90295 21575

Er. Aakash Shah
B.E Automobile, A.D.A.M., C.D.E. (Mercedes Benz)
+91 89766 69545

**AUTO WORLD**®

Complete Car Solutions

**Mobile Van:** Nisarg Heaven CHSL, Pawandham Lane, Mahavir Nagar, Kandivali (W), Mumbai - 67.
+91 93242 06784 / +91 89766 33099

***Now also at Borivali***

**WORKSHOP :** Ahead of BPCL Petrolpump, Now Link Road,I. C. Colony, Borivali (W), Mumbai - 103
+91 9321463225

- CAR REPAIR & SERVICES
- CAR PARTS & ACCESSORIES
- CAR SCANNING
- CAR DIAGNOSTIC CENTER
- INSURANCE & RTO CONSULTANTS
- CASHLESS INSURANCE CLAIMS **
- INTERIOR CLEANING & POLISHING
- CAR A/C. INSTALLATION & REPAIR
- COMPUTERISED KEY MAKING
- TIRE & BATTERIES
- DENTING & PAINTING
- CAR MODIFICATION
- NEW CAR BOOKING
- PRE OWNED CARS
- CAR FINANCE
- TOWING SERVICE AVAILABLE
- FREE PICKUP & DROP SERVICE AVAILABLE

SPECIALIZED IN PREMIUM CAR REPAIRS

Special Discount on labour for Members upto 20%*

customer.autoworld@gmail.com

www.autoworldindia.in

(Advt.)

# RIHEN TALSANIA



## Personal Details

**Date of Birth:** 24 May, 1994 (Mumbai)
**Time:** 5.40 am
**Height:** 5'10" **Weight:** 72 kg
**Caste:** Dashashrimali Sthanakvasi Jain
**Native:** Talsana (Surendranagar)
**Hobbies:** Sports, Movies & Travelling
**Preference:** Jain
**Email id:** rihentalsania15@gmail.com

## Education & Profession

**Education:**
Chartered Accountant (CA)
Bcom (Mithibai College)
**Profession:**
Practicing CA
(Rihen Talsania & Associates)
**Office Address:**
A/304, Om Divya, Near Cinemax,
Kandivali West, Mumbai – 400067.

## Family Background

**Grandparents:**
Late Kantilal Talsania
Dhirajben K. Talsania
**Father:**
Kishor K. Talsania (Business – Chemical)
**Office Address:**
Survey 193, Haribhakti Compound,
Near Pali Village,
Ghodbandar Gaon, Thane.
**Mother:**
Shobhana K. Talsania (Home Maker)
**Elder Sister:**
Juhi Dhwanik Shah (MBA)
Married to CA Dhwanik Shah
**Paternal Uncle:**
Late Navin K. Talsania
Ramesh K. Talsania (9324316200)
Mahendra K. Talsania (9324923577)
**Maternal Uncle:**
(Mama) Arvindbhai C. Sanghavi (Gundiyala) (8401344288)
(Mama) Maheshbhai C. Sanghavi (9377968686)
(Masa) Mahendra Sanghavi (8369186664)

## Contact

Kishor Talsania: 9820340123
Shobhana Talsania: 9167668590

## Residential Address

D/9, 106, Yogi Laxmi Narayan,
Yogi Nagar, Borivali West,
Mumbai – 400092.

(Advt.)

# BIO-DATA



**NAME** : **RONAK KETAN SHAH**

**PERSONAL INFORMATION**

DOB/Time : : 20th November, 1995/12.05 PM
Place : : Godhra (Gujarat)
Height : 5' 11" (178 cm)
Weight : 73 kgs.
Caste : Zalawadi Dasha Shrimali Sthanakwasi Jain
Native : Rajcharadi (Surendranagar)
Contact
Email : ronakshah983@gmail.com
Qualification : B.E. Computer Engineering, 2017
D.J. Sanghvi College of Engineering, Mumbai
Occupation : Associate Software Engineer,
JP Morgan Chase (Mumbai)

**FAMILY DETAILS :**

Address : B/206, Wimla Apartment, Near Malad Gymkhana, Marve Road, Malad(West), Mumbai - 400 064.
Residence No. : 022-28820241
Grandparents : Late Prataprai Jechandbhai Shah
Prabhavati Prataprai Shah
Mobile No.: +91-9833400141
Parents : Ketan Prataprai Shah
Occupation : Diamond Brokerage
Mobile No. : +91-9819146639
Arti Ketan Shah - Home-maker
Mobile No.: +91-9892624035
Paternal Family : Faiba-Fuva
: Binita Vipulbhai Sanghvi, (Mulund,Mumbai) - +91-9323088035
Vimple Jayeshbhai Mehta, (Borivali,Mumbai) - +91-9920176649
Maternal Family : Nana-Nani
: Late Vadilal Balchand Shah (Godhra)
Late Kanchanben Vadilal Shah

(Advt.)

**II Shri Mahaveeraya Namah II**

# BIO-DATA



Name : **CA MANALI TUSHAR MEHTA**
Emaill d : manali_mehta21@yahoo.com
Contact : 9082396899
Date of Birth : 09–05–1995 at 5:22 AM
Birth Place : Borivali West - Mumbai
Height/ Weight : 5' 1" /45 kgs
Religion : Zalawadi Dashashrimali Sthanakvasi Jain
Native place : Botad
Qualification : Chartered Accountant, BCom, MCom
Profession : Associated with Motani & Associates (CA firm)
Personality : Smart, Good Looking
Hobbies : Travelling, Reading

"I am a simple person with right mix of traditional and modern culture. I am a career and a family oriented person looking for someone who is considerate, professionally qualified and can respect & support my career."

**FAMILY DETAILS**

Grandfather : Shri Kantilal Jagjivandas Mehta
Grandmother: Late Shrimati Manjulaben Kantilal Mehta
Father : Tushar Kantilal Mehta (Senior Accountant- Working with Eskay Specialty Chemicals);
Contact : 9920161423
Mother : Beena Tushar Mehta (Housewife); Mob: 9321221956
Brother : Jimit Tushar Mehta (Pursued Computer Engineering, currently at New Jersey pursuing Master's Degree)
Residence : 403, Hemali Co Op Hsg Society Ltd, Navagaon, Dahisar West. Mumbai – 400068.

**PATERNAL DETAILS**

Kaka Kaki : Chetan Kantilal Mehta
Mona Chetan Mehta
Fua Faiba : Jitendra Shah
Priti Shah
Manish Kumar J Shah
Sujata Manish Shah

**MATERNAL DETAILS**

Nana : Late Shri Dhirajlal Manilal Shah
Nani : Late Shrimati Jyotsna Dhirajlal Shah
Masa Masi : Harshad Kantilal Shah
Mayuri Harshad Shah
Bharat Jayantilal Shah
Mita Bharat Shah
Prashant Bhogilal Kothari
Shefali Prashant Kothari
Mama Mami: Hemal Dhirajlal Shah - Minal Hemal Shah

(Advt.)

**ઝાલાવાડી દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

પૃથ્વી પગરણ
૨૬/૪/૧૯૫૩



દેહપરિવર્તન
૧૪/૧૨/૨૦૨૧

# સ્વ. અશોકભાઈ અમીચંદ શાહ

**(પાણશીણા નિવાસી હાલ વડોદરા)**

***થાક ઘણો હતો ચહેરા પર પણ***
***અમારી ખુશી માટે અનહદ પરિશ્રમ કરતા જોયા છે***
***હિંમત ધર્યા વગર એકલા હાથે લડતા જોયા છે***
***ખુશી માટે પોતાના શમણાંઓ ને રોળતા જોયા છે***
***વ્યક્તિ એક હતી પણ વિશેષતાઓ અનેક હતી.***
***પિતા સ્વરૂપે સર્જનહારને જોયા છે.***

**પ્રભુ સદ્‌ગત આત્માને પરમશાંતિ અર્પે એ જ અમારી પ્રાર્થના**

**જન્મદાતા** : સ્વ. અમીચંદ વલ્લભદાસ શાહ
સ્વ. ચંદનબેન અમીચંદ શાહ
**ધર્મપત્ની** : હર્ષાબેન અશોકભાઈ શાહ
**પુત્ર-પુત્રવધૂ** : ગૌરાંગભાઈ અશોકભાઈ શાહ
(૯૯૦૪૧૬૧૦૭૧)
જીગ્ના ગૌરાંગભાઈ શાહ
**દીકરી-જમાઈ** : મિત્તલ મેહુલભાઈ અજમેરા
કેજલ વિશાલભાઈ શાહ
**ભાઈ-ભાભી** : ભૂપેન્દ્રભાઈ અમીચંદ શાહ
સુરેખાબેન ભૂપેન્દ્રભાઈ શાહ
રમેશભાઈ અમીચંદ શાહ
મીનાબેન રમેશભાઈ શાહ
પ્રકાશભાઈ અમીચંદ શાહ
ભાવનાબેન અમીચંદ શાહ
**પૌત્ર** : ક્રીશીવ **પૌત્રી** : શનાયા
**દોહિત્ર** : પલશ, પરમ **દોહિત્રી** : ધ્વનિ, પલક ભાવી

**તથા સમસ્ત સ્વ. અમીચંદ વલ્લભદાસ શાહ પરિવાર**
**પિયરપક્ષ:ભારતીબેન ભોગીલાલ ભીમાણી પરિવાર**
**(અમદાવાદ)**

**R. Amichand & Co. (Mumbai)**
**Pipe & tube Co. (Vadodara)**

(Advt.)



## સ્વાગત : ૨૦૨૨

દુખને પહેરાવી સુખનો પહેરવેશ
આવો, કરીએ નવા વર્ષમાં પ્રવેશ

થોડું હસીશું, થોડું રડીશું
સપનાંઓને સાચા કરીશું
ઈચ્છાઓને ગજવે મૂકી
સંબંધોનો પ્રવાસ કરીશું

આંસુઓને પહેરાવી વરસાદી ગણવેશ
આવો, કરીએ નવા વર્ષમાં પ્રવેશ

ગમતા નામમાં ડૂબકી લગાવી
વહાલની રચીશું પૂરણ પોળી
ચીતરીશું કાગળ પર દરિયા
જળને સૂકવવા બાંધીશું દોરી

વાદળોની હોડીમાં બેસી લગાવીશું રેસ
આવો, કરીએ નવા વર્ષમાં પ્રવેશ

ગુગલ નામનાં નકશા ઉપર
ઉમ્મીદોનું શહેર દોરીશું
તકલીફોમાં ખુદની પાસે
સૌથી પહેલા પહોંચીશું

અરીસા સામે ઊભા રહી ખુદને કરીશું ફેસ
આવો, કરીએ નવા વર્ષમાં પ્રવેશ

# BIO-DATA



## PRIYANK KAMLESH SHAH

Email : priyankshh1@gmail.com

Father :
**Kamlesh Shah (Dodhiwala) - 9819245467**
**Hemant Opticians -02225123309**

Mother :
**Hetal Shah - 9867645467**

Residential Address:
**1004, Nalanda, Neelkanth Kingdom,**
**Vidyavihar West, Mumbai - 400086, India.**

Name : **PRIYANK KAMLESH SHAH**
DOB : **26th September 1995**
Time of birth : **12:20 PM**
Place of birth : **Ghatkopar, MUMBAI**
Height : **5'8"**
Weight : **80 kgs**

Qualification :
**Masters in Computer Science**
**at University of Texas at Dallas, USA**
**B Tech – Somaiya College, Mumbai**

Work Profile :
**Currently working at Amazon as a**
**Software Development Engineer**

Visa Status : **H1B**

Current Location : **Seattle, Washington, USA.**

Hobbies:
**Exploring destinations, watching sports, board games**

Religion : **Zalawadi Dasha Shrimali Sthanakwasi Jain**

Native Place : **Thangadh, District: Surendranagar**

PATERNAL :
**Dada :** Late Vinodchandra K. Shah
**Dadi :** Jayshree Shah
**Kaka :** Hemant Shah (Kamlesh Opticians) – 9930499882
**Faiba :** Swati Bharat Kamdar - 9324473784

MATERNAL :
**Nana :** Mahendra Himatlal Shah - 8850693464
**Nani :** Sushila Shah –9004212404
**Mama :** Bhavin Shah -9821148518
**Masi :** Forum Mehul Doshi - 9920889711

Advt.




# સ્વ. શ્રી ભોગીલાલ સુખલાલ શ્રોફ
# સ્વ. શ્રીમતી મંજુલાબેન ભોગીલાલ શ્રોફ

**મૂળવતન : લીમડી હાલ, અંધેરી (મુંબઈ)**



સ્વ. શ્રી હસમુખ ભોગીલાલ શ્રોફ



સ્વ. શ્રી ભરત ભોગીલાલ શ્રોફ



સ્વ. નલીનીબેન ભોગીલાલ શ્રોફ

**આ દિવંગત આત્માઓને અમારા શ્રોફ પરિવારનાં શત્ શત્ નમન અને શ્રદ્ધા સુમન અર્પણ.**

**એજ આપ સર્વેને હૃદયસ્થ રાખતો સ્વ. શ્રી. ભોગીલાલ સુખલાલ શ્રોફ પરિવાર**

Advt.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ
૧૩.૦૧.૧૯૪૪

અરિહંતશરણ
૧૭-૧૨-૨૦૨૧

નાગનેશ નિવાસી – હાલ ઘાટકોપર મુંબઈ

## સ્વ. ઉષાબેન જયસુખલાલ શાહ

વાત્સલ્ય મૂર્તિસમા જન્મદાતા, જીવનદાતા, સંસ્કારદાતા ને ધર્મદાતા
જેના ઉપકાર છે અગણિત એવા અમારા પૂ. માતુશ્રી

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેમની શક્તિ હતી,
પરિશ્રમ એમનું કર્તવ્ય હતું, પરમાર્થ જેમની ભક્તિ હતી;
ધર્મ કદી એ ભૂલ્યા નહીં, વ્યવહાર કદી એ ચૂક્યા નહી

પરિવાર માટે સ્નેહ આત્મીયતાના ફૂલો પાથરી ગયા
સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા

પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્યઆત્માને ચિરશાંતિ આપે અને
જૈનધર્મનું શરણું પ્રાપ્ત કરી ભવાંતરે મોક્ષ પામે એજ પ્રાર્થના

### શોકાતુર સ્નેહીસ્વજન

| | |
|---|---|
| પતિ | : સ્વ. જયસુખલાલ વાડીલાલ શાહ |
| પુત્ર-પુત્રવધૂઓ | : ચેતન - શિલ્પા વિપુલ - શ્વેતા |
| પૌત્ર-પૌત્રીઓ | : રાચી, આદિત, રાશી, હેતવી |
| દિયર-દેરાણી | : સ્વ. મહેન્દ્રભાઈ તથા દેવિકાબેન |
| ભાણેજ | : રક્ષાબેન ભરતભાઈ દોશી |
| પિયરપક્ષે | : સ્વ. કેશવલાલ મણીલાલ શાહ - વઢવાણ (બાપુ) |
| ભાઈ-બહેન | : રમેશભાઈ, અશોકભાઈ, નીતાબેન |
| વેવાઈ | : જશવંતરાય દામોદરદાસ સંઘરાજકા અને જયંતિલાલ ગુલાબચંદ સંઘવી |

Advt.

ભાવભરી શ્રદ્ધાંજલિ

## શ્રી ઝાલાવાડી વિશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન
## પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

જન્મ
તા. ૦૫.૦૮.૧૯૪૬



અરિહંતશરણ
તા. ૦૬-૧૨-૨૦૨૧

# સ્વ. નગીનદાસ હીરાલાલ શાહ

**શેખપર નિવાસી, હાલ કાંદિવલી**

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ,
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ,
આપનું સાદગીભર્યું જીવન, માયાળુ લાગણીશીલ સ્વભાવ,
નિઃસ્વાર્થ પ્રેમ, સદા હસતો ચેહરો, કુટુંબ પ્રત્યેનો પ્રેમ,
સમાજ પ્રત્યેની સેવા, ધર્મ પ્રત્યેની શ્રદ્ધા, સદાય અમને પ્રેરણા આપતા રહેશે
એવા દિવ્ય આત્માને શત્ શત્ નમન...

## શોકાતુર સ્વજનો

માતુશ્રી : સ્વ. લલીતાબેન હીરાલાલ શાહ
ધર્મપત્ની : જ્યોત્સનાબેન નગીનદાસ શાહ

**પુત્ર**
વિશાલ નગીનદાસ શાહ

**દિકરી - જમાઈ**
વૈશાલી નિરવકુમાર શાહ
નિરવકુમાર કિર્તિભાઈ શાહ
દોહિત્ર : કેવિન નિરવ શાહ

**ભાઈ-ભાભી**
પ્રદીપભાઈ - હર્ષાબેન
જીતેન્દ્રભાઈ - કલ્પનાબેન
જયેશભાઈ - રીટાબેન
અતુલભાઈ - રૂપાબેન
સ્વ. સંજયભાઈ - દિનાબેન
અલ્પેશભાઈ - પન્નાબેન

**બેન - બનેવી**
રમીલાબેન શશિકાંત હકાણી
અનિલાબેન દિલિપકુમાર દોશી

**સાસુ - સસરા**
સ્વ. સમજુબેન જગજીવનદાસ સંઘવી
સ્વ. જગજીવનદાસ હિરાચંદ સંઘવી

**સમસ્ત શાહ અને સંઘવી પરિવારના જય જીનેન્દ્ર**


## અમી આશિર્વાદ


અજરામર સંપ્રદાય : પુ. ગુરુ ભાવમુનિ મહારાજસાહેબ


Advt.


# અલવિદા ૨૦૨૧































# વીતેલા વર્ષની ઝલક

To,

Registered with register of Newspaper under RNI No. 6489/57, Postal Registration No. MCS/046/2021-23. WPP Licence No. MR/Tech/WPP - 341/South/2021-23 Published on 5th of every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.

# નિવાપાંજલિ



સમજુબેન અને ચીમનભાઈ (લીંબડી) ના દિકરી

## શ્રીમતી લીલાવંતીબેન કાંતિલાલ શાહ

(૦૫.૧૨.૧૯૨૭ - ૧૪.૧૨.૨૦૨૧)

રૂંવે રૂંવે ધર્મપરાયણ હોવાથી તમે ધર્મને આત્મસાત કર્યો અને ધર્મે ચીતરેલા માર્ગ પર અવિચળ રહી તમે જીવનપથ કાપી, ચાર પેઢીઓના વ્હાલ અને સંસ્કારોથી અમને સૌને તરબતર કર્યા.

આવા અમારા 'બા' ની વિદાય વસમી બને એ સ્વાભાવિક છે. પ્રાતઃ સ્મરણીય કાકા અને તમારૂં સાત દાયકાનું પ્રસન્ન દાંપત્ય અમારા સહુ માટે સિમાચિન્હ બની ગયું છે.

આપનો દિવ્ય આત્મા વીતરાગી દેવ-ગુરુ-ધર્મનું શરણ પામી શાશ્વત સુખ મેળવે એવી અમારી ભાવના છે.

---

: પ્રેમાળ સ્મૃતિમાં :

પતિ : સ્વ. કાંતિલાલ ઉજમશી શાહ

પુત્ર-પુત્રવધુ : અતુલ - ગીતા, પંકજ - દિવ્યા ● પુત્રી-જમાઈ : શૈલા - દિલીપ, સ્વ. નૈના - ચંદ્રવદન

પૌત્ર-પૌત્રી : ચિંતન - નીશલી, અંકિતા - ધવલ, વિરાજ - નીપા, અર્પિતા - પ્રતિક, નેન્સી - હિતેશ, પલક - પ્રાચી, પારસ - મોનલ, જીલ - પ્રિયાંક ● પ્રપૌત્રી-પ્રપૌત્ર : નાયશા, હિશાન

---

શ્રી ઉજમશી કચરાભાઈ શાહ પરિવારના જયજિનેન્દ્ર

---

• **H. Kantilal & Co.**-Sakinaka •

Advt.

Printed & Published by Pravinchandra G. Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 47, Dr. M. B. Velkar Street, 1st Floor,Mumbai - 400 002. Printed at : RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Mobile : 98675 40524. Editor : Sandhya B. Shah